પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૧-૩-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

દુનિયામાં સૌથી મુશ્કેલ કામ,
કામથી કામ રાખવું એ છે...

ન્યુ રીનોવેટેડ A/c. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

હિન્દી-ચીની ભાઈ-ભાઈ!!!

# ૬ વર્ષ પછી લીપુલેખ વિસ્તારમાંથી ભારત-ચીન વેપાર કરશે

## સરહદી તણાવની સ્થિતિ વચ્ચે વેપાર માટે વિદેશ મંત્રાલયની મંજૂરીઃ જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલશે ટ્રેડ સેશન

**અબતક, નવી દિલ્હી**

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આવેલા લિપુલેખ પાસ દ્વારા ભારત અને ચીન વચ્ચેનો સરહદી વેપાર છ વર્ષના લાંબા વિરામ બાદ આ વર્ષે ફરી શરૂ થવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારના નિર્દેશો બાદ જિલ્લા પ્રશાસને આગામી જૂનથી સપ્ટેમ્બર મહિના વચ્ચે ચાલનારા આ વેપાર સત્ર માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિદેશ મંત્રાલય દ્વારા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા બાદ આ વેપાર માર્ગ ફરી ખુલવાનો રસ્તો સાફ થયો છે.



જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ ભટગાઈએ જણાવ્યું હતું કે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ઉત્તરાખંડના મુખ્ય સચિવ આનંદ વર્ધનને પત્ર લખીને હિમાલયન પાસ દ્વારા વેપાર પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે. આ પત્રમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ગૃહ મંત્રાલય તેમજ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જરૂરી મંજૂરીઓ આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૨૬ની ટ્રેડ સીઝન માટે તમામ વિભાગોને સંકલન સાધીને સંપૂર્ણ તૈયારીઓ કરવા સૂચનાઓ આપી દેવાઈ છે અને બંને પક્ષો વચ્ચે બહેતર સંકલન માટે સ્થાનિક અધિકારીઓની વિગતો ચીની અધિકારીઓ સાથે પણ શેર કરવામાં આવશે.

આ સરહદી વેપારને સુચારુ રૂપથી ચલાવવા માટે વેપાર પાસ આપતી સત્તામંડળો, કરન્સી એક્સચેન્જ સંભાળતી બેંકો, કસ્ટમ વિભાગ અને ધારચુલા વહીવટીતંત્રને એક વ્યાપક એક્શન પ્લાન તૈયાર કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. આ પ્લાનમાં ટ્રાન્ઝિટ કેમ્પ, સંચાર સુવિધાઓ, બેંકિંગ સેવાઓ, સુરક્ષા વ્યવસ્થા અને વેપારીઓ માટે તબીબી સહાય જેવી તમામ જરૂરી વ્યવસ્થાઓનો સમાવેશ કરવામાં આવશે જેથી વેપારીઓને ટ્રેડ સેશન દરમિયાન કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

નોંધનીય છે કે તિબેટ સાથે લિપુલેખ માર્ગે થતો આ વેપાર અગાઉ લાંબા સમય સુધી બંધ રહ્યા બાદ ૧૯૯૨માં ફરી શરૂ થયો હતો, પરંતુ ૨૦૧૯માં કોવિડ-૧૯ મહામારીના કારણે તેને અટકાવી દેવામાં આવ્યો હતો. પિથોરાગઢમાં સીમાંત વ્યાપાર સંગઠનના પ્રમુખ જીવન સિંહ રોંકલીએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે આ માર્ગ ફરી ખૂલવાથી વેપારીઓને મોટો ફાયદો થશે. ૨૦૧૯માં વેપાર બંધ થયો ત્યારથી તિબેટના તાકલાકોટના ગોડાઉનમાં ફસાયેલો તેમનો માલસામાન હવે પરત લાવી શકાશે.

ભારત-ચીન બોર્ડર ટ્રેડ શરૂ કરવા (અનુ. આઠમા પાને)

આવકજાવક ટ્રેનમાં, પ્રવાસ કન્ફોર્મ
બ્રેકફાસ્ટ-લંચ-ડીનર-હોટેલ
Dt.May 5,12,19,26
કાશ્મીર
શ્રીનગર-વૈષ્ણોદેવી
ગુલમર્ગ-સોનમર્ગ
દિ:૧૧ 22,500/-
દિ:૧૬ કાશ્મીર સાથે મનાલી 36,000/-
સિમલા મનાલી
ડેલ્હાઉસી,ખજીયાર
અમૃતસર,વાઘાબોર્ડર
દિ:૧૧ 22,500/-
વૃંદાવન યાત્રા સંઘ M: 98983 50096



ડી.એચ. કોલેજ પાસે, ડો.યાજ્ઞિક રોડ, રાજકોટ.
સાથે જ: સીજી રોડ, અમદાવાદ | સૅટેલાઇટ રોડ, અમદાવાદ | વડોદરા | સુરત | વાપી | ભાવનગર
09562 916 916 | BUY ONLINE AT: malabargoldanddiamonds.com | 14 દેશોમાં 425 થી વધુ શોરૂમ્સ




અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે






કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- યુનિટી પ્લસ, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 • શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

# એક તરફી પ્રેમીની જેમ યુદ્ધ જીતી ગયાનો ટ્રમ્પનો દાવો

## ટ્રમ્પે ઈરાન યુદ્ધ 'સમેટી લેવા'ના સંકેત આપ્યા, પરંતુ સીઝફાયરનો ઈનકાર કર્યો

### અમેરિકા અને યુરોપના લશ્કરી થાણા પર મિસાઈલ મારો કરતું ઈરાન

ઈરાને તાજેતરમાં હિંદ મહાસાગરમાં આવેલા અમેરિકા અને બ્રિટનના અત્યંત સુરક્ષિત ગણાતા 'ડિએગો ગાર્સિયા' લશ્કરી બેઝ પર બે બેલેસ્ટિક મિસાઈલો છોડીને દુનિયાને ચોંકાવી દીધી છે. આ હુમલો દર્શાવે છે કે ઈરાન પાસે હવે ૪,૦૦૦ કિલોમીટરથી વધુ દૂર પ્રહાર કરવાની ક્ષમતા છે, જે યુરોપિયન દેશો અને અમેરિકી હિતો માટે મોટો ખતરો છે. પેન્ટાગોનના અહેવાલ મુજબ, એક મિસાઈલને હવામાં જ તોડી પાડવામાં આવી હતી, જ્યારે બીજી મિસાઈલ લક્ષ્ય ચૂકી ગઈ હતી.

માત્ર અમેરિકા જ નહીં, પરંતુ ઈરાને તેના સાથી સંગઠન હિઝબુલ્લાહ દ્વારા લેબનોન સરહદેથી ઈઝરાયેલ પર હજારો રોકેટ છોડ્યા છે. ઈઝરાયેલ દ્વારા લેબનોન અને સીરિયામાં કરવામાં આવતી એરસ્ટ્રાઈકના જવાબમાં ઈરાને તેની મિસાઈલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈઝરાયેલના સંરક્ષણ કવચ 'આયર્ન ડોમ'ને પડકાર ફેંક્યો છે. બીજી તરફ, ઈરાનના સેનાપતિઓએ ચેતવણી આપી છે કે જો યુરોપિયન દેશો અમેરિકાને સાથ આપવાનું ચાલુ રાખશે, તો તેમના દૂતાવાસો અને લશ્કરી મથકો પણ સુરક્ષિત રહેશે નહીં.

**અબતક, રાજકોટ**


મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ કોઈ 'એક તરફી પ્રેમી' જેવું જોવા મળી રહ્યું છે. એક તરફ તેઓ ઈરાન સાથેના યુદ્ધને સમેટી લેવાની વાતો કરી રહ્યા છે, તો બીજી તરફ સામા પક્ષની સંમતિ વગર જ પોતે 'યુદ્ધ જીતી ગયા' હોવાનો એકતરફી દાવો કરી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, ટ્રમ્પ યુદ્ધ રોકવા માંગે છે પણ તેઓ વિધિવત 'સીઝફાયર' (યુદ્ધવિરામ)ના દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવા તૈયાર નથી.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે અમેરિકા તેના સૈન્ય લક્ષ્યો પ્રાપ્ત કરવાની ખૂબ જ નજીક છે. તેમણે પત્રકારોને રોકડું પરખાવતા કહ્યું કે, ''મને લાગે છે કે અમે જીતી ગયા છીએ. જ્યારે તમે સામેવાળા પક્ષને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરી રહ્યા હોવ, ત્યારે સીઝફાયર કરવાની કોઈ જરૂર રહેતી નથી.'' ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન હજુ પણ નમતું જોખવા તૈયાર નથી અને વળતા પ્રહારો કરી રહ્યું છે.

ઈરાનનો વળતો પ્રહાર ''દુશ્મન બઘવાઈ ગયો છે''

બીજી તરફ, ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈએ નવરોઝ (પારસી નવું વર્ષ) ના અવસરે આપેલા સંદેશમાં ટ્રમ્પના દાવાઓને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે ઈરાને દુશ્મનને એવો 'ચકરાવે ચડાવી દે તેવો ફટકો' માર્યો છે કે હવે અમેરિકી નેતૃત્વ વિરોધાભાસી અને અર્થહીન વાતો કરી રહ્યું છે. તેહરાનમાં હજુ પણ વિસ્ફોટોના અવાજો સંભળાઈ રહ્યા છે, જે દર્શાવે છે કે જમીની હકીકત ટ્રમ્પના દાવા કરતા અલગ છે.

આ એકતરફી દાવાઓ વચ્ચે વિશ્વના અન્ય દેશો ભારે કિંમત ચૂકવી રહ્યા છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધોને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ૩.૩ ટકાનો નો ઉછાળો આવ્યો છે અને તે ૧૧૨.૧૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. વોલ સ્ટ્રીટ પર રોકાણકારોમાં ફાળ પડી છે અને શેરબજારના તમામ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા છે.



ટ્રમ્પે એવી પણ ધમકી આપી છે કે જો ઈરાન હોર્મુઝનો રસ્તો ખુલ્લો નહીં કરે, તો અમેરિકા ઈરાનના મુખ્ય તેલ હબ 'ખાર્ગ આઈલેન્ડ' પર કબજો મેળવી શકે છે અથવા તેની નાકેબંધી કરી શકે છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ અમેરિકી ગ્રાઉન્ડ ટ્રૂપ્સ (પાયદળ) મોકલવા માંગતા નથી, પરંતુ ૨,૫૦૦ વધારાના મરીન સૈનિકો વિસ્તારમાં મોકલી દેવામાં આવ્યા છે. અંતે, ટ્રમ્પ ભલે પોતાની જીતના નગારા વગાડતા હોય, પરંતુ સીઝફાયરના અભાવે અને ઈરાનના અડગ વલણને કારણે આ યુદ્ધ ક્યારે શાંત થશે તે અંગે હજુ પણ અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

### હોર્મુઝ અમારો માર્ગ નથી, હવે જે વાપરે તે જ રક્ષણ કરે ટ્રમ્પ થાક્યા

ટ્રમ્પે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અમેરિકા હવે ઈરાન વિરુદ્ધના યુદ્ધને 'ધીમે-ધીમે સમાપ્ત' કરવાની તૈયારીમાં છે. જોકે, આ દરમિયાન તેમણે વિશ્વના અન્ય દેશો અને ખાસ કરીને નાટો (સાથી દેશો પર આકરી ટીકા કરી છે.

ટ્રમ્પે પત્રકારો અને સોશિયલ મીડિયા પર ભારપૂર્વક જણાવ્યું કે, ''સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (હોર્મુઝની સામુદ્રધુની) માંથી અમેરિકાનો માલ પસાર થતો નથી. અમે હવે ઉર્જા ક્ષેત્રે સ્વનિર્ભર છીએ.'' તેમણે તર્ક આપ્યો કે ચીન, જાપાન અને યુરોપિયન દેશો આ માર્ગનો સૌથી વધુ ઉપયોગ કરે છે, તેથી ત્યાં પેટ્રોલિંગ અને સુરક્ષાની જવાબદારી પણ હવે તેમણે જ ઉઠાવવી જોઈએ.ટ્રમ્પે સાથી દેશોની નિષ્ક્રિયતા પર ગુસ્સો ઠાલવતા તેમને 'ડરપોક' ગણાવ્યા છે. તેમણે કહ્યું કે જ્યારે અમેરિકા લડી રહ્યું હોય ત્યારે બધા જોયા કરે છે, પરંતુ હવે જ્યારે જવાબદારી વહેંચવાની વાત આવી ત્યારે સાથી દેશો પીછેહઠ કરી રહ્યા છે.

## હોર્મુઝ સ્ટ્રેટમાં યુદ્ધ વચ્ચે ભારતના ૨ ગેસ ટેન્કર રવાના


**અબતક, રાજકોટ**

દુનિયામાં દરિયાઈ માર્ગે થતા કુલ ઓઈલ અને ગેસના વેપારનો આશરે ૨૦% હિસ્સો માત્ર એક જ સાંકડા માર્ગ 'હોર્મુઝ સ્ટ્રેટ' પર નિર્ભર છે. ઈરાન અને ઓમાનની વચ્ચે આવેલી આ જળધારા સાઉદી અરેબિયા,યુએઈ, કુવેત અને ઈરાક જેવા દેશો માટે તેલ નિકાસનો એકમાત્ર રસ્તો છે. જો આ રસ્તો બંધ થાય તો વિશ્વના પાંચમા ભાગનો ઈંધણ પુરવઠો ખોરવાય તેમ છે, જેના કારણે ભારત જેવા દેશોમાં તેલની કિંમતો આસમાને પહોંચી શકે છે.ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના વધતા તણાવને લીધે સ્થિતિ ગંભીર બની છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થતા જહાજોને નિશાન બનાવવાની ચીમકી ઉચ્ચારી છે. આ ધમકીના પરિણામે સેંકડો જહાજોની અવરજવર થંભી ગઈ છે અને છેલ્લા કેટલાક સમયથી એક પણ મોટું જહાજ ત્યાંથી નીકળી શક્યું નથી. આમ, આ અત્યંત મહત્ત્વનો દરિયાઈ માર્ગ અત્યારે વ્યવહારિક રીતે સંપૂર્ણપણે બંધ જેવો જોવા મળી રહ્યો છે.

ભારતની ચિંતામાં વધારો થયો છે કારણ કે હાલમાં ખાડી વિસ્તારમાં ભારતના ૨૨ જહાજો ફસાયેલા હોવાના સમાચાર મળી રહ્યા છે. આ જહાજોમાં ભારત માટે અત્યંત મહત્ત્વના ગણાતા એલપીજી ટેન્કરો, 'પાઈન ગેસ' અને 'જગ વસંત'નો પણ સમાવેશ થાય છે, જે રસોઈ ગેસ લઈને ભારત આવી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિ મુજબ, આ બંને ટેન્કરો અત્યારે યુએઈના શારજાહ પાસે લંગર નાખીને ઊભા રાખવામાં આવ્યા છે. જોકે, લેટેસ્ટ રિપોર્ટ્સ અનુસાર, આ જહાજો શનિવારે પોતાની આગળની મુસાફરી શરૂ કરવાની તૈયારીમાં હોવાનું જાણવા મળે છે.

## જો યુદ્ધ વકરે તો ભારત, પાક. , સાઉદી અરેબિયા અને ગલ્ફ સહિતના દેશોમાં ઈન્ટરનેટ ઠપ્પ થઈ જશે

### ફેસબુકની પેરન્ટ કંપની 'મેટા'એ આફ્રિકા અને ગલ્ફ દેશોને જોડતા ૪૫ હજાર કિમી લાંબા ઈન્ટરનેટ કેબલ પ્રોજેક્ટનું કામ હાલ પૂરતું રોક્યું



**અબતક, દિલ્હી**

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની સૌથી મોટી અસર હવે તમારા મોબાઈલ અને કોમ્પ્યુટરના ઈન્ટરનેટ પર પડી શકે તેમ છે. લાલ સમુદ્ર અને હોર્મુઝની સામુદ્રધુનીમાં બિછાવવામાં આવેલા દરિયાઈ કેબલ જો યુદ્ધની ઝપેટમાં આવ્યા, તો આખી દુનિયાનું ડિજિટલ જોડાણ તૂટી શકે છે.

ફેસબુકની પેરન્ટ કંપની 'મેટા' એ આફ્રિકા અને ગલ્ફ દેશોને જોડતા ૪૫,૦૦૦ કિમી લાંબા '૨' ઈન્ટરનેટ કેબલ પ્રોજેક્ટનું કામ હાલ પૂરતું રોકી દીધું છે. કેબલ નાખવાનું કામ કરતી કંપની એ હાથ ઊંચા કરી દીધા છે. તેમનું કેબલ નાખતું ખાસ જહાજ ' ' હાલ સાઉદી અરેબિયાના દરિયાકાંઠે ફસાઈ ગયું છે. દુનિયાનું ૯૫% ઈન્ટરનેટ ટ્રાફિક જમીન પરથી નહીં, પણ દરિયાની નીચે રહેલા ફાઈબર ઓપ્ટિક કેબલ્સ દ્વારા ચાલે છે.

(અનુ. આઠમા પાને)

## ઔદ્યોગિક ડીઝલના ભાવમાં ૨૫ ટકાનો જબરદસ્ત વધારો

### બલ્ક ડીઝલ ૨૨ રૂપિયા મોંઘું થયું, પ્રીમિયમ પેટ્રોલ પણ મોંઘુઃ એસટી બસોને રાહત પણ અન્ય બલ્ક વપરાશકર્તાઓ માટે ખર્ચ વધ્યોઃ સામાન્ય પેટ્રોલ-ડીઝલના ભાવ યથાવત





**અબતક, નવી દિલ્હી**

ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા વધારાની અસર હવે ભારતીય ઉર્જા ક્ષેત્ર પર દેખાવા લાગી છે. સરકારી ઓઈલ કંપનીઓએ બલ્ક ખરીદદારો માટે ડીઝલના ભાવમાં પ્રતિ લિટરે ૨૨ રૂપિયા એટલે કે લગભગ ૨૫% નો તોતિંગ વધારો ઝીંક્યો છે. જોકે, રાહતની વાત એ છે કે આ વધારામાંથી સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એસટી બસો)ને બાકાત રાખવામાં આવ્યા છે. આ સાથે જ પ્રીમિયમ પેટ્રોલના છૂટક ભાવમાં પણ પ્રતિ લિટરે ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

સામાન્ય જનતા માટે રાહતની વાત એ છે કે રેગ્યુલર પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં ઈન્ડિયન ઓઈલના પ્રીમિયમ પેટ્રોલની કિંમત હવે ૯૯.૮૯ રૂપિયાથી વધીને ૧૦૧.૮૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. બીજી તરફ, બલ્ક વપરાશકર્તાઓ માટે

(અનુ. આઠમા પાને)

તંત્રી લેખ

# કુદરત રૂઠીઃ આકાશી આફતે વેર્યો વિનાશ

સૌરાષ્ટ્રની ખેતી પ્રપર જાણે કે કોઈની નજર લાગી ગઈ હોય તેમ આસમાની આફતોથી વારંવાર જગતતાતને પીડાદાયી પરિસ્થિતિમાં મુકાવવું પડે છે.

વરસાદ ખેડૂત અને ખેતી માટે હંમેશા ‘‘ભેરુ‘‘ ગણાય છે પરંતુ હવે માવઠાના વરસાદ જગતાત માટે ‘‘વેરી‘‘ બનીને ત્રાટકે છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં એકાએક પલટાયેલા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદની ગઈકાલે આવેલી આફત ખેતી અને ખેડૂત માટે તમામ રીતે નુકસાનકારક બનીને ત્રાટકી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ના કારણે રાજ્યમાં ગાજવીજ અને ભારે પવન અને કરા સાથે પડેલા વરસાદથી ઊભા શિયાળુ પાક,ઘઉં શાકભાજી બાગાયતી પાકને વ્યાપક નુકસાનની સાથે સાથે અનેક વિસ્તારોમાં વૃક્ષો વીજળી પોલ અને સોલાર પેનલોનું કચ્ચરઘાણ વાળી દીધો છે.અનેક જગ્યાએ લણણી માટે તૈયાર પાક પર આ આફત મારે ઘાતક પુરવાર થઈ છે.મોંઘા ભાવનું બિયારણ, ખાતર, મહેનતના ફળ મેળવવા ટાણેજ થયેલું આ માવઠું ખેડૂતો માટે મોઢે આવેલો કોળિયો ઝૂંટવી લેનારો સાબિત થયો છે,

માર્ચ મહિનામાં ગરમીની સિઝનમાં એકાએક કરા સાથે ખાબકેલા વરસાદથી ઊભા મોલ ની સાથે સાથે કેરી ના પાકને મોટું નુકસાન થયું છે, જોકે હવામાન વિભાગે અગાઉથી માવઠાની શક્યતા અંગે આગાહી આપી દીધી હતી, ખેડૂતોએ યાડમાં મોકલવા ની તૈયાર જણસ ને સલામત સ્થળે રાખવામાં ચીવટ રાખો હતી પરંતુ ખેતરમાં ઊભા મોલ અને બગીચાની કેરીઓની સુરક્ષા શક્ય નથી, વરસાદઅને વાવાઝોડું આવ્યું ત્યારે ખેડૂતોને કુદરતની આ થપાટ મૂંગે મોઢે સહન કરવા સિવાય કોઈ છૂટકો રહ્યો ન હતો, હજુ ત્રણ દિવસ સુધી વરસાદી માહોલની આગાહી છે,ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, વાવ-થરાડ માંઊભા શિયાળુ પાક ઘઉં, શાકભાજી, બાગાયતી પાકને ભારે નુકસાનસાથેવૃક્ષો ઉખડ્યા,સૌરાષ્ટ્ર-કચ્છ નારાજકોટ, જામનગર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, કચ્છ માં પણ માવઠાના વરસાદથી ઉભા મોલ અને તૈયાર જણસીને મોટું નુકસાન થયું છે

કુદરતી આફત સામે કાળા માથાનો માનવી લાચાર ગણાય, અલબત્ત આજના ટેકનોલોજીના યુગમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવતી આગાહી ને ધ્યાને આગોતરું આયોજન થાય તો નુકસાનીમાં ઘટાડો શક્ય છે. વળી આજના બદલતા જતા હવામાન અને ગ્લોબલ વોર્મિંગના કારણે ખેતી અને ખેડૂતો માટે હવે પાકની પસંદગી ની કોઠાસૂઝ અનિવાર્ય બની છે જોકે કવેળા નો વરસાદ ક્યારે ય લાભકારક થતો જ નથી તે ગઈકાલના પાવઠાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે.

# મુસ્લિમ બિરાદરો દ્વારા રમજાન ઈદની ઉજવણી



રાજકોટમાં મુસ્લિમ બિરાદરોએ શનિવારે ઈદની ઉજવણી કરી હતી. તેમજ ઈદ નિમિતે નમાઝ પણ અદા કરવામાં આવી હતી. નમાઝ અદા કરીને મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ઈદની શુભેચ્છા પાઠવી હતી. મુસ્લિમ બિરાદરો રમઝાન મહિનામાં રોઝા રાખે છે. રમઝાન માસને ઈબાદતનો મહિનો માનવામા આવે છે. મુસ્લિમ બિરાદરો રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરે છે.રમઝાન માસ-ઈદ નિમિતે જકાત સદકા ફિત્રા આપી ઈદની ઉજવણી કરી હતી. રાજકોટમાં ઈદની ઉજવણી દરમ્યાન કોમી એકતા અને ભાઈચારાના દ્રશ્યો જોવા મળ્યા હતા. ઈદની ઉજવણીના અનુસંધાને રાજકોટમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ ખડે પગે રહીને વ્યવસ્થા જાળવી હતી. ઈદની ઉજવણીમાં નાના બાળકોથી લઈ વડીલો જોડાયા હતા. તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## ધ્રાંગધ્રાઃ રમજાન ઈદ નિમિતે હિન્દુસ્તાનની ઉન્નતિ માટે નમાજ અદા કરતા મુસ્લિમ બિરાદરો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સમગ્ર ભારત દેશમાં આજે રમજાન ઈદ ઉજવામાં આવી રહી છે. મુસ્લિમ સમાજનો પવિત્ર તહેવાર એટલે રમજાન મહિનો આખા વર્ષમા મુસ્લિમ સમાજ નો પવિત્ર મહિનો એટલે રમજાન મહિનો મુસ્લિમ સમાજ દ્વારા આ મહિનાને ઈબાદત નો મહીનો માને છે. આ રમજાન મહિનામા મુસ્લિમ સમાજ દ્વારા અલ્લાહની ઈબાદત કરવામા આવે છે. આ મહિનામાં મુસ્લિમ સમાજના લોકો ૩૦ દિવસના રોજા રાખીને રાત્રે તવાહવી પઢી અને જકાત સદકા ફિત્રા આપીને અલ્લાહ ની ઈબાદત



કરતા હોય છે. રમજાન મહિનાના ૩૦ રોજા બાદ આજ શનિવારે સમગ્ર દેશમાં ઈદ મનાવામા આવે છે ત્યારે સુરેન્દ્રનગર જીલ્લાના ધ્રાંગધ્રામાં ઈદગા ગ્રાઉંન્ડ ખાતે સમગ્ર શહેર તથા આજુબાજુ વિસ્તારના પાંચ હજારથી વધુ લોકો હડીમડીને ઈદ ની નમાઝ અદા કરી હતી ઈદગા ગ્રાઉન્ડ મા આજુ બાજુના ગ્રામ્ય વિસ્તારમાથી મુસ્લિમ બિરાદરો નમાઝ અદા કરી હતી. ત્યારે વતને હિન્દુસ્તાનની ઉન્નતિ તેમજ અમન, ભાઈચારા અને પ્રેમની દુઆઓ સાથે ઈદની નમાજ અદા કરી હતી. જેમાં સમસ્ત મુસ્લિમ સમાજ આ સમગ્ર આયોજન ધ્રાંગધ્રા સુન્ની મુસ્લિમ જુમ્મા મસ્જિદ કબ્રસ્તાન ટ્રસ્ટ દ્વારા કરવામા આવ્યુ હતુ જેમાં જુમ્મા મસ્જીદ ટ્રસ્ટ દ્વારા નવા ટ્રસ્ટીઓના નામ ઈદગાએથી જાહેર કરવામાં આવ્યા હતા. તમામ સમાજની સહમતીથી કરવામાં આવ્યા હતા.

## જૂનાગઢના અરમાન માડકિયા-સુફિયાન ઝાખરાએ રમજાનમાં તમામ રોઝા રાખી કરી ઈબાદત

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



સમગ્ર વિશ્વમાં મુસ્લિમ બિરાદરો દ્વારા રમજાન માસના રોજા રાખી, અલ્લાહની ઈબાદત કરી રહ્યા છે, ત્યારે જૂનાગઢની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને જોશી ટ્યુશન કલાસીસના મેડમ દ્રષ્ટિબેન જોષીના સ્ટુડન્ટ માડકિયા અરમાન ઈરફાનભાઈ તથા જાખરા સુફિયાન સમદભાઈએ પૂરા રમજાન માસ દરમિયાન રોજા રાખી, વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણ માટે ઈબાદત કરેલ છે, આ બંને બાળ રોજાદારોની અલ્લાહ પ્રત્યેની શ્રદ્ધા અને રાષ્ટ્રપ્રેમ જોઈ નેશનલ પ્રાઈમરી સ્કૂલના સંચાલક, આચાર્ય, શૈક્ષિણક સ્ટાફે બંને બાળ રોજાદારોને શુભકામના પાઠવી હતી.

# આદિપુરના બ્રહ્મ યુવા અગ્રણીના આપઘાત મામલે વ્યાજખોરો સામે કડક કાર્યવાહીની માંગ

**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ**

આદિપુરના આશાસ્પદ બ્રહ્મ યુવા અગ્રણી દીપેશ ત્રિપાઠીના આપઘાત મામલે આજે સમસ્ત બ્રહ્મસમાજ પૂર્વ કચ્છ જિલ્લા દ્વારા રોષ સાથે ન્યાયની માંગ કરવામાં આવી છે. વ્યાજખોરોના ત્રાસથી કંટાળીને જીવન ટૂંકાવનાર યુવાનના કેસમાં જવાબદારોને તાત્કાલિક ઝડપી પાડવા માટે સમાજના અગ્રણીઓ દ્વારા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક (એસપી) કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ગૃહમંત્રી હર્ષ સંઘવીને સંબોધીને પાઠવવામાં આવેલા આ પત્રમાં વ્યાજખોરો વિરુદ્ધ કડક કાયદાકીય પગલાં લેવાની રજૂઆત કરવામાં આવી છે.



એસપી કચેરી ખાતે આવેદન પત્ર અપાયું

બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતમાં સ્પષ્ટપણે માંગ કરવામાં આવી છે કે દીપેશ ત્રિપાઠીની સ્યુસાઈડ નોટમાં જે ૧૮ વ્યાજખોરોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમની વિરુદ્ધ સહ-અપરાધ માનવ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવે. વ્યાજના વિષચક્રમાં ફસાયેલા આશાસ્પદ યુવાને મજબૂરીમાં આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું પત્રમાં જણાવાયું છે. સમાજ દ્વારા આ કેસની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવાની પણ માંગ કરવામાં આવી છે જેથી બાકી રહેલા તમામ આરોપીઓને સત્વરે જેલના સળિયા પાછળ ધકેલી શકાય.

આ ઉપરાંત, પીડિત પરિવારને પૂરતી સુરક્ષા પૂરી પાડવા અને તેમને વહેલી તકે ન્યાય મળે તે દિશામાં નક્કર કાર્યવાહી કરવા પોલીસ તંત્રને અપીલ કરવામાં આવી છે. આદિપુર અને ગાંધીધામ પંથકમાં વ્યાજખોરોનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે આ કિસ્સામાં દાખલારૂપ કાર્યવાહી થાય તેવી માંગ સાથે બ્રહ્મસમાજના અનેક હોદ્દેદારો અને કાર્યકર્તાઓ એસપી કચેરીએ ઉમટી પડ્યા હતા.

## કાલાવડઃ લેઉવા પટેલ સમાજ અને રાખોલીયા પરિવારનું ગૌરવ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



કાલાવડ નગરપાલિકાના પ્રમુખ રંજનબેન પ્રફુલભાઈ રાખોલીયાના સુપુત્ર ડો.રાજ પ્રફુલભાઈ રાખોલિયાએ જે. એસ. મહાવિદ્યાલય નડિયાદ ખાતેથી સફળતાપૂર્વક MD - Anatomy (rs)ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. આ સફળતા સાથે તેમણે સમસ્ત રાખોલીયા પરિવાર તેમજ કાલાવડ શહેર અને સમસ્ત લેઉવા પટેલ સમાજનું નામ રોશન કર્યું છે.

## ધ્રોલઃ નાના ગરેડિયાના લવ મકવાણાને CETમાં ટોપ-૧૦માં સ્થાન અને નવોદય માટે પસંદગી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના નાના ગરેડિયા ગામની સરકારી પ્રાથમિક શાળાના તેજસ્વી વિદ્યાર્થી મકવાણા લવ મનીષભાઈએ શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. લવે રાજ્યની પ્રતિષ્ઠિત પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં ૯મો અને ૧૦મો ક્રમ મેળવી જામનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ સાથે જ તેણે જવાહર નવોદય પ્રવેશ પરીક્ષામાં પણ મેરિટમાં સ્થાન મેળવી ‘બેવડી સફળતા’ હાંસલ કરી છે.આ ભવ્ય સફળતા પાછળ શાળાના શિક્ષક નિલેશભાઈ મુંગરાનું માર્ગદર્શન મુખ્ય રહ્યું છે, જેમણે રજાઓના દિવસે પણ લવને ૧૦૦ જેટલા પ્રેક્ટિસ પેપર સોલ્વ કરાવી તૈયાર કર્યો હતો. આચાર્ય અને સ્ટાફના સહયોગથી મળેલી આ સિદ્ધિ બદલ સમગ્ર ગામમાં ખુશીનો માહોલ છે અને ગ્રામજનો દ્વારા લવ તથા તેના શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું છે.

## જસદણઃ ૧૧ વર્ષના મુર્શિદ સૈયદે તમામ રોઝા રાખી ઈબાદત કરી

**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**



ઈસ્લામ ધર્મમાં પવિત્ર લેખાતા રમઝાનમાસમાં પુખ્તવયના લોકો માટે રોઝા ફરિજયાત હોય છે પણ જસદણના ગાંધીચોકમાં રહેતાં સિપાઈ મુર્શિદ યુનુસભાઈ સૈયદ ઉ.વર્ષ ૧૧ નામના બાળકએ આ ઈબાદત તેમની પર ફરજિયાત ન હોવા છતાં તેમણે રમઝાન માસમાં સળંગ ૩૦ દિવસ સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી એક પણ પાણીનું ટીપું અને અન્નનો એક પણ દાણો મોઢામાં નાખ્યાં વગર રોઝા પાળી અલ્લાહની ઈબાદત કરી હતી તેમની આ રોઝાભરી ઈબાદતને સમગ્ર સુન્ની મુસ્લિમ સમાજએ આવકારી મુબારકબાદી પાઠવી હતી.

## ધ્રાંગધ્રાઃ ભૂલકાઓએ ૩૦ રોઝા રાખી કરી ઈબાદત

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાઃ મુસ્લિમ સમાજનો પવિત્ર રમજાન માસ જે ઈબાદત, સબર અને આત્મશુદ્ધિના પ્રતીક તરીકે ઓળખાય છે, તે ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ આજે ૨૦ માર્ચે પૂર્ણ થયો છે. આ આખા મહિના દરમિયાન મુસ્લિમ બિરાદરોએ રોજા રાખીને આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત કરી હતી, પરંતુ આ વર્ષે ધ્રાંગધ્રા શહેરમાં એક વિશેષ અને પ્રેરણાદાયી દ્રશ્ય જોવા મળ્યું હતું.



શહેરના આશરે ૮ થી ૧૦ વર્ષની વયના નાનકડા ભૂલકાઓએ પણ મોટા વડીલોની જેમ આકરા ગણાતા પૂર્ણ ૩૦ રોજા રાખીને ઈબાદતનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ બાળકોમાં નિંદા ફાતમા મોસીનભાઈ ફગાત, મોહમ્મદ ફઝલ ઈરફાનભાઈ, હસનેન અફઝલભાઈ મંડલી, અમીના ખાતૂન ઈમરાનભાઈ, જેહાન જાવેદભાઈ સિપાઈ અને સાહિલ અલ્તાફભાઈ બેલીમનો સમાવેશ થાય છે.

નાની ઉંમરે આખા મહિના સુધી રોજા રાખી બાળકોએ જે શ્રદ્ધા, સંયમ અને ઈબાદત પ્રત્યેની લાગણી બતાવી છે તે ખરેખર પ્રશંસનીય છે. પરિવારજનો અને મુસ્લિમ સમાજના અગ્રણીઓએ આ બાળકોની હિંમત અને ધાર્મિક ભાવનાને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગ પરથી સ્પષ્ટ થાય છે કે નવી પેઢીમાં પણ ધાર્મિક મૂલ્યો અને પરંપરાઓ પ્રત્યે ઊંડો લગાવ છે, જે સમાજ માટે ગૌરવની વાત છે.

## ઉપલેટાઃ ભૂલકાઓએ ૩૦ રોઝા પૂરા ઈબાદત કરી



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

મુસ્લિમ સમાજના પવિત્ર રમજાન માસમાં ગઈકાલે ચાંદ દેખાતા અંતિમ દિવસ હતો આજ સવારથી જ ઈદગાહ ની નમાજ બાદ ઈદની લઘુમતી સમાજ ઉજવણી કરી રહ્યો છે ત્યારે રમજાનમાં ભારે ઉનાળાની ગરમી વચ્ચે આઠ વર્ષના નાના એવા ભૂલકાઓએ ૩૦- ૩૦ રોજા પૂર્ણ કરતા ભારે ખુશી જોવા મળી હતી. નાના બાળકો શિફા શબીરભાઈ ઠેબા અને શફિના એહમદ કાલીયા આઠ વર્ષની ઉંમરે ત્રીસ રોજા પૂર્ણ કર્યા જ્યારે યાસીન રજાકભાઈ રાવકુંડા એ ૧૧ વર્ષની ઉંમરે ૨૪ રોજા રાખ્યા હતા અને અલ્લાહની ઈબાદતમાં મશગુલ જોવા મળી રહ્યા હતા. તમામ નાના ભૂલકાઓએ નાની ઉંમરે દેશ અને રાજ્યમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ વધે એવી અલ્લાહને બંદગી કરી રોજા રાખતા નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપ-પ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, પૂર્વ પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડીયા, ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ પાનેરા, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ભરતભાઈ રાણપરીયા, સમસ્ત મેમણ જમાતા પ્રમુખ હાજીભાઈ શિવાણી, માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ લાલજીભાઈ રાઠોડ, લઘુમતી સમાજના નગરસેવકો રજાકભાઈ હિંગોરા, ઈમરાનમીયા પીરજાદા, અનીશભાઈ ચણા, જાફરભાઈ ખાંટ, જુનેદભાઈ નાથાણી, કેજીએન ગ્રુપના પ્રમુખ બોદુભાઈ હેરંજા, શહેઝાદ બાદશાહ સહિત સામાજિક સંસ્થાના આગેવાનોએ અભિનંદન આપ્યા હતા.

## ધોરાજીઃ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે માળા અને પાણીના કુંડાનું વિતરણ

**અબતક ધોરાજીઃ રમણીક ટોપિયા**

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ધોરાજી તાલુકા યુવા ભાજપ દ્વારા પક્ષીઓના સંરક્ષણ માટે એક પ્રશંસનીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વધતા જતા શહેરીકરણ વચ્ચે લુપ્ત થઈ રહેલી ચકલીઓને બચાવવા માટે યુવા કાર્યકર્તાઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



રાજકોટ જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ અને ધોરાજી તાલુકાના પ્રભારી યુવરાજભાઈ ડાંગર તેમજ તાલુકા ભાજપ પ્રમુખ હિતેષભાઈ વાઘમશીની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. ધોરાજી તાલુકા યુવા ભાજપ પ્રમુખ ચિંતન રાવલ, મહામંત્રી પરેશભાઈ કંડોલીયા અને બ્રિજરાજસિંહ જાડેજા તથા કેયુરભાઈ પંડ્યા સહિતના યુવા કાર્યકર્તાઓએ જાતે ઉભા રહીને ચકલીના ઘર અને કુંડા મુક્યા હતા. આ તકે ઉપસ્થિત આગેવાનોએ નાગરિકોને પણ પક્ષી બચાવવાના આ અભિયાનમાં જોડાવા અને પ્રકૃતિના જતન માટે આગળ આવવા અપીલ કરી હતી.

વિશ્વ ચકલી દિવસે

## ધ્રાંગધ્રાઃ સાધના વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ચકલી ઘર વિતરણ સાથે પર્યાવરણ જાગૃતિનો સંદેશ

**અબ તક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સાધના વિદ્યાલય-ધ્રાંગધ્રા દ્વારા લુપ્ત થતી ચકલીઓના સંરક્ષણ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે એક પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે લાગણી અને જીવદયા જેવા મૂલ્યો વિકસે તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતા.



કાર્યક્રમ દરમિયાન પક્ષીઓનું પર્યાવરણમાં મહત્વ અને કુદરતી સંતુલન જાળવવામાં તેમની ભૂમિકા અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના સંચાલક દિલીપભાઈ માકાસણા તથા આર.સી. પટેલે વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનવા પ્રેરિત કરતા જણાવ્યું હતું કે, નાનપણથી જ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી સમજવી અનિવાર્ય છે. સાચું શિક્ષણ એ જ છે જે બાળકોમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા કેળવે.આ અવસરે શાળાના તમામ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચકલીઘર (માળા) વિતરણ કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક પોતાના ઘરે આ માળા લગાવી ચણ અને પાણીની વ્યવસ્થા કરી પક્ષીઓને સુરક્ષિત આશ્રય આપવાનો સંકલ્પ લીધો હતો. શાળાની આ પ્રશંસનીય અને જીવદયાલક્ષી કામગીરીને વાલીઓ તેમજ નગરજનો દ્વારા હાર્દિક બિરદાવવામાં આવી છે.

## ધ્રાંગધ્રામાં આઈશ્રી મોગલ માતાજીનો ભવ્ય પાટોત્સવ ઉજવાયો

### પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે. જાડેજા સહિતના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ

**અબતક સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રામાં મકવાણા પરિવાર દ્વારા માઁ આઈ શ્રી મોગલ માતાજીનો પાટોત્સવ અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરી હતી.

આ પાટોત્સવના પાવન પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ.કે. જાડેજા સાહેબે વિશેષ ઉપસ્થિતિ આપી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. તેમની સાથે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, ધ્રાંગધ્રા શહેર સંગઠન પ્રમુખ નિશાંતભાઈ પ્રજાપતિ, મહામંત્રી સંજયભાઈ ગોવાણી અને રાજદીપકસિંહ પરમાર સહિતના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.આ ઉપરાંત, નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ હિરેનભાઈ કાનાબાર, વિવિધ



સુધરાઈ સભ્યો, સંગઠનના હોદ્દેદારો તેમજ એપીએમસી ના પ્રતિનિધિઓની પ્રેરણાદાયી હાજરીએ કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક ભવ્યતા અને સામાજિક એકતાનું સુંદર ઉદાહરણ બન્યો હતો, જેમાં ઉપસ્થિત સૌ કોઈએ માતાજીના આશીર્વાદ સાથે સમાજની સુખ-સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# શાળાઓ પાસે નશાના નેટવર્કને તોડવા પોલીસ કમિશનર એક્શન મોડમાં

## એન્કોર્ડની બેઠકમાં એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન તેજ કરવા સૂચનાઃ શાળા કોલેજ આસપાસ પાનની દુકાનોમાં ડ્રગ્સના વેચાણ અંગે સઘન તપાસ કરવા સૂચના આપતા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા



**અબતક, રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા ની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરએ શાળા, કોલેજ આસપાસ માત્ર તંબાકુની પ્રોડ્ક્ટસના વેચાણ સાથે નાર્કોટિક્સ ડ્રગ્સના વેચાણની સંભાવનાને ધ્યાને લઈ સઘન ચેકીંગ અને પુછપરછ કરવા સૂચના આપી હતી.

બ્રજેશ કુમારે શાળા આસપાસ નશાકારક પદાર્થ વેચવાનું કોઈના પણ ધ્યાને આવે તો શાળા મારફત પોલીસ વિભાગને જાણ કરવા શિક્ષણ વિભાગના અધિકારીને અપીલ કરી હતી. યુવાનોમાં ગાંજો સહિતના વધતા જતા ડ્રગ્સના ચલણ સામે લાલબત્તી ધરી કમિશનરશ્રીએ શહેરના પોલીસ સ્ટેશન દ્વારા અસરકારક કામગીરી કરવા ખાસ સૂચના આપી હતી.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બંગારવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં વિદેશી ૩૬૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો કે જેની કિંમત રૂ. ૧૨.૭૮ લાખથી વધુ થાય છે તેને ઝડપી પાડવામાં આવ્યો હોવાનું તેમજ કુલ ૪ કેસમાં રૂ. ૨૪ લાખથી વધુની કિંમતનો અફીણ અને ગાંજો પકડી પાડી ૬ આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. ના કેસ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

જયારે શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૧૪૧ કેસમાં રૂ. ૨૮,૨૦૦ નો દંડ કરાયાનું બંગરવાએ જણાવ્યું હતું. ડી.સી.પી. એ ઓનલાઈન પેમેન્ટ દ્વારા કુરિયર દ્વારા ડ્રગ્સની ડીલેવરી કરવામાં આવતી હોવાનું જણાવી કુરિયર સર્વિસ દ્વારા સચેત રહી કામગીરી કરાય, તે માટે ખાસ સૂચના આપી હતી.બેઠકમાં મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચ અને જનજાગૃતિ અંગે યોજાયેલા કાર્યક્રમોની વિગતો સહીત રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ભારત સરકારના કસ્ટમ્સ વિભાગ તથા સ્થાનિક એન.જી.ઓ. સમજુ દેસી સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ડ્રગ્સ વિરોધી જાગૃતિ અભિયાનના ભાગરૂપે ઓટોરિક્ષાઓની પાછળ નશાકારક ડ્રગ્સ અંગે જાગૃતિ ફેલાવતા વિવિધ સ્લોગનવાળા થીમેટિક પોસ્ટરો લગાડી વધુમાં વધુ લોકો સુધી સંદેશ પહોચે તે માટે કરવામાં આવેલી કામગીરીની માહિતી પુરી પાડવામાં આવી હતી. એન્કોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ હેતલ પટેલ, ઝોન - ૨ રાકેશ દેસાઈ, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ, સાઈન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર પાલિકા તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

**એક માસમાં રૂ. ૧૨.૭૮ લાખની કિંમતનો ૩૬૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજો સહિત કુલ રૂ. ૨૪ લાખથી વધુની કિંમતનો અફીણ અને ગાંજો પકડાયો**

# ‘પાળ’ નજીક રૂ.૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલા બ્રિજને ખુલ્લો મુકાયો

## ‘સૌની’ યોજના અંતર્ગત લોધિકા પંથકમાં ૧૩.૨૫ કરોડના ખર્ચ પાઈપલાઈન બિછાવાશેઃ ભાનુબેન બાબરીયાના હસ્તે ખાતમુહુર્ત



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન ‘‘સૌની’’ યોજના લીંક-૩, પેકેજ-૫ હેઠળ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રૂ. ૧૩.૨૫ કરોડના કામોનું ખાતમુહૂત તેમજ રૂ.૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ પાળ બ્રિજનુ લોકાર્પણ કરતાં રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું હતુ. સૌની યોજના લિંક-૩ પેકેજ-૫ હેઠળ રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોને પાણીની વિશેષ સવલતો આપવા માટે સરકાર દ્વારા પેકેજ હેઠળ કામો મંજુર કરવામાં આવે છે. ‘સૌની યોજના’ ના ભાગરૂપે આજે રાજકોટના લોધિકા ખાતે રાજ્ય સરકાર દ્વારા રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં સમાવિષ્ટ ગામો જેમ કે, ઢોલરા, વીરવા, રાવકી, માખાવડ, ચીભડા, લોધીકા, અને ચાંદલી જેવા ગામોને લાભ આપવા સૌની યોજના લિંક-૩ , પેકેજ-૫ હેઠળ રૂ.૧૩.૨૫ કરોડના ખર્ચે તળાવો/ચેકડેમોને જોડતી ૩.૦૦ કિ.મી.ની પાઈપ લાઈનના કામો માટે રાજકોટ ગ્રામ્ય વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ.

વધુમાં, રૂ.૧૧ કરોડના ખર્ચે તૈયાર થયે પાળ બ્રીજનું લોકાર્પણ કરી પ્રજાજનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો. આ બ્રીજ તૈયાર થતા આજુબાજુના ગામોના પ્રજાજનોને જવા આવવામાં સરળતા રહેશે. આ કાર્યક્રમમાં લોધિકા તાલુકાના તમામ હોદેદારઓ, જીલ્લા તેમજ તાલુકાના ચુંટાયેલા સદસ્ય તમામ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ અને કાર્યકરો, આગેવાનો અને સરપંચઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીઃ રસ્તા, પાણી, વીજ જોડાણ સહિતના પ્રશ્નોની સમીક્ષા કરતા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ

## કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક મળી



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજી હતી. બેઠકમાં જિલ્લાનાં વિકાસકાર્યો તેમજ જનતાને લગતા વિવિધ પ્રશ્નો અંગે સમીક્ષા કરવામાં આવી અને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. અમરેલી કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયા, હિરાભાઈ સોલંકી અને જે.વી. કાકડિયા ઉપસ્થિત રહી વિવિધ વિસ્તારોના પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી. બેઠક દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આંતરિક રસ્તાઓ, ગામોને મુખ્ય માર્ગો સાથે જોડતા માર્ગો, જમીન માપણી, વીજ જોડાણ, જંગલ કટીંગ અને નગરપાલિકા સંબંધિત પ્રશ્નો અંગે અત્યાર સુધી થયેલી કામગીરીની સમીક્ષા હાથ ધરાઈ હતી. બેઠકમાં કલેકટર વિકલ્પ ભારદ્વાજે અધિકારીઓને નાગરિકોના પ્રશ્નોનું સમયસર અને હકારાત્મક નિરાકરણ આવે તે માટે વિભાગો વચ્ચે સંકલન વધારવા અને બાકી રહેલી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતનાઓ હાજર રહ્યા હતા.

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં ૭૨ કલાકના મંત્રોચ્ચાર, શંખ - ડમરૂ નાદે વિશ્વ રેકોર્ડ સર્જ્યો

## સોમનાથ સહિત રાજયભરની સંસ્કૃત યુનિવર્સિટીના ૨૫૦૦થી વધારે રૂષિકુમારો જોડાયા હતા



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જાન્યુઆરીમાં સોમનાથ ખાતે સ્વાભિમાન પર્વની ઉજવણી કરાઈ હતી. આ સ્વાભિમાન પર્વ નિમિત્તે ૭૨ કલાકના અખંડ મંત્ર જાપ, શંખ નાદ તથા ડમરુ વાદન કાર્યક્રમ યોજાયો. તેમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા. આ સ્વાભિમાન પર્વના કેન્દ્રમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ તથા સમગ્ર ગુજરાતની સંલગ્ન સંસ્કૃત મહાવિદ્યાલયોના ૨૫૦૦થી વધુ રૂષિકુમારોએ ઓમકારનાદ, મંત્રજાપ, ડમરુ વાદન તથા શંખનાદ કર્યો હતો. દેશના વડાપ્રધાન અત્રેના રૂષિકુમારોની સ્વાગત પરંપરાથી ખૂબજ પ્રભાવિત થયા. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર દિલીપ રાણા, મિલિંદ તોરવણે, આલોક પાન્ડે વગેરે દ્વારા સૌને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમ માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યો અને વિશ્વ રેકોર્ડ માટેની પ્રક્રિયા કરવામાં આવી, જેમાં સફળતા મળી. આ સમગ્ર કાર્યક્રમનો વિશ્વ રેકોર્ડ સ્થાપિત થયો છે. આ સફળતા માટે અત્રેની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાંત કુમાર સેનાપતિ, કુલસચિવ ડો. મહેશકુમાર મેતરા, સમગ્ર સ્ટાફ, ગુજરાતના સંસ્કૃત મહાવિદ્યાલયના મંડળના પદાધિકારી, તમામ આચાર્ય, અધ્યાપક, તથા રૂષિકુમારોને બિરદાવ્યા હતા. આ સાથે સોમનાથ જીલ્લાના કલેકટર એન.વી. ઉપાધ્યાય, આરએસી આર. જી. આલ, સમગ્ર વહીવટીતંત્ર, શિક્ષણ વિભાગની મહેનત તથા કર્મયોગીની ટીમએ જહેમત ઉઠાવી હતી.

સોમનાથ આ મંદિરની અખંડતાની જ્યોત આજે પણ ઝળહળે છે. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી આજે સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કે તરીકે સ્થાન પામે છે જેમાં મહાવિદ્યાલયોની શાસ્ત્ર પરંપરા ભાગવત ચિંતન સંસ્કૃતિનું રક્ષણ જેવી બાબતો પર ખૂબ ચિંતન થાય છે આ ચિંતન એ ભારતીય સંસ્કૃતિના રક્ષણની એક મિશાલ બને છે.

# વેરાવળઃ અખાદ્ય ગોળનો જથ્થો જપ્ત કરતું ખોરાક અને ઔષધ નિમયન તંત્ર

## ૫૧ ડબ્બા ગોળના નમુના લેવાયા

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને પોલીસ સ્ટેશન, કોડીનારની ટીમ દ્વારા મે. જંગલેશ્વર ટ્રેડર્સ, નવો પણાદર રોડ, બસ સ્ટેન્ડ પાછળ, મોહિત ટ્રાન્સપોર્ટ પાસે, કોડિનાર, ખાતે સંયુક્ત રીતે રેડ દરમિયાન ૯૧ ડબ્બા ગોળ જોવા મળ્યો હતો. જિલ્લા ખોરાક અને ઔષધ નિમયન તંત્રની ટીમે ૯૧ ગોળના ડબ્બામાંથી ૩૯ ડબ્બા કે જેમાં ૯૯૪.૫ કિ.ગ્રા. જેટલો બીન આરોગ્યપ્રદ ગોળનો જથ્થો જોવા મળ્યો હતો. જેની અંદાજિત કિંમત-૩૬,૭૯૬ રૂપિયા થાય છે. આ અખાદ્ય ગોળનો ફુડ વિભાગની ટીમ દ્વારા નાશ કરાવવામાં આવ્યો હતો અને બાકી રહેલા ૫૧ ડબ્બામાંથી ગોળનો નમુનો લઈ પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યાં છે.

# સોમનાથ શહેરી વિકાસ સત્તામંડળની બેઠક યોજાઈ

## વેરાવળ તથા આસપાસના વિસ્તારોનો વિકાસ માટે અધિકારીઓ પાસેથી સુચનો માંગ્યા



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

સોમનાથ સહિત વેરાવળ શહેર અને તેની આસપાસના વિસ્તારનો વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સોમનાથ શહેરી વિકાસ સત્તા મંડળની સ્થાપના કરવામાં આવી છે. આ સત્તામંડળની પ્રાથમિક તબક્કાની પ્રથમ બેઠક આજે જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની અધ્યક્ષસ્થાને હાજર રહ્યા હતા. વેરાવળ શહેર તથા તેની આસપાસના વિસ્તારનો આયોજનબદ્ધ વિકાસ થાય તે માટે બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓ પાસેથી સલાહ-સૂચનો મંગાયા હતા. આ બેઠકમાં સેટેલાઈટ મેપિંગ દ્વારા સત્તામંડળના વિસ્તારમાં આવતી જમીનના રહેણાંક વિસ્તાર, ખેતીલાયક જમીનનો વિસ્તાર, જંગલ વિસ્તાર, મહત્વપૂર્ણ સ્થળો સહિતની વિગતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના આધારે ભવિષ્યને ધ્યાનમાં રાખીને રોડ, રસ્તા, બગીચા, મંદિર, માળખાગત વિકાસ, વીજળી, પર્યાવરણ, પાર્કિંગ, સામાજિક માળખાકીય વિકાસ સહિતની બાબતોને ધ્યાનમાં લઈને આયોજન હાથ ધરવામાં આવશે. મુસદ્દારૂપ નગર વિકાસ યોજના માટે જિલ્લાના ૧૯ ગામોનો આ સત્તામંડળના કાર્યક્ષેત્ર હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. જિલ્લાના અધિકારીઓને આ સત્તામંડળની કામગીરીથી અવગત કરાવવા માટેની આ સૌ પ્રથમ બેઠક હતી. ભવિષ્યમાં જન સામાન્ય નાગરિકના સૂચનો પણ આ માટે માગવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા જયદિપસિંહ જાડેજા, સત્તામંડળ માટે વિવિધ જિલ્લામાંથી નિમાયેલા અધિકારીઓ તેમજ જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં માવઠાથી નુકસાન થયેલા પાકને વળતર ચુકવવા માંગણી



## ખેડુતોએ કલેકટરને આવેદન આપ્યું

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી વિસ્તારમાં થયેલા કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે પાકમાં ખેડૂતોને થયેલા નુકશાની રજૂઆત લાઈ ખેડૂત આગેવાન રાજુભાઈ કરપડા સહિત ખેડૂતો કલેકટર કચેરી પહોંચી વળતરની માંગ કરી હતી.

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના શિયાળુ પાકને ભારે નુકસાન થયું હોવાની રજૂઆત સાથે વળતરની માંગ લઈ ખેડૂત આગેવાન રાજુભાઈ કરપડાની આગેવાનીમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને સામાજિક આગેવાનો અમરેલી કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને મુખ્યમંત્રી તથા કૃષિમંત્રીને સંબોધિત આવેદનપત્ર કલેકટરને સોંપ્યું હતું, અમરેલી સહિત જુનાગઢ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદને કારણે ખેતીને ભારે અસર પહોંચી છે. ખાસ કરીને ઘઉં, ચણા, એરંડા, જીરું, ધાણી વગેરે શિયાળુ પાક જે તૈયાર થઈ ગયો હતો તે પાકને ભારે નુકસાન થયું હોવાનું ખેડૂતો દ્વારા રજૂઆતમાં જણાવાયું છે. આ લેખિત રજૂઆતમાં ખેડૂતોને થયેલા નુકસાનનું સર્વે કરી યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક પગલાં લઈ નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠાવી છે.


The Rajkot Commercial Co. Operative Bank Ltd

Web : www.rccbank.in
Ph. : 0281-2238946

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)

7.00% જનરલ ડિપોઝીટર માટે

7.50% વરીષ્ઠ નાગરીકો માટે

૧૦ લાખ સુધીના સિક્યોર્ડ ધિરાણ

7.95 % વ્યાજના રાહતદરે

વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052

‘શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ’, મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.



જામનગર મહાનગરપાલિકા

જામનગર

:: શોર્ટ કવોટેશન નોટીસ - બીજો પ્રયત્ન ::

જામનગર મહાનગરપાલિકા, જામનગર દ્વારા સને ૨૦૨૫-૨૬ માટે SJMMSVYની ગ્રાન્ટ હેઠળ મેન્યુફેકચરર અથવા ઓર્થોરાઈઝડ ડીલર/માન્ય રજીસ્ટ્રેશન ધરાવતા કોન્ટ્રાક્ટર પાસેથી વોટર વર્કસ શાખાના ઊંડ-૧ ડેમ માટે નીચે મુજબના કામ માટે જી.ડબલ્યુ.એસ.એસ.બી. વેન્ડર લીસ્ટ પૈકીની મેઇકનાં પોલ્ડર ટાઇપ સબમર્શીબલ પમ્પ સેટ, એ.ટી.એસ. પેનલ તેમજ આનુસાંગિક માલ સામાન ખરીદી કામ માટે નીચેની વિગતે પાર્ટીઓ પાસેથી તમામ ટેકસો સાથેના જી.એસ.ટી. વગરના ભાવો તા.૨૬/૦૩/૨૦૨૬ સુધી ૧૮:૦૦ કલાક સુધીમાં રજીસ્ટર એડી./સ્પીડ પોસ્ટ દ્વારા ભાવો મળી રહે તે રીતે શોર્ટ કવોટેશનથી ભાવો માંગવામાં આવે છે.

Name of Work : Supply of Poldar Type Submersible pump set, panel with necessory accessories including Panel, cable, valves for Water Supply Department

| Sr.No. | Description | Qty |
|---|---|---|
| 1 | **POLDER TYPE SUBMERSIBLE PUMP** Providing submersible, Non clog type with required capacity & head as per IS 8034 suitable for water having up to 10000 PPM turbidity with suitable submersible wet type, water cooled, squirrel cage motor to IS 9283, working on three phase, 50 Hz +/-3%, 415V +/- 10%, AC supply, 2900 RPM synchronize speed with 10 mtr copper conductor flat cable from pump to starter panel with cable end terminations (4) all supports, clamps, pipe fittings along with mechanical seal, bearing bush, strainer etc. complete set & following M.O.C: Casing CI, SS CF8M impeller, Bronze: wearing ring & Bearing bush, TC mechanical seal, CS/S.S.bearing, S.S shaft with sleeve, SS strainer & MS motor body. (Without GST) **120 HP , Head:48 m, Dicharge Capacity: 420 m3/hr** | 03 Set |
| 2 | **Control Panel Board:** Providing and Supplying of Auto transformer starter suitable for local & remote pump control application consisting of Auto Transformer (vacuum impregnated, air cooled having three (3) tappings at 50%, 65% and 80%), incomer MCCB / MPCB, overload relay and contactors as per Type II coordination including digital MFM with RS 485 communication port, analogue type ammeter with selector switch, run hour meter, required protective relays & control accessories. (Without GST) **A.T.S. 120 HP** | 03 Nos. |
| 3 | **Cable:** Providing and Supplying of 1.1 kV grade, XLPE insulated, stranded Copper conductor, galvanised steel flat strip / round wire armoured, extruded PVC type ST2 sheathed, heavy duty cable (to be laid on wall surface with necessary clamps / in existing cable trench / cable trays / conduit / pipe sleeves at road crossing or floor as per site requirement) conforming to IS: 7098 (Part-1) & IEC: 60502 (Part-1) of following sizes (Without GST) **3 Core x35 Sqmm flat Copper cable -6 Nos. x 50Mtrs.=300 Mtrs** | 300 Mtrs |
| 4 | **Expansion Bellows** Providing and Supplying of flange ends Expansion Bellow as per EJMA standards of overall length of minimum 300 mm, designed for 15 mm axial compression and 5 mm axial extension with tie rods etc. of following MOC & pressure ratings. MOC: Bellows: SA 240 Gr. 304; Internal Sleeve: SA 240 Gr. 304; Weld ends: IS 2062 Gr. B: Flanges: IS 2062 Gr. B (Drilling as per IS1538 / IS 6392 ) & Limit Rods & Nuts: CS - IS 1367. (Without GST) **PN-1.6- 03 Nos., NB200mm size, width -300mm** | 03 Nos. |
| 5 | **Reflux Valves** Providing and Supplying ISI mark CI D/F Reflux Valves as per IS:5312(Latest Edition) of following class and diameter including all taxes. insurance, transportation, freight charges, octroi, inspection charges, loading unloading conveyance to Departmental store, stacking etc. all complete. (GWSSB SOR 2022-23 ITEM NO-15.1B. PAGE NO 25) (Without GST) **PN-1.6 IS5312 with ISI Mark 200 mm-03 Nos.** | 03 Nos. |
| 6 | **Sluice Valves** Providing and Supplying ISI mark CI D/F Sluice Valves as per IS:14846 (Latest Edition) of following class and diameter including all taxes, insurance, transportation, freight charges, octroi, inspection charges, loading unloading conveyance to Departmental store, stacking etc, all complete. (GWSSB SOR 2022-23 ITEM NO-13.1F, PAGE NO 22) (Without GST) **PN- 1.6 with hand wheel /cap operated (PD type short body) : 200 mm Size-03 Nos.** | 03 Nos. |

શરતો:-

(૧) તમામ ટેકનીકલ ડેટા સાથે રજીસ્ટર એડી./સ્પીડ પોસ્ટ/કુરીયર થી તા.૨૬/૦૩/૨૦૨૬ સુધીમાં ભાવો ભરીને પહોચતા કરવાના રહેશે.

(૨) ભાવો સાથે રૂા.૨૬,૦૦૦/- EMD (રીફંડેબલ) પેટે રાષ્ટ્રીયકૃત બેન્કની એફ.ડી.આર./ડી.ડી. રજુ કરવાનો રહેશે.

(૩) ભાવો ભરનાર એજન્સીએ કવોટેશન સાથે પાર્ટીએ મેન્યુફેક્ચરર અથવા ઓથોરાઈઝ્ડ ડીલરનું પ્રમાણપત્રો અથવા કોન્ટ્રાક્ટ રજીસ્ટ્રેશન, પાનકાર્ડની નકલ, જી.એસ.ટી.સર્ટિફીકેટ, ઈ.પી.એફ. રજીસ્ટ્રેશન, ઈ.એસ.આઈ.સી. સર્ટીફીકેટ પ્રોફેશનલ ટેકસ ભર્યાના આધારો,અનુભવના પ્રમાણપત્ર વિગેરે ટેકનીકલ ડોક્યુમેન્ટ્સ સામેલ રાખવાના રહેશે.

(૪ ) ભાવ મંજુર થયે પાર્ટી દ્વારા કુલ કીમતના ૫% લેખે ધોરણસર સીક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે તથા કરારખત કરવાનો રહેશે.

(૫) ભાવ ભરનાર એજન્સીએ GST વગરના ભાવ ભરવાના રહેશે. GST અલગથી ચુકવવામાં આવશે.

(૬) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૩૫ દિવસમાં કામ પૂર્ણ કરવાનું રહેશે. અન્યથા માન.કમિશ્નરશ્રી ના નિર્ણય મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૭) જી.ડબલ્યુ.એસ.એસ.બી. વેન્ડર લીસ્ટમાં સમાવિષ્ટ પૈકીના મેઇકના માલસામાન સપ્લાયર્ની ઓફર જ માન્ય રાખવામાં આવશે. બીડ વેલીડીટી પીરીયડ ૬૦ દિવસ રહેશે.

(૮) ભાવો એફ.ઓ.આર જામનગર શહેરના ઊંડ-૧ ડેમ ખાતે સાઈટ ઉપર પહોચાડવા તમામ માલસામાન સપ્લાય ટ્રાન્સપોર્ટેશન સાથેના તથા તમામ ટેક્સ સાથેના આપવાના રહેશે.

(૯) પાર્ટી દ્વારા થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન જે.એમ.સી/જી.યુ.ડી.એમ.ઈમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ પાસે પોતાના ખર્ચે કરાવવાનું રહેશે..

(૧૦) સરકારશ્રીના નિયમો અનુસાર લાગુ પડતા તમામ ટેકસ ભરવાની જવાબદારી ભાવ ભરનાર એજન્સીની રહેશે.

(૧૧) ભાવ મંજુર/ના મંજુર કરવાની સતા સક્ષમ ઓથોરીટી જામનગર મહાનગરપાલિકાની રહેશે.

(૧૨) ડીફકેટ લાયેબીલીટી પીરીયડ/વોરંટી પીરીયડ સપ્લાય તારીખથી ૧ (એક) વર્ષનો રહેશે

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

૧૫૪

નં.જેએમસી/વો.વ./૦૨૧/ઊંડ-૧ હે.વ./૨૨૨૧/૨૫-૨૬, તા.૧૮/૦૩/૨૦૨૬

# કોર્પોરેશનનું રૂ.૧૧૩૨ કરોડનું બજેટ રજુ, પાયાની સુવિધાથી લઇ હેરિટેજ સુધીના વિકાસ કાર્યોને પ્રાથમિકતા

## સિટીઝન્સ બજેટની અનોખી પહેલ, સામાન્ય નાગરિકોના ૧૪૯માંથી ૬૪ સુચનો સમાવાયા

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૧૧૩૨ કરોડનું જમ્બો બજેટ રજૂ કર્યું છે. 'માર્વેલસ મોરબી ૨.૦' થીમ હેઠળ રોડ, પાણી, ડ્રેનેજ, ગાર્ડન, હેરિટેજ અને સ્માર્ટ સુવિધાઓ સહિતના અનેક વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી છે. ખાસ કરીને નાગરિકોના ૬૪ સૂચનોનો સમાવેશ કરીને સિટીઝન્સ બજેટ પહેલને પણ કરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકાનું બજેટ જેમાં ગત વર્ષના રૂ.૭૮૩ કરોડના બજેટની સરખામણીમાં નોંધપાત્ર વધારો કરીને રૂ.૧૧૩૨ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. આ વર્ષનું બજેટ 'માર્વેલસ મોરબી ૨.૦' થીમ હેઠળ શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. આ બજેટમાં મૂડી ખર્ચ અંદાજે રૂ.૯૭૪ કરોડ અને મહેસુલી બજેટ રૂ.૧૭૬ કરોડ રાખવામાં આવ્યું છે, જ્યારે રૂ.૧૦.૮૫ કરોડ અનામત તરીકે ફાળવવામાં આવ્યા છે. પાલિકાએ પારદર્શકતા વધારવા સિટીઝન્સ બજેટ નામની અનોખી પહેલ કરી, જેમાં નાગરિકો પાસેથી મળેલા ૧૪૯ સૂચનોમાંથી ૬૪ મહત્વના સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.વિકાસ કાર્યોમાં શહેરની કનેક્ટિવિટી સુધારવા રૂ.૫૫ કરોડના ખર્ચે ૬ નવા આઉટગ્રોથ રોડ બનાવવામાં આવશે. ઉપરાંત રૂ. ૭૦ કરોડના ખર્ચે ૨૨ નવા રસ્તાઓ અને જૂના રસ્તાઓનું રીસર્ફેસિંગ હાથ ધરાશે. પાણીની સમસ્યા ઉકેલવા રૂ.૪૯.૫૧ કરોડના ખર્ચે વોટર ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અપગ્રેડ કરવામાં આવશે, જ્યારે ગટરના પાણીના નિરાકરણ માટે રૂ.૭૮ કરોડના ખર્ચે બે નવા STP બનાવાશે. માર્કેટ રીડેવલપમેન્ટ માટે રૂ.૩૫ કરોડ, વાઈટ ટોપિંગ રોડ માટે રૂ.૩૨.૫૭ કરોડ અને ડ્રેનેજ લાઈન વિકાસ માટે રૂ.૨૧.૯૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. વોકેબલ મોરબી પ્રોજેક્ટ હેઠળ રૂ.૨૦ કરોડના ખર્ચે શહેરના મુખ્ય માર્ગોનું બ્યુટીફીકેશન કરવામાં આવશે. હેરિટેજ અને પ્રવાસન વિકાસ માટે નહેરુ ગેટથી દરબારગઢ સુધી હેરિટેજ વોક-વે તથા મણીમંદિરમાં ૩-ડી લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરાશે. શહેરના ૨૪ સર્કલનું નવીનીકરણ અને ૯ મુખ્ય રસ્તાઓનું બ્યુટીફીકેશન પણ યોજાયું છે.

આ સાથે નાગરિકોને હરિયાળુ અને આરામદાયક વાતાવરણ આપવા ૬ નવા ગાર્ડન, ૬ તળાવોના બ્યુટીફીકેશન, પોકેટ ગાર્ડન, બોટેનિકલ ગાર્ડન અને ઑક્સીજન પાર્ક વિકસાવાશે. સાથે જ નવી સ્ટ્રીટ લાઈટ્સ, ડાયનેમિક લાઈટિંગ અને મોર્ડન લાઈબ્રેરીઓના નિર્માણથી શહેરને આધુનિક સ્વરૂપ આપવામાં આવશે.

# એલ.ઈ.કોલેજ નજીક રૂ.૮૧.૩૦ લાખના ખર્ચે હેરિટેજ ગાર્ડન બનાવાશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા એલ.ઈ. કોલેજ નજીક રૂ.૮૧.૩૦ લાખના ખર્ચે ગાર્ડન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. હેરિટેજ થીમ સાથે સુસજ્જ આ ગાર્ડનમાં વોકવે, એમ્ફી થિયેટર, પથ્થરની બેઠકો, લાઈટિંગ અને ગ્રિનીંગની સુવિધાઓ ઉપલબ્ધ હશે, જે વિદ્યાર્થીઓ અને શહેરના નાગરિકો માટે અભ્યાસ અને મનોરંજનનું આદર્શ કેન્દ્ર બનશે.

પ્રોજેક્ટમાં હેરિટેજ વિઝિટર સેન્ટરને મૂળભૂત ઈમારતની રચનાને જાળવી તૈયાર કરવામાં આવશે. ગાર્ડનમાં રેડ સોઈલ વોકવે બનાવવામાં આવશે, જે પદયાત્રીઓ અને વાહનો માટે સ્પષ્ટ માર્ગભેદ આપે છે.

વિદ્યાર્થીઓ માટે અર્ધવર્તુળાકાર એમ્ફી થિયેટર અને હેરિટેજ થીમ આધારિત પથ્થરના બેંચો પણ મુકવામાં આવશે. રાત્રિના સમયે આકર્ષક દેખાવ માટે હેરિટેજ લેમ્પ પોસ્ટ સાથે આધુનિક ઉર્જા બચાવતી એલઈડી લાઈટ્સ સ્થાપિત થશે. ગ્રીનરી અને લેન્ડસ્કેપિંગ માટે નાનાં-મોટાં છોડ, શ્રબ્સ અને ગ્રાઉન્ડ કવર પ્લાન્ટેશન કરવામાં આવશે. હેરિટેજ થીમ સાથે સુસંગત ઓછી ઊંચાઈની બાઉન્ડ્રી વોલમાં ઈન્ટિગ્રેટેડ લાઈટિંગની સુવિધા રહેશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી ગાર્ડન વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને મનોરંજનનું કેન્દ્ર બનશે.

## પરશુરામ યુવા ગ્રુપના ઉપપ્રમુખ રાકેશ પંડયાનો આજે જન્મદિવસ



મોરબી શહેરના યુવા પત્રકાર અને પરશુરામ યુવા ગ્રુપના ઉપપ્રમુખ રાકેશ પંડ્યાનો આજે જન્મદિવસ છે, રાકેશ પંડ્યા પોતાના નિર્ભય અને નિષ્પક્ષ પત્રકારત્વ માટે જાણીતા છે અને સામાજિક તેમજ જાહેર મુદ્દાઓ પર સક્રિય ભૂમિકા ભજવતા રહ્યા છે. તેમના જન્મદિવસે તેમના મોબાઈલ નં. ૯૭૨૭૪ ૨૩૦૩૦ પર તેમજ સોશિયલ મીડિયા માધ્યમો દ્વારા અને રૂબરૂ મળી રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો, સગા-વ્હાલા અને મિત્રવર્તુળમાંથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

# ચરાડવા નજીક બાઈક સ્લીપ થતા ચાલકનું મોત

## બિલ્ડીંગ અને ઝાડ પરથી પટકાતા બે યુવકના મોત

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં એક જ દિવસે અલગ અલગ સ્થળોએ ચાર અપમૃત્યુના બનાવ નોંધાતા ચકચાર મચી છે.

મોરબી વિસ્તારમાં ત્રાજપર ચોકડી નજીક આવેલ શિવ અંજની કોર્પોરેશન હાઉસના ઉપરના માળેથી પડી જતા માધાપર શેરી નં.૨૪ માં રહેતા ગણેશભાઈ માવજીભાઈ પરમાર ઉવ.૪૦નું મોત થયું હતું.


ટંકારા તાલુકાના બંગાવડી ગામ નજીક દેવળીયા રોડ ઉપર કલસીંગ બનાભાઈ પરમાર ઉવ. આશરે ૩૫ મુળ ગામ-પાવગામ છાપરી ફળીયા તા-ધાનપુર જી-દાહોદ વાળા ઝાડ પર ડાળી કાપવા ચડ્યા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ થયું હતું.

ચરાડવા ગામ નજીક કેટી મીલ પ્રાથમિક શાળા સામે હાઈવે ઉપર બાઈક એમપી-૬૯-ઝેડડી-૦૬૩૧ લઈને જયંતીભાઈ મંગળીયાભાઈ ચૌહાણ બાઈક સ્લીપ થઈ જતા તેઓને માથા અને શરીરે ગંભીર ઈજા થતા તેમનું મોત થયું હતું.

# વાંકાનેરમાં કોમી એકતાના પ્રતીક હજરત શાહ બાવાનો ઉર્ષ કાલે ઉજવાશે

## રમજાન ઈદના બીજા દિવસે ઉર્ષની ઉજવણીમાં અઢારેય વરણ એક થઈને જોડાશે

**અબતક લિતેશ ચંદારાણા**
**વાંકાનેર**



વાંકાનેર સહિત સૌરાષ્ટ્રમાં કોમી એખલાસ ના પ્રતીક વાંકાનેર ના રસાલા રોડ પર આવેલી હજરત જોરાવર પીર બાવાની દરગાહે રમજાન ઈદ પછીના દિવસે૨૨/૩ ૨ા દિવસે ઉર્સની પરંપરાગત ઉજવણી કરવામાં આવશે.

રમજાન ઈદના બીજા દિવસે સવારે દસ વાગે દરગાહે ચાદર અને સલામી બાદ ઝુલુસ શરૂ થશે આઝુલુસમાં શાહબાવાના ગાદી તકિયા અને તેમની છડી મુબારક સાથે રાખીને ઝુલુસ પ્રસાદ ચોકથી ગ્રીન ચોક, તાવડી ચોક, હરિદાસ રોડ ,માર્કેટ ચોક ,પ્રતાપ ચોકથી શાહબાવાના ચોક ખાતે દરગાહ શરીફ પર ચાદર અને સલામ બાદ સમુહપ્રસાદ તકસીમ( વિતરણ) કરવામાં આવશે. આ ઉરસમાં અઢારેય વરણ જોડાશે

આ વખતે શાહ બાબા ના દરગાહ ની મસ્જિદના મિનારા નું કામ શરૂ છે તેમાં યોગદાન આપવા યોગદાનની રકમ તે જૂરીમાં ના ખવા લોકોને અપીલ કરવામાં આવી છે

## વાવડી ગામે પોલીસને જોઈ જતા વિદેશી દારૂ મૂકી બે શખ્સો નાસી ગયા

**અબતક, ઋષી મહેતા**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાવડી ગામથી મોઢેશ્વર મહાદેવ મંદિર વાળા કાચા રસ્તા ઉપર આવતા જ્યાં ડબલ સવારી જ્યુપીટર મોપેડ રજી.નં. જીજે-૩૬-એએન-૫૪૯૦ માં આવતા હોય ત્યારે પોલીસને દૂરથી આવતી જોઈ બુટલેગર કિશન છગનભાઈ ડાભી તથા સાજીદ ઉર્ફે ટેણી બન્ને રહે. મોરબી વાળા જ્યુપીટર રેઢું મૂકીને નાસી ભાગી ગયા હતા. ત્યારે પોલીસે મોપેડની તલાસી લેતા તેમાંથી ૮પીએમ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૧૦૦/-મળી આવી હતી. જેથી પોલીસે મોપેડ તથા દારૂ સહિત રૂ.૩૬,૧૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી નાસી ગયેલ બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સિરામિક એકમો બંધ થવા છતા ઉદ્યોગકારોને સુરક્ષા અર્થે સીસીટીવી કેમેરા ચાલુ રાખવા તાકીદ

## જિલ્લા પોલીસ વડા મુકેશ પટેલની અધ્યક્ષતામાં ઉદ્યોગકારો સાથે બેઠક યોજાઈ

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબીમાં યુદ્ધની પરિસ્થિતિને લઈ ગેસની અછતને કારણે સીરામીક એકમો બંધ કરવા પડ્યા જેને લઈને એસોસિએશન દ્વારા ૧૫ એપ્રિલ સુધી સામુહિક વેકેશનની જાહેરાત બાદ મોરબી પોલીસ દ્વારા યોજાયેલી બેઠકમાં પોલીસ અધિકારીઓએ ઉદ્યોગકારોને વર્તમાન પરિસ્થિતિમાં વધુ સતર્ક રહેવા માર્ગદર્શન આપ્યું હતું. મુકેશ પટેલ સહિતના અધિકારીઓએ ખાસ કરીને ઉદ્યોગો બંધ હોય ત્યારે સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવી, સીસીટીવી કેમેરા ચાલુ રાખવા, નિયમિત દેખરેખ રાખવી તથા મજૂરો સાથે શાંતિપૂર્ણ વ્યવહાર રાખવા સૂચના આપી હતી.







મોરબીના એસોસિએશન હોલ ખાતે જીલ્લા પોલીસ વડા મુકેશ પટેલ, ડીવાયએસપી જે.એમ.આલ તથા સારડા તેમજ અન્ય અધિકારીઓની હાજરીમાં ઉદ્યોગકારો સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં વર્તમાન પરિસ્થિતિ અને ઉદ્યોગો બંધ રહેતા સમયે કઈ કાળજી રાખવી તે મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે સિરામિક ઉદ્યોગોમાં શટડાઉન ચાલી રહ્યું હોય ત્યારે સુરક્ષાની દ્રષ્ટિએ દરેક યુનિટમાં ભાગીદારો દ્વારા નિયમિત મુલાકાત લેવાની સલાહ આપવામાં આવી હતી. ચોરી કે અન્ય ગુનાઓના બનાવોમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક જાણ કરવાની અને કોઈપણ સંજોગોમાં કાયદો પોતાના હાથમાં ન લેવાની ખાસ સૂચના આપવામાં આવી હતી. આ બેઠક દ્વારા ઉદ્યોગકારોને સાવચેત રહી વ્યવસ્થિત રીતે કામગીરી સંભાળવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મહાપાલિકા નવી એનિમલ હોસ્ટેલ બનાવશે

## હોસ્ટેલમાં પશુ માલીકો પોતાના પશુીઓને મૂકી શકશે



**અબતક, ઋષી મહેતા**

શહેરી રસ્તાઓ પર રખડતા પશુઓને નિયંત્રિત કરવા અને પશુ માલિકોને સરળતા આપવા મોરબી મહાનગરપાલિકા શહેરમાં નવા એનિમલ હોસ્ટેલ બનાવવાની પ્રક્રિયા હાથ ધરશે.

મોરબી મહાનગરપાલિકા એએનસીડી વિભાગ દ્વારા માર્ચ ૨૦૨૫ થી રખડતા પશુઓને પકડવાની કામગીરી ચાલી રહી છે. શહેરમાં ગાય, ભેંસ, બકરી અને અન્ય પાલતું પશુઓને રાખવા માટેની જગ્યા ન હોવાને કારણે તેઓ અનેક વખત રોડ પર આવી જતા હોવાથી શહેરી જનતા માટે અડચણ અને ટ્રાફિક સમસ્યા ઉભી થઈ રહી છે. આ સમસ્યાનો નિકાલ લાવવા માટે મહાનગરપાલિકા દ્વારા નાની વાવડી અને સબ જેલ વિસ્તારમાં નવી એનિમલ હોસ્ટેલ બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ હોસ્ટેલમાં પશુ માલિકો પોતાના પશુઓને સાચવી અને જાળવી શકશે.


એનિમલ હોસ્ટેલ શરૂ થતાં પશુઓની રજીસ્ટ્રેશન પ્રક્રિયા, રજીસ્ટ્રેશન ફી અને નિયમો અંગેની વિગત જાહેર કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ પશુ માલિકોને અપીલ કરવામાં આવી છે કે, પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન સમયસર કરાવી લેવાનું યાદીમાં જણાવ્યું છે.

# ફૂડ શાખાની ટીમે હોટલમાંથી શાક, પાણીપુરીનું પાણી, મિક્સ ભજીયા અને દાળના નમુના લીધા

## ૭ કિલો ચટણી અને ૧૦ લીટર દાઝ્યા તેલનો સ્થળ પર નાશ, ૧૩ પેઢીને નોટિસ ફટકારાઈ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા ફૂડ શાખાએ શહેરમાં હોટલમાંથી ખાદ્ય પદાર્થના નમૂનાઓ લઈ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલાયા છે. ચટણી, દાઝ્યા તેલનો સ્થળ પર નાશ કરાયો હતો.





મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા જીલ્લા ફૂડ અધિકારી નીરવભાઈ ચૌધરી અને ફૂડ સેફ્ટી ઈન્સ્પેક્ટર હિમાનીબેન ત્રિવેદીની ઉપસ્થિતિમાં મોરબી શહેરના નેહરુ ગેટ નાસ્તા ગલી, શનાળા રોડ, ભક્તિનગર સર્કલ નજીક હોટલ અને રેસ્ટોરન્ટના ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેવા મેગાડ્રાઈવ કરવામાં આવી હતી. કુલ ૧૬ ખાદ્ય પદાર્થમાંથી ૧૦ નમૂનાઓ લેવામાં આવ્યા, જેમાં ૮ સર્વેલન્સ અને ૨ એન્ફોર્સમેન્ટ નમૂનાઓ છે. નમૂનાઓમાં વિવિધ હોટલ્સમાંથી બટેકાનું શાક, ઢોકડીનું શાક, સેવટમેટાનું શાક, પાણીપુરીનું પાણી, ભેળ, મીક્ષભજીયા, પંજાબી શાકની ગ્રેવી અને દાળ સામેલ છે. તમામ નમૂનાઓ લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જો નમૂનાઓ ફેલ થાય તો FSSAI ACT, 2006 અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે. ડ્રાઈવ દરમિયાન ૭ કિલો ચટણી અને ૧૦ લીટર દાઝ્યા તેલનો નાશ કરવામાં આવ્યો, તેમજ હોટલમાં નાસ્તા માટે છાપેલા ૧૫ કિલો જથ્થાના ન્યુઝપેપરનો પણ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ફૂડ શાખા દ્વારા ૩૦ પેઢી ઉપર તપાસ કરવામાં આવી, જેમાં ૧૩ પેઢી માટે લાઈસન્સ અને હાઈજીન અંગે નોટિસ પાઠવવામાં આવી હતી.

# ઘુંટુ ગામે જનેતાને પુત્રએ છરી વડે જાનથી મારી નાખવાની આપી ધમકી

**અબતક, ઋષી મહેતા**

મોરબીના ઘુંટુ ગામે કળયુગી પુત્રએ પોતાની સગી માતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને છરી બતાવી ધાક ધમકી આપતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ત્યારે બનાવ બાદ માતા ભયભીત થઈ ઘર છોડીને બહાર નીકળી ગઈ હતી.

મોરબી તાલુકાના ઘુંટુ ગામે રામનગરી સોસાયટી વિસ્તારમાં રહેતા સુમિત્રાબેન પ્રેમજીભાઈ હરજીભાઈ ગોહીલે ઉવ.૪૭ મૂળ ઈંગરોડી ગામ તા.લખતર જી.સુ.નગર વાળાએ મોરબી પોલીસ મથકમાં પોતાના પુત્ર રોહિત પ્રેમજીભાઈ ગોહિલ સામે ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત તા.૧૯ માર્ચની રાત્રે તેમનો પુત્ર રોહિત ગોહીલ ઘરે આવી ગંદી ગાળો બોલી તેમને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. ત્યારે ભયભીત થયેલ સુમિત્રાબેન ઘર છોડીને અમદાવાદ સ્થિત તેમની બહેનને ત્યાં ગયા હતા. બાદમાં તેઓ પોતાની બહેન સાથે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નનો સ્થળ પર નિકાલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તાર સેવાસેતુ ૨.૦ કાર્યક્રમનું આયોજન બે અલગ અલગ સ્થળ ઉપર જેમાં તાલુકા શાળા મણીમંદિર પાસે તેમજ વજેપર વાડી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. ડેપ્યુટી કમિશનર અને આરોગ્ય અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરી જનોએ વિવિધ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો

સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આવકના દાખલા, રેશનકાર્ડને લગતી કામગીરી, આધારકાર્ડ સુધારા, જન્મ પ્રમાણપત્ર, આરોગ્યલક્ષી કાર્ડ, મેડિસિન સારવાર, ઘરેલું વીજ જોડાણ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના, ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના, બેસ કનેક્શન પાસ, જેવા અન્ય સરકારી યોજનાઓના ફોર્મ અરજી




સ્વીકારવાની સાથે સ્થળ પર જ નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમનું પારદર્શક રીતે કામગીરી થાય અને સફળ આયોજન બનાવવા માટે મહાનગરપાલિકાનાં સ્ટાફ અને વિવિધ વિભાગના અધિકારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ભાજપ કાર્યાલય ખાતે વિવિધ મોરચાના હોદ્દેદારોનો અભિવાદન સમારોહ યોજાયો



**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે વિવિધ મોરચાના હોદ્દેદારોનો અભિવાદન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે મોરબી જીલ્લા ભાજપના પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, જીલ્લા પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા તથા જીલ્લા મહામંત્રી નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે અને ચતુરભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ સુખદેવભાઈ દેલવાડિયા તેમજ વિવિધ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓએ હાજરી આપી કાર્યક્રમનું ગૌરવ વધાર્યું હતું. કાર્યક્રમ દરમિયાન હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું અને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મોરબી-પુનાવાડા નવી ગુર્જર નગરી બસ સેવાનો પ્રારંભ: મુસાફરોની સુવિધામાં વધારો



**અબતક, ઋષિ મહેતા**

મોરબી એસટી ડેપો ખાતે મોરબીથી પુનાવાડા સુધી નવી ગુર્જર નગરી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જનસુખાકારીને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલી આ સેવા દ્વારા મુસાફરોને વધુ સુવિધા મળશે.જેને ભાજપના આગેવાનો તથા એસ.ટી. વિભાગના અધિકારીઓની હાજરીમાં લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવેશભાઈ કણજારીયા, ભુપતભાઈ જારીયા, જયદીપભાઈ દેત્રોજા, અનિલભાઈ વરમોરા, કેતનભાઈ વિલપરા, કેયુરભાઈ પંડ્યા, રોહિતભાઈ કણજારીયા સહિત મોરબી ડેપો મેનેજર કુંપાવત અને એસ.ટી. સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. નવી બસ સેવા મોરબીથી દરરોજ સવારે ૭ વાગ્યે વાયા અમદાવાદ અને બાલાસિનોર માર્ગે પુનાવાડા જશે, જ્યારે પુનાવાડાથી બીજા દિવસે સવારે ૮.૩૦ વાગ્યે મોરબી માટે પરત ફરશે. આ નવી સેવા શરૂ થતા મુસાફરોને વધુ સુવિધા અને સરળ પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ બનશે.

# વાંકાનેર: ચા બનાવવાના મામલે પતિએ પત્નીને માર માર્યો

**અબતક, ઋષીમહેતા**

વાંકાનેરમાં ચા બનાવી આપવા જેવી સામાન્ય બાબતે પતિએ પત્ની સાથે બોલાચાલી કરી ગાળો આપી ઝપાઝપી કરીને માર માર્યો હતો. પત્નીની ફરિયાદ આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા હેઠળ પતિ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

વાંકાનેર શહેરના મત્રી સોસાયટી વિસ્તારમાં રહેતા જોશનાબેન અશોકભાઈ ભીખાભાઈ રાઠોડે પોતાના પતિ અશોકભાઈ ભીખાભાઈ રાઠોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, તા.૧૯ માર્ચના રોજ ચા બનાવવાની બાબતે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમ્યાન પતિએ ગાળો આપી ઝપાઝપી કરી પત્નીને શરીર અને માથાના ભાગે ઈજા પહોંચાડી હતી. બનાવ બાદ જોશનાબેને વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટના નામાંકિત ડોક્ટર પાસે ૨૫ લાખની ખંડણી મંગાઈ

# તબીબે જ તબીબના અંગત પળોના વીડિયો મેળવી કથિત પત્રકારો પાસે 'કાઉન્ટર' કરાવ્યું

### સાધુ વાસવાણી રોડ પરના ક્લિનિકમાં સ્પાઈ કેમેરો ગોઠવી અશ્લીલ વીડિયો મેળવી કહેવાતાં પત્રકારોને આપ્યાં અને ખંડણીનો ખેલ શરૂ થયો

#### એવા બદનામ કરશું કે આપઘાત સિવાય કોઈ વિકલ્પ નહિ રહે : બે વર્ષ પૂર્વે તબીબને પ્રથમવાર વીડિયો મોકલી ધમકી અપાઈ

સમગ્ર મામલે પોલિસ વર્તુળોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર તબીબને પાંચેક વર્ષ પૂર્વે તેણે સાધુ વાસવાણી રોડ પર શરૂ કરેલા બીજા ક્લિનિકમાં તેની અંગત પળોનો વીડિયો વર્ષ ૨૦૨૪ માં જૂન મહિનામાં એક વોટસએપ નંબરથી મોકલાયો હતો. બાદમાં તે નંબર ઉપરથી તેની પાસે ખંડણી મંગાઈ હતી, જો રકમ ન મળે તો જીવવા જેવા નહીં રહેવા દેશું તેવી ધમકી અપાઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૬ માં એક ઈન્સ્ટા આઈડીમાં કાર્ટુન ટાઈપ લેડિઝ અને જેન્ટસનો કિસ કરતો ફોટો મૂકી તેમાં નામાંકિત તબીબનો કામુકતાભર્યો વીડિયો ચર્ચાના ચગડોળે તેવું કેપ્શન મુકાયું હતું. તેમજ અમદાવાદથી ઘનશ્યામ પટેલે પોતાની પાસે તેનો વીડિયો હોવાનો કોલ કરી તબીબને અમદાવાદ રૂબરૂ મળવા બોલાવ્યા હતા. પરંતુ તેણે ઈન્કાર કરતાં બીજા દિવસે જીગર સોઢાએ આવી પોતાના બોસ ઘનશ્યામ પટેલે રૂબરૂ મોકલ્યાનું કહ્યું હતું. જેણે જોઈ લેવાની ગર્ભિત ધમકી આપી હતી.

તેના ચાર દિવસ બાદ હિરેન મકવાણા પાસે વીડિયો હોવાનું અને એવા બદનામ કરશું કે આત્મહત્યા. સિવાય કોઈ રસ્તો નહીં રહે તેવી ધમકી આપી હતી.

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા લાંબા સમયથી બની બેઠેલા પત્રકારો યેનકેન પ્રકારે બ્લેકમેલિંગ કરી પ્રજાને રંઝાડ આપી રહ્યા છે. ફોટોગ્રાફી કરી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી ફક્ત તોડપાણી કરતા કથિત પત્રકારોના લીધે સાચા મીડિયા હાઉસની વિશ્વસનિયતા પર પણ સવાલો ઉભા થઈ ગયા છે. ત્યારે તોડબાજ પત્રકારોના વધુ એક તોડ પ્રકરણનો ભાંડાફોડ થયો છે. શહેરના એક જાણીતા તબીબને નિશાન બનાવી તેમની અંગત પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ૨૫ લાખ રૂપિયાની મસમોટી ખંડણી માંગવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી તબીબ, કથીત પત્રકારો સહિત ૧૨ શખ્સો સામે આકરી કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાં તજવીજ આદરી છે.



સમગ્ર મામલે ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ફરીયાદી તબીબ શહેરના જાણીતાં તબીબ છે, તેઓને નિર્મળા રોડ પર હોસ્પિટલ આવેલ છે. જ્યાં ઘણાં વર્ષોથી બીએએમએસ તબીબ ડો.કમલ નાંઢા નોકરી કરે છે. તે તબીબ કમલે ફરીયાદી તબીબને ફસાવા આખેઆખું કારસ્તાન ગોઠવ્યું હતું. વર્ષ ૨૦૨૩ માં તેના પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે ફરીયાદી તબીબના સાધુ વાસવાણી રોડ પર આવેલ ક્લિનિકને ટાર્ગેટ કર્યું અને ક્લિનિકમાં અને તમામ રૂમમાં સ્પાઈ કેમેરા ફિટ કરી દિધા. જે બાદ ફરીયાદી તબીબ તેની સ્ત્રી મિત્ર સાથે ત્યાં મળતા અને ત્યાં તેઓએ માણેલ અંગત પળો તે કેમેરામાં કેદ થઈ હતી. જેમના તમામ એક્સેસ આરોપી ડો. કમલ પાસે હતાં. જે તમામ વિડીયો ફૂટેજ આરોપીએ મેળવી લીધા હતાં. જે બાદ તે વિડીયોના આધારે ફરીયાદી તબીબને બદનામ કરવા કથીત પત્રકારોનો સંપર્ક કર્યો હતો.

જે બાદ આ ઘટનામાં રાજકોટ અને અમદાવાદના બોગસ પત્રકારોની એન્ટ્રી થઈ હતી અને તેઓએ આ વિડીયોના આધારે તબીબને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. તેમજ તબીબને ધમકી આપી હતી કે, ‘‘તમારા વીડિયો અમારી પાસે છે, જો ૨૫ લાખ રૂપિયા નહીં આપો તો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી દઈશું અને તમારી પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી દઈશું. શરૂઆતમાં બદનામીના ડરથી તબીબ ગભરાઈ ગયા હતા અને શરૂઆતના સમયમાં ભયભીત થઈ રૂ.૫૦ હજાર ખંડણી આપી પણ દીધી હતી.જે બાદ ખંડણીખોરોની માંગ સતત વધતી જતી હોવાથી તેમણે હિંમત દાખવી પોલીસનો સંપર્ક કર્યો હતો. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરતાં ચોંકાવનારા ખુલાસા થયાં હતાં. હાલ પોલીસે આ ગુનામાં આકરી કલમો હેઠળ ૧૨ શખ્સો સામે નામજોગ અને બે મોબાઈલ નંબર ધારક સામે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

#### વર્ષ ૨૦૨૪ થી કહેવાતા પત્રકારોએ પૈસા પડાવવાનું શરૂ કર્યું : તબીબે એજન્ટ મારફતે ૫૦ હજાર ચૂકવ્યા છતાં લાખોની માંગણી

#### સ્પાઈ કેમેરાથી એક કે બે નહિ ૪ હજાર વિડીયો રેકોર્ડ કર્યા’તા

તોડ પ્રકરણનો મુખ્ય સૂત્રધાર તબીબ કમલ નાંઢાએ હોલ્ડરમાં સ્પાઈ કેમેરો ફિટ કર્યો હતો. જે કેમેરાથી આશરે ચાર હજાર વિડીયો રેકોર્ડ કરવામાં આવ્યાનું પોલિસની તપાસમાં ખુલ્યું છે. પોલીસમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં મળેલા વીડિયોમાં કેટલાક મહિલા દર્દીઓને ઈન્જેકશન તેમજ સારવાર આપતા વિડીયો પણ આરોપીઓ પાસે છે સાથે સાથે તેમાં તબીબી અંગત પળોના વિડીયોનો પણ સમાવેશ થાય છે.

#### પીળું પત્રકારીત્વ કરી મીડિયાની વિશ્વસનિયતા પર જોખમ ઉભું કરતા કહેવાતા પત્રકારો કોણ?

તબીબ પાસે ખંડણી ઉઘરાવવાના કારસાનો મુખ્ય સૂત્રધાર તબીબ કમલ નાંઢા છે. તેણે અંગત પળોનો વિડીયો કહેવાતા પત્રકારોની ટોળકીને આપ્યા હતા અને બાદમાં ખંડણીનો ખેલ શરૂ થયો હતો. ખંડણી ઉઘરાવવા રઘવાયા બનેલા કહેવાતા પત્રકારોની યાદી નીચે મુજબ છે.

**હિરેન ભીખુ મકવાણા(સત્યની ગર્જના)**
**અજયસિંહ દોલુભા ચુડાસમા**
**હાર્દિક નીતીન ડોડીયા**
**જગદીશ તેરૈયા (રાજકોટ હેડલાઈન)**
**જીગર સોઢા(ભારત ટાઈમ્સ)**
**ધનશ્યામ પટેલ(ભારત ટાઈમ્સ)**
**જતીન નથવાણી- સ્વાતી નથવાણી(ભારત ટાઈમ્સ)**
**અમીત ઠક્કર(ભારત હેડલાઈન્સ)**
**ભરત(બી-૧ ન્યુઝ)**
**મો.નં. ૮૧૨૮૬૯૬૭૯૫ તેમજ મો.નં.૭૯૮૪૮-૪૩૩૪૭ નો ધારક**

#### કહેવાતા પત્રકારોની ગીદડભપકીઓથી કંટાળી તબીબ પોલિસ પાસે પહોંચ્યા : સાયબર ક્રાઈમ પોલીસે તબીબ કમલ નાંઢા, કહેવાતા પત્રકારો સહિત ૧૨ શખ્સો સામે ગુનો નોંધ્યો

# પોલારપર ગામે વાવાઝોડામાં પ્રોઢ છાપરા પરથી પટકાયા

### જસદણ બાદ વધુ સારવાર માટે આધેડને રાજકોટ ખસેડાયા

**અબતક રાજકોટ**

જસદણ તાલુકાના પોલારપર ગામમાં આવેલા અચાનક વાવાઝોડા અને વરસાદમાં ઘરનું છાપરું પવનમાં ઊડી ન જાય તે માટે તેને પકડવા ગયેલા પ્રોઢ પવનના જોરને કારણે ૧૦ ફૂટની ઊંચાઈએથી નીચે પટકાયા હતા. જેને સારવાર અર્થે તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, પોલારપર ગામમાં રહેતા કાળુભાઈ સોમાભાઈ ખસીયા (ઉં. ૪૦) ગત ૧૯ માર્ચે સાંજે ૪:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. તે સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતા ભારે પવન અને વરસાદ શરૂ થયો હતો. પવનની ગતિ વધુ હોવાથી ઘરની ઉપરના પતરાં ઉડવા લાગ્યા હતા. પોતાના ઘરને બચાવવાના આશયથી કાળુભાઈ છાપરું પકડવા માટે ઉપર ગયા હતા, પરંતુ પવનના વધારે વેગને કારણે તેઓ ૧૦ ફૂટ જેટલી ઊંચાઈએથી નીચે જમીન પર પટકાયા હતા. જેમાં કાળુભાઈને પડખાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે જસદણ બાદ વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કાળુભાઈ મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાના છે.

# ચોટીલાના ગુંદા ગામે પ્રોઢે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

### વાડીએ ભરેલા પગલાથી પરિવારમા અરેરાટી , કારણ અકબંધ

**અબતક રાજકોટ**

ચોટીલા તાલુકાના ગુંદા ગામમાં પ્રોઢએ ઝેરી દવા પી જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. અગમ્ય કારણોસર ભરેલા આ અંતિમ પગલાને લીધે પરિવારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, ગુંદા ગામમાં રહેતા વિજયભાઈ દેવશીભાઈ પલારીયા (ઉં. ૩૫) ગઈકાલે સવારે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ પોતાની વાડીએ હતા. આ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર તેમણે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ તેમને તાત્કાલિક સારવાર અર્થેરાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ રહેલા વિજયભાઈનું ગઈકાલે સાંજે ૫:૦૦ વાગ્યાની આસપાસ મોત નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક વિજયભાઈ ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા, તેઓ બે ભાઈ તથા બે બહેનોમાં સૌથી મોટા અને અપરિણીત હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવનું કારણ અકબંધ છે. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે.

# વાંકાનેરના દીઘલિયામાં ભત્રીજાને ડરાવતા શખ્સને ઠપકો આપવા જતા પ્રોઢ પર કર્યો હુમલો

### મારા ભત્રીજાને છરી બતાવી કેમ ડરાવે છે?‘‘ તેમ કહેતા શખ્સે છાતીમાં છરી ઝીંકી દીધી

**અબતક રાજકોટ**

વાંકાનેર તાલુકાના ડીઘલિયા ગામમાં પોતાના ભત્રીજાને છરી બતાવી ડરાવતા શખ્સને ઠપકો આપવા ગયેલા પ્રોઢ પર છરી વડે હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. હુમલામાં ઘવાયેલા પ્રોઢને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ ડીઘલિયા ગામમાં રહેતા રૂફમુદીન હુસેનભાઈ સરેસિયા (ઉં.વ. ૩૮) ગઈકાલે સાંજના સમયે ગામના ભરવાડ વાસ વિસ્તારમાં હતા. ત્યારે તેના પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, રૂફમુદીનભાઈના જણાવ્યા અનુસાર, તનવીર નામનો શખ્સ તેમના ભત્રીજા તોહિદને છરી બતાવી ડરાવી રહ્યો હતો. આ બાબતની જાણ તોહિદે તેના કાકાને કરતારૂફમુદીનભાઈ તનવીર પાસે પૂછપરછ કરવા ગયા હતા. રૂફમુદીનભાઈએ તનવીરને કહ્યું કે તું મારા ભત્રીજાને કેમ છરી બતાવી ડરાવે છે?‘‘ તેમ કહેતા જ આરોપી તનવીર ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની પાસે રહેલી છરી વડે રૂફમુદીનભાઈ પર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં તેમને છાતી અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમને તાત્કાલિક વાંકાનેર સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત રૂફમુદીનભાઈ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ચાર દીકરી અને એક દીકરો છે. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોમાં બીજા નંબરના છે. હાલ આ મામલે પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની અને હુમલાખોર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# વિંછીયાના ગોરૈયા ગામે બે વર્ષથી પ્રેક્ટિસ કરતો ઝોલાછાપ તબીબ ઝડપાયો

### ગ્રેજ્યુએશન કરી ડોક્ટર બની બેઠેલા શખ્સને દવા, ઈન્જેકશન સહિતના મેડિકલ સાધનો સાથે રૂરલ એસઓજી ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

વિછીંયાના ગોરૈયા ગામે બે વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ તબીબને રૂરલ એસઓજીની ટીમે દબોચી મેડિકલ સાધનો કબ્જે કર્યા હતાં.ગ્રેજ્યુએશન કરેલ શખ્સ તબીબ બની ક્લિનિક ચલાવવા લાગ્યો હતો.



દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ચંદુભાઈ પલાળીયા અને વિજયભાઈ વેગડને વિછીંયાના ગોરૈયા ગામ બસસ્ટેન્ડની પાછળ, ચબુતરાની બાજુમાં મેરૂભાઈ ખાંભલ્યાના ભાડાના મકાનમાં ધર્મેશભાઈ ડેરવાળીયા નામનો શખ્સ કોઈપણ મેડીકલ ડીગ્રી ધરાવતો ન હોવા છતા ગેરકાયદેસર કલીનીક ચલાવે છે અને હાલે તેની પ્રેક્ટીસ ચાલુ છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે દરોડો પાડી ક્લિનિકમાં તપાસ કરતાં ખુરશી ઉપર ગળામાં સ્ટેથોસ્કોપ સાથે બેઠેલ એક શખ્સને અટકમાં લઈ તેનું નામ પુછતા પોતાનુ નામ ધર્મેશ હરજીભમ ડેરવાળીયા (ઉ.વ.૩૫, હાલ રહે, વિંછીયા સત્યજીત સોસાયટી, વિંછીયા, મુળ રહે, સુરકા ગામ, બોટાદ) હોવાનુ જણાવેલ હતું.

એસઓજીની ટીમે તે શખ્સ પાસે મેડીકલ પ્રેકટીશને લગતી કોઈ ડીગ્રી હોય તો રજુ કરવાનું કહેતા તેની પાસે કોઈ મેડિકલ ડિગ્રી ન હોવાનું જણાવ્યું હતું અને પોતે આ કલીનીક દોઢેક વર્ષથી ચલાવતો હોવાનુ અને કલીનીકમાં તપાસ કરતા કલીનીકમાંથી જુદા-જુદા દર્દો મટાડવાની ટેબ્લેટસ તથા ઈન્જેકશનો તથા સીરીજ તથા નીડલ તથા મેડીકલ પ્રેકટીશને લગતા અન્ય સાધનો તથા દવાઓ મળી આવેલ હતાં. પોલીસે કુલ રૂ.૨૪૫૫૪ ના મેડિકલ સાધનો કબ્જે કરી બોગસ તબીબની ધરપકડ કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સે ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ કરેલ છે અને તે બે વર્ષથી બોગસ તબીબ બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનું સામે આવ્યું છે.

# કોટડાસાંગાણીના તત્કાલિન ઈન્ચાર્જ સરપંચ ધવલ વધાસિયા ભ્રષ્ટાચારના ગુનામાં અંતે જામીન પર મુક્ત

### ખોટા રેકોર્ડ ઉભા કરી રૂ.૫૨.૫૯ લાખની નાણાકીય ગેરરીતિના ગુનામાં પૂર્વ ધારાસભ્યનો પુત્ર જેલ હવાલે હતો

**અબતક,રાજકોટ**

કોટડાસાંગાણી ગ્રામ પંચાયતમા ખોટા રેકોર્ડ ઉભા કરી આશરે ₹૫૨.૫૯લાખની નાણાકીય ગેરરીતિ આચરી રસ્તાના કામોમાં ભ્રષ્ટાચારના ગુનામાં જેલ હવાલે રહેલા ગોંડલના પૂર્વ ધારાસભ્ય ચંદુભાઈ વધાસિયા પુત્ર અને તત્કાલિન ઉપસરપંચ અને ઈન્ચાર્જ સરપંચ ધવલ વધાસિયાનો લાંબી કાનૂની લડાઈના અંતે જામીન પર છુટકારો થયો છે.વધુ વિગત મુજબ કોટડા સાંગાણી તાલુકા વિકાસ અધિકારી દ્વારા કોટડા સાંગાણી ગ્રામ પંચાયતના તત્કાલિન ઉપસરપંચ અને ઈન્ચાર્જ સરપંચ ધવલ ચંદુભાઈ વધાસિયાએ ખોટા દસ્તાવેજો બનાવી અને વિકાસ કામોમાં ₹૫૨.૫૯લાખની ગેરરીતિ આચર્યા અંગેની ફરિયાદ નોંધવામાં આવી છે. હોદ્દાનો દુરઉપયોગ કરી રાષ્ટ્રીય પર્વની ઉજવણીમા સ્ટેજના, ઈલેકટ્રીક



એડવોકેટ વિજયરાજસિંહ જાડેજા

સાઉન્ડ મળી કુલ રૂ.૧૫,૮૦૦ ના બીલો મામલતદાર કચેરી દ્વારા ચુકવેલ હોવા છતા ખોટા બીલ/હીસાબ બનાવી ચુકવણી કરેલ હોવાનુ રેકર્ડ બનાવી તેમજ એટીવીટી યોજનાની ગ્રાન્ટના મજુર થયેલા સી.સી.રોડ ને બદલે ૧ ૧૨ ચો.મી. સી.સી. રોડનુ કામ કરી બાકીના ૪૯૪ ચો.મી. સી.સી.રોડનુ કામ સ્થળ પર નહી કરી તેના સરકારી નાણા ની ગેરરીતી કરી તેમજ નાણાપંચના વિકાસના મંજુર થયેલ પૈકી ૧૧ કામોમા નાયબ કાર્યપાલક ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરની સહીઓ વાળા બનાવટી પૂર્ણતા પ્રમાણપત્રો રજુ કરી ખોટુ સરકારી રેકર્ડ ઊભું કરી તેની ખરા તરીકે ઉપયોગ કરી અગાઉથી આયોજન કરી પોતાના ગુનાહીત હેતુ પાર પાડવા અંગે રૂ.૫૨,૫૯,૨૦૦ ની રોકડ રકમ મેળવી નાણાકીય ગેરરીતી આચરી અને સરકારી તંત્ર સાથે છેતરપીડી કર્યા અંગેની ફરીયાદ નોંધાવી હતી.ગંભીર કૌભાંડને પગલે પોલીસે તપાસ હાથ ધરી ધવલ વધાસિયાની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા. તપાસની દ્વારા અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવતા ધવલ વધાસિયાએ જામીન પર સૂટવા ગોંડલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જેની ચુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ વિજયરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલી દલીલમાં આરોપીએ કોઈ ખોટા બીલ બનાવેલ નથી ૧૨૦ બીનો ચાર્જ છે તે મુજબ કોઈ અન્ય આરોપીની ધરપકડ થયેલ નથી આરોપી સામે પ્રાઈમાફેસી લાંચ રુશ્વત ધારાની કલમ લાગુ પડતી નથી આરોપીએ કોઈ ભ્રષ્ટાચાર કરેલ નથી તેમજ વિશેષમાં અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ભભશ વાળા કેસનું જજમેન્ટ રજૂ કરવામાં આવેલું હતું તમામ દલીલ અને દસ્તાવેજી પુરાવાને અંતે અદાલતે ધવલ વધાસીયા ને ₹૧,૦૦,૦૦૦ ના શરતી જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.

# ગોંડલના વેપારી પાસે રૂ. ૭.૨૩ લાખના સીંગદાણા મંગાવી વલસાડનો શખ્સ પોબારા ભણી ગયો

### દલાલ મારફતે વેપારીનો સંપર્ક કરી માલ મંગાવ્યો : પૈસા બાબતે વારંવાર વાયદાઓ કર્યા બાદ ફોન સ્વીચઓફ કરી દીધો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના સીંગદાણાના વેપારી પાસેથી વલસાડના શખ્સેં માલ મંગાવી રૂ. ૭.૨૩ લાખ નહિ ચૂકવી છેતરપિંડી આચરી હતી. દલાલ મારફતે વેપારીનો સંપર્ક કરી માલ મંગાવી પૈસા ચૂકવવા બાબતે વારંવાર વાયદાઓ કરી બાદમાં ફોન સ્વીચ ઓફ કરી ભૂગર્ભમાં ઉતરી જનાર ઠગ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

ગોંડલના ગુંદાળા રોડ પર ડી.કે.નગરમાં રહેતા ૪૬ વર્ષીય પ્રૌઢ વિજયભાઈ મગનભાઈ ડેડકીયાએ ગોંડલ બી ડિવિઝન પોલિસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે કિશન મનોજભાઈ સવસાણી(રહે. મધુસુદન એન્ટરપ્રાઈઝ, ધરમપુર ચોકડી , તિરુપતિ પ્લાઝા, શોપ નં.-૩૨, વલસાડ)નું નામ આપતાં જણાવ્યું હતું કે, હું ગોંડલ જામવાડી જી.આઈ.ડી.સી.-૨ મા યમુના એન્ટરપ્રાઈઝ નામથી મગફળીના શીંગદાણાની પેઢી ધરાવી શીંગદાણાનું વેચાણ કરૂ છુ. આ મારી ભાગીદારી પેઢી છે જેમા પીયુષભાઈ દિનેશભાઈ ગરાળા (રહે ગોંડલ) અને સંજયભાઈ બાબુભાઈ ડેડકીયા (રહે ગોંડલ, ડેકોરા સીટી) ભાગીદાર છે. અમે છેલ્લા સાતેક વર્ષથી ભાગીદારી પેઢી ચલાવીએ છીએ. અમારા કારખાનમા મગફળીની પ્રોસેસ કરી સિંગદાણા બનાવી ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં વેચાણ કરીએ છીએ. અમારો વેપાર દલાલ મારફતે થતો હોય છે અને ઘણા દલાલ એવા હોય છે જેનુ નામ સાંભળેલ હોય પરંતુ જોયેલ ન હોય કે અગાઉ ક્યારેય તેની સાથે કોઈ પ્રકારનો વેપાર પણ કરેલ ન હોય છતાં અમે વિશ્વાસ કેળવી ધંધો કરતા હોઈએ છીએ.

વેપારીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ હું તથા મારા બન્ને ભાગીદારો અને મારા મોટા ભાઈ વિપુલભાઈ અમારી પેઢી ખાતે બેઠેલ હતા. ત્યારે મારા મોટાભાઈ વિપુલભાઈએ વાત કરેલ કે, મને રાકેશભાઈ કારીયા (રહે જુનાગઢ)નો ચારેક દિવસ પહેલા ફોન આવેલ હતો અને મને કહેલ હતુ કે, તમેં ક્યા પ્રકારના સીંગદાણા બનાવો છો. જેથી મે કહેલ કે ૨૪ નંબરના તથા ૩૭ નંબરના દાણા બનાવીયે છીએ. જેથી રાકેશભાઈ કારીયાએ મને કહેલ કે મારી પાસે ૨૪ નંબરના સીંગદાણાનો એક વેપારી કીશનભાઈ મનોજભાઈ સવસાણી (રહે.વલસાડ) છે અને તે ૫ થી ૧૦ ટન અંદર માલ લેવા માંગે છે, તમારો મોબાઈલ નંબર તેને આપુ છુ એ તમને આ બાબતે ફોન કરશે. જેથી મે રાકેશભાઈને કહેલ કે, માલ બે દીવસમા બની જશે. થોડીવાર બાદ મને કિશનભાઈ સવસાણીનો ફોન આવેલ કે, મને માલ વિડીયો કોલમાં બતાવો. જેથી મેં વિડીયો કોલમ માલ બતાવ્યો હતો. બાદ કિશનભાઈએ કહેલ કે, જેટલો થાય તેટલો માલ ભરી દેજો. બાદ રાકેશભાઈએ કીશનભાઈની પેઢીનુ નામ, સરનામુ તથા જી.એસ.ટી.નંબર મને વોટસએપમા મોકલેલ હતા. જે પેઢીનુ નામ મધુસુદન એન્ટરપ્રાઈઝ (ધરમપુર ચોકડી, તીરૂપતી પ્લાઝા શોપ નં.૩૨,વલસાડ) હોવાનું જાણવા મળ્યું હતું.

બાદ તા-૦૩/૧૦/૨૦૨૫ ના મારાભાઈ વીપુલભાઈ તથા અમે ત્રણય ભાગીદારો અમારી પેઢી ખાતે હાજર હતા ત્યારે સવારના દસેક વાગ્યાની આસપાસ એક વ્યક્તિ અમારી પેઢી ખાતે આવેલ અને કહેલ કે, મને રાકેશભાઈ કારીયાએ મોકલેલ છે અને મારે માલ જોવાનો છે. જેથી તેને માલ બતાવેલ હતો. બાદ આ વ્યક્તિએ કહેલ કે, માલ ઓકે છે અને હુ ગાડી મંગાવી લઉં છુ પણ અમે આ વ્યક્તિનુ નામ, સરનામુ કે મોબાઈલ નંબર લીધેલ ન હતા. ત્યારબાદ તે વ્યક્તિ ત્યાંથી જતો રહેલ હતો. બાદ મારા મોટાભાઈને રાકેશભાઈ કારીયાનો ફોન આવેલ કે, તમારે ત્યાં ટ્રક રજી. નં.જીજે-૧૧-વીવી -૧૮૪૬ આવશે તેમા માલ મોકલી આપજો. બાદ બપોરના બારેક વાગ્યાની આસપાસ અમારી પેઢીમા ટ્રક રજી.ન-જીજે-૧૧-વીવી-૧૮૪૬ આવેલ જેમાં અમે સીંગદાણાના ૧૯૮ કટ્ટા જેની કિંમત રૂ.૭,૨૩,૪૯૨ ભરી વલસાડ મોકલી આપેલ હતો.

જે બાદ દસેક દિવસ વીતી જતાં પેમેન્ટ નહિ મળતા કિશનભાઈને ફોન કરતા તેણે સતત વાયદાઓ શરૂ કર્યા હતા. જેથી મારા મોટા ભાઈ વિપુલભાઈ અને મારા ભાગીદાર પીયુષભાઈ વલસાડ ખાતે રૂબરૂ ગયેલ હતા. જ્યા કિશનભાઈ મળેલ અને તેની પાસે શીંગદાણાના રૂપીયા માગતા તેણે કહેલ કે, મારે ઉઘરાણી લેવાની બાકી છે, જે આવી જશે એટલે તમને હું પૈસા મોકલાવી દઈશ. બાદ વધુ દશ દીવસ રાહ જોવા છતાં પૈસા નહિ આવતા કિશનભાઈને ફોન કરતા તેનો મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવેલ હતો. બાદ રાકેશભાઈનો સંપર્ક કરતા તેણે પણ કોઈ સરખો જવાબ આપેલ ન હતો. ત્યારબાદ કીશનભાઈએ જુનાગઢમા પણ કોઈ વેપારી સાથે શીંગદાણાનુ ચીટીંગ કર્યાનું અને તેના વીરૂધ્ધ જુનાગઢમાં ફરીયાદ દાખલ થયેલ હોવાનું જાણવા મળતા વેપારીએ પણ રૂ. ૭.૨૩ લાખની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવી હતી.

# ધોરાજી: એસ. ટી. ડેપો ખાતે બે બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા

**અબતક. રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી અને આસપાસના વિસ્તારના મુસાફરોની સુવિધામાં વધારો કરવાના ઉમદા હેતુ સાથે ધોરાજી એસ.ટી. ડેપો ખાતે બે નવી બસોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ધોરાજી-ઉપલેટા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે સંપન્ન થયો હતો, જ્યાં તેમણે નવી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ રાજ્ય સરકારની વાહનવ્યવહાર સુવિધાઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે નવી બસો



આવવાથી સ્થાનિકો અને ગ્રામ્ય જનતાની મુસાફરી વધુ સુખદ અને સરળ બનશે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં ધોરાજી ભાજપ સંગઠનના વિવિધ હોદ્દેદારો, નગરપાલિકાના સભ્યો તેમજ સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. એસ.ટી. તંત્રના અધિકારીઓએ પણ ધારાસભ્ય અને પધારેલા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વિકાસના કામોની આ હારમાળામાં નવી બસોનો ઉમેરો થતા વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

# ગાંધીધામના અબતકના પત્રકાર ભારતી માખીજાણીનું ભારતીય સિંધુ સભા દ્વારા સન્માન



**અબતક, ગાંધીધામ**

સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન ઝૂલેલાલની જન્મજયંતી 'ચેટી ચાંદ'ની ગાંધીધામ અને આદિપુરમાં ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે આદિપુર ખાતે ચેટી ચાંદ મેલા સમિતિ દ્વારા સિંધી સમાજના મહિલા પત્રકાર ભારતી માખીજાણીનું 'સિંધી પાગ' પહેરાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીધામમાં નીકળેલી ભવ્ય શોભાયાત્રા દરમિયાન કંડલા કોમ્પ્લેક્ષ મહેશ્વરી સમાજના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને સિંધી સમાજને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત, રાત્રિના સમયે મૈત્રી સ્કૂલ ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ પત્રકાર ભારતી માખીજાણીનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન પૂજા, આરતી, શોભાયાત્રા અને સન્માન સમારોહ જેવા વિવિધ કાર્યક્રમોથી ગાંધીધામ-આદિપુર સિંધીયતના રંગે રંગાયું હતું.

# સોરઠ પંથકમાં માવઠાને કારણે આંબાવાડિયાના ખેડુતોને મોમાં આવેલો કોળિયો ઝુંટવાયો

## વંથલીમાં ચિકુ ખરી પડ્યા, માંગરોળમાં કેળાના પાકને પણ નુકસાન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુરુવારે સોરઠ પંથકમાં પડેલ માવઠાએ આંબાડિયાના ખેડૂતો અને ઈજારાદારોના મોં મા આવેલ કોળિયો ઝુંટવાઇ ગયો છે તો કેરીના સ્વાદ પ્રેમીઓને આ વખતે કેરી મોંઘા ભાવે ખરીદવી પડશે, જેથી કેરીનો સ્વાદ કદાચ કડવો લાગે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો નવાઈ નથી. આવી જ રીતે માવઠા એ ચીકુ, કેળા સહિતના ફળાદી પાકને પણ ભારે નુકસાની આપી છે. જેને લઈને લાચાર બનેલા ખેડૂતોને માથે હાથ દઈને બેસી જવાનો વારો આવ્યો છે.


સોરઠના ખાસ કરીને મેંદરડા, જુનાગઢ, સાસણ ગીર, વંથલી સહિતનો પંથક કેસર કેરીનું હબ ગણાય છે. ત્યારે માવઠા એ આ વખતે સોરઠની કેસર કેરી ઉપર ગ્રહણ લગાવ્યું છે. મેંદરડા, વંથલી અને સાસણ ગીરના અનેક આંબાવાડિયાના આંબાઓ ખાખડી અને પુખ્ત કાચી કેરીથી ઝૂમે જુમે હતાં. તે આંબાઓ માવઠા અને તેજ પવનના કારણે ખંખેરાઈ ગયા છે. આ વખતે કેસર કેરીનું ઉત્પાદન ખૂબ ઓછું થશે, જેના કારણે ખેડૂતોને ફરી એક વખત ભારે નુકસાનીનો સામનો કરવો પડશે તેવું ખેડૂતો જણાવી રહ્યા છે.

એક તો આ વખતે આંબામાં ત્રણ વખત મોર આવ્યા હતા, જેના કારણે કેરીનું ઉત્પાદન ઓછું થવાની શક્યતા હતી. ત્યારે જ કમોસમી વરસાદે કહેર વરસાવતા ખાખડી અને પુખ્ત થયેલ કેરી ખરી પડતા આ વખતે કેરીના ઉત્પાદનમાં ૫૦ થી ૬૦ ટકા ઘટાડો આવશે તેવું આંબાવાડીયાના ખેડૂતો જણાવી રહ્યા છે. બીજી બાજુ આંબાના ઈજારા રાખતા ઈજારાદારો પણ આ વખતે ભારે મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે, મોર બંધાતાની સાથે જ ઈજારાદારો આંબાવાડીયાના લાખો રૂપિયામાં ઈજારા રાખી લેતા હોય છે, ત્યારે કમોસમી વરસાદ થતાં અને કેરીઓ ખરી પડતા, અને હજુ પણ માવઠાની આગાહી છે. જેના કારણે ઈજારાદારો પણ ભારે આર્થિક અસંકટમાં મુકાયા છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડના વેપારીના જણાવ્યા મુજબ, આ વખતે કેસર કેરીનું ઉત્પાદન ઓછું થવાની શક્યતા છે. એક તરફ આંબાવાડી ઓની આબે ખિલખિલાટ કરતી કેરીઓ ખરી પડી હતી તો બીજી બાજુ વંથલી પૂર્ણતાના આરે કુભેલ ચીકુડી ઉપર રહેલા ચીકુ મોટા પ્રમાણમાં ખરી પડ્યા હોવાનો વસો બાગના માલિકો કરી રહ્યા છે આવી જ પરિસ્થિતિ માંગરોળ પંથકમાં થી સામે આવી રહી છે માંગરોળના કેળના બાગના ખેડૂતો દ્વારા માવઠાથી કેળાના પાકને પણ ભારે નુકસાન થયું હોવાનું જણાવી રહ્યા છે.

# પડધરીના થોરીયાળી ગામે શોર્ટ સર્કિટથી ખેડૂતોના ૩૬ વીઘા ઘઉંનો પાક બળીને ખાખ

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**



પડધરી તાલુકાના થોરીયાળી ગામે વીજતાર તૂટી પડવાની એક દુખદ ઘટનામાં ત્રણ ખેડૂતોનો તૈયાર થયેલો ઘઉંનો પાક બળીને ખાખ થઈ ગયો છે. ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનમાં અચાનક શોર્ટ સર્કિટ થતા તણખલા ખેતરમાં પડ્યા હતા, જેના કારણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ આકસ્મિક આગમાં હર્ષદભાઈ બચુભાઈ શિંગાળાના ૧૮ વીઘા, વશરામભાઈ જીવરાજભાઈના ૯ વીઘા અને કેશવજીભાઈ જીવણભાઈ કમાણીના ૯ વીઘા મળી કુલ ૩૬ વીઘા જમીનમાં વાવેલા ઘઉંનો પાક સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયો છે. મોઢે આવેલો કોળિયો છીનવાઈ જતાં અસરગ્રસ્ત ખેડૂતો પાયમાલ થઈ ગયા છે અને હવે તંત્ર પાસે યોગ્ય વળતરની આશા રાખી રહ્યા છે.

# ગાંધીધામમાં ચેટીચાંદની ઉજવણી: 'જય ઝૂલેલાલ'ના નાદ સાથે નીકળી વિશાળ શોભાયાત્રા



**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ**

સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન ઝૂલેલાલની જન્મજયંતી 'ચેટી ચાંદ'ની ગાંધીધામમાં જેએમટી ટ્રસ્ટ દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સવારે ઝૂલેલાલ મંદિર ખાતે બહેરાણા સાહેબની જ્યોત પ્રગટાવી મહાઆરતી અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજાયા હતા. સાંજે મંદિર ખાતેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં વિવિધ સંદેશા આપતી ૧૯ જેટલી ઝાંખીઓ જોડાઈ હતી. ડીજે, ઢોલ અને શરણાઈના સૂર સાથે શહેરના મુખ્ય માર્ગો પર ફરેલી આ યાત્રામાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, પૂર્વ અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય અને અન્ય રાજકીય-સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચાવલા ચોક સહિતના વિસ્તારોમાં પુષ્પવૃષ્ટિથી શોભાયાત્રાનું સ્વાગત કરાયું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને રાત્રે સંગીત સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું

# ઉપલેટાનો ઈમરાન ઉર્ફે મોંઘોબાપુ બે માસ માટે રાજકોટ જિલ્લામાંથી હદપાર

**અબતક, રાજકોટ**

દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિ કરતો ઉપલેટાનો ઈમરાન ઉર્ફે મોંઘાબાપુને બે માસ માટે રાજકોટ જિલ્લામાંથી હદપાર કરી દેવાયો હતો.

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ થાણા અમલદારોને દારૂ જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્તનાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ધોરાજી વિભાગના એએસપી સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બીઆર પટેલની ટીમ દારૂ જુગારની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા શખ્સો વિરુદ્ધ અસરકારક કામગીરી કરવા પ્રયત્નશીલ હતી. દરમિયાન વારંવાર આ પ્રકારના ગુના આચરતો શખ્સ ઈમરાન ઉર્ફે મોંઘાબાપુ મહમદહનીફ કાદરી (રહે પાટણવાવ રોડ, ઉપલેટા,રાજકોટ) ની હદપાર દરખાસ્ત તૈયાર કરી



તસ્વીરઃ કિરીટ રાણપરીયા

હતી. જે દરખાસ્તને એસડીએમએ મંજૂરી આપતાં ઈમરાન ઉર્ફે મોંઘાબાપુને બે માસ સુધી રાજકોટ જિલ્લામાંથી હદપાર કરવા હુકમ કરવામાં આવેલ હતો.

આ કામગીરી ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી આર પટેલ, એએસઆઈ ધરમચંદ કટોચ, પંકજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ જાંબુકિયા, કૌશિકભાઈ જોશી, ચંદ્રકાંતભાઈ રોજાસરા, કોન્સ્ટેબલ મિતુલભાઈ ગરેજા અને રાહુલભાઈ વાજા દ્વારા કરવામાં આવી હતી.

# મયુર ડાયકેમના માલિક અને ભાગીદારોને ત્યાંથી બેનામી દસ્તાવેજો મળી આવ્યા

## બીજા દિવસે તપાસ ચાલુ રહી, કંપની સાતે નાણાંકીય ધંધાકીય વ્યવહારો કરનારને ત્યાં તવાઈ ઉતરશે

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં શુક્રવારે ઈન્કમ ટેક્સ ની ટીમે મયુર ડાયકેમ સહીત કુલ ૨૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ તપાસ શનિવારે પણ ચાલુ રહી હતી. તપાસ દરમ્યાન મોટા પ્રમાણમાં રોકડ ને બેનામી દસ્તાવેજો મળી આવ્યા હોવાનું આવકવેરાના અધિકારીઓએ જણાવ્યું છે. જે કબ્જે લેવાયું છે. આ સિવાય કંપનીના માલિકોએ કરેલા રોકાણ, ખરીદ વેચાણના વ્યવહારની ચકાસણી સોમવારથી શરૂ કરશે.સમગ્ર તપાસ પૂર્ણ થયા બાદ ટેક્સ ચોરીનો આંકડો જાહેર કરવામાં આવશે.આ અંગે આવકવેરાના અધિકારીઓએ જણાવ્યુ હતું કે, અમદાવાદની મયુર ડાયકેમ કંપની દવારા ટેક્સ ચોરી થતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે શુક્રવારે આઈ ટી ની ટીમે તપાસ હાથ ધરી હતી. વટાવામાં આવેલી ઓફિસ તેમજ કપનીના માલિકો અને તેના ભાગીદારોના ઘરે આઈ ટી ની ટિમ તપાસ માટે પહોંચી હતી. ઘણા લાંબા સમય બાદ આવકવેરાની ટીમે તપાસ કરતા કરચોરોમાં ફફડાટ ફેલાયો છે. આ સિવાય આવક વેરા ના અધિકારીઓએ જણાવ્યું છે કે મયુર ડાયકેમ કંપની એક્સપોર્ટ પણ કરે છે. ત્યારે અત્યાર સુધીમાં કંપની એ કેટલુ એક્સપોર્ટ કર્યું છે. તેની વિગત પણ ચકાસવામાં આવશે. આવકવેરા વિભાગે ટેક્સચોરી ઝડપી લેવા માટે આગામી દિવસોમાં અનેક મોટા બિલ્ડરો, ધંધર્થીઓ, સોની વેપારીઓને ત્યાં તપાસ -સર્વે કરે તેવી સભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજકોટ ગ્રામ્ય પોલીસના જુગારના બે દરોડા : પાંચ મહીલા સહીત ૨૦ ઝડપાયા

## મેટોડા જીઆઈડીસી પોલિસેં ખીરસરાના મકાનમાં પતા ટીંચતી મહિલાઓ સહીતની ટોળકીને પકડી : વિંછીયા પોલિસેં રેવાણીયાની વાડીમાં ધમધમતા જુગારના પાટલા પર દરોડો પાડ્યો, કુલ રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલિસેં જુગારના બે દરોડા પાડી પાંચ મહિલા સહીત ૨૦ ખેલીઓને ઝડપી રૂ.૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જુગારના પ્રથમ દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર મેટોડા જીઆઈડીસી પોલીસની ટીમ દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્ત નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા પ્રયત્નશીલ હતી. દરમિયાન પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે ખીરસરાના ગોકુલનગર મફતીયાપરામાં આવેલ મકાનમાં દરોડો પાડી અહીં જુગાર રમતા કાજલબેન મહેશભાઈ વાગડિયા, રેખાબેન વાલજીભાઈ ઝાંખેલીયા, વનીતાબેન દિનેશભાઈ રત્નોતર, રેખાબેન મુકેશભાઈ રાઠોડ, કાજલબેન મહેશભાઈ રાઠોડ, નિતેશભાઈ કેશુભાઈ સોલંકી, કમલેશભાઈ કાળુભાઈ લગવાડીયા, શૈલેષભાઈ લાખાભાઈ સીતાપરા, મનસુખભાઈ શીવાભાઈ સવાસળીયા અને મહેશભાઈ ઉર્ફે જીણકો દિનેશભાઈ રાઠોડને રોકડ રૂપિયા ૩૫, ૫૦૦ તથા સાત મોબાઈલ અને અલગ અલગ ચાર વાહન મળી કુલ રૂ.૨,૪૫, ૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા.

જયારે જુગારના અન્ય દરોડામાં વિછીયા પોલીસની ટીમે રેવાણીયા ગામની સીમમાં આવેલ વાડીમાં જાહેરમાં પતા ટીચતા વનરાજભાઈ જલુભાઈ મકવાણા, વિનુભાઈ વલ્લભભાઈ મકવાણા, ભાવેશભાઈ પરસોતમભાઈ જાદવ, દિનેશભાઈ જેરામભાઈ રોજાસરા, દાનાભાઈ મનજીભાઈ જમોડ, હિતેશભાઈ ઉકાભાઈ રાજપરા, હિતેશભાઈ રાણાભાઈ જાડા, ભનુભાઈ ભોપાભાઈ રાજપરા, સંજયભાઈ ધીરુભાઈ જાદવ અને ભુપતભાઈ વાઘાભાઈ તલસાણીયાને રોકડ રૂ.૪૩૫૦૦ અને સાત મોબાઈલ મળી કુલ રૂ.૭૪,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

# પડધરીની મહિલા પાસે વ્યાજખોરે ૨૫ હજારના ૮૦ હજાર માંગી ખૂનની ધમકી આપી

## માસિક ૧૨% વ્યાજ સાથે પૈસા આપીશ તો જ ઘરેણાં પરત આપીશ કહી ધમકાવ્યા : મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

પડધરીનો વ્યાજખોર નાથા રણછોડ કણજારીયાએ મહિલાના દાગીના પડાવી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પડધરી પોલીસ મથકમાં મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. વ્યાજખોરે રૂ.૨૫ હજારના ૧૨ ટકા લેખે ૮૦ હજાર આપવાં પડશે કહીં વ્યાજખોર સોના-ચાંદીના દાગીના ઓળવી ગયો હતો.

બનાવ અંગે પડધરીના આંબેડકરનગરમાં રહેતા જોશનાબેન ભાવેશભાઈ નકુમ (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે નાથા રણછોડ કણજારીયા (રહે.સતવારા શેરી પડધરી) નું નામ આપતા પડધરી પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓને અંગત જરૂરિયાત માટે રૂપિયાની જરૂરિયાત ઊભી થતા તેને વ્યાજખોર નાથા કણજારીયાનો સંપર્ક કર્યો હતો. તેણીએ આરોપીને રૂ.૨૫ હજારની જરૂરિયાત હોવાનું કહેતા આરોપીએ રૂપિયાના બદલે દાગીના ગીરવે મૂકવા પડશે તેવું જણાવતા ફરિયાદીએ પોતાના સોના ચાંદીના દાગીના ગીરવે મૂકી રૂ.૨૫ હજાર વ્યાજે લીધા હતા.

જે બાદ ફરિયાદી રૂ.૨૫ હજાર પરત આપવા માટે આરોપી પાસે જતા તેને રૂ.૨૫ હજારના મહિને ૧૨ ટકા જેટલું વ્યાજ ગણી રૂ.૮૦ હજાર આપવા પડશે, જો તું પૈસા નહીં આપે તો સોના ચાંદીના દાગીના પરત નહિ આપું અને હવે જ્યારે પણ ઘરેણા લેવા પરત આવે ત્યારે વ્યાજ સહિતના રૂપિયા લઈને આવજે નહિતર જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી. જે ફરીયાદ પરથી પડધરી પોલીસે ગુનો નોંધી વ્યાજખોર શખ્સની શોધખોળ આદરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ભારત - ચીન...

માટે વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને વાણિજ્ય મંત્રાલયની લીલી ઝંડી મળી ગઈ છે. વિદેશ સચિવ વિક્રમ મિસરી અને ઉત્તરાખંડના મુખ્ય સચિવ આનંદ વર્ધન વચ્ચેના પત્રવ્યવહાર બાદ વહીવટીતંત્ર એક્શનમાં આવ્યું છે. હવે સ્થાનિક જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ ભટગાઈના માર્ગદર્શન હેઠળ કસ્ટમ્સ, બેંકિંગ અને સુરક્ષા એજન્સીઓ વેપારીઓ માટે સુવિધાઓ ઉભી કરશે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### ઈન્ટરનેટ ઠપ્પ...

આ કેબલ્સ ભારત, પાકિસ્તાન અને આરબ દેશો માટે ઈન્ટરનેટની જીવાદોરી સમાન છે. જો આ કેબલને યુદ્ધમાં નુકસાન થાય અથવા તો ઈરાન દ્વારા મુકવામાં આવેલી દરિયાઈ સુરંગોને કારણે તે કપાય, તો ગૂગલ, એમેઝોન અને માઈક્રોસોફ્ટ જેવી સેવાઓ ખોરવાઈ શકે છે.

### ઔદ્યોગિક ડીઝલ...

ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયાથી વધીને સીધો ૧૦૯.૫૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો છે. ભારતમાં કુલ ડીઝલ વેચાણમાં બલ્ક ગ્રાહકોનો હિસ્સો ૧૨% જેટલો છે, જેમાં રેલવે, સંરક્ષણ, ખાણકામ, મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન કંપનીઓનો સમાવેશ થાય છે.ઓઈલ કંપનીઓના અધિકારીઓના જણાવ્યા અનુસાર, બલ્ક ડીઝલ અને છૂટક ડીઝલના ભાવમાં આટલો મોટો તફાવત હોવાથી કેટલાક બલ્ક ખરીદદારો સસ્તું ઈંધણ મેળવવા માટે છૂટક પેટ્રોલ પંપ તરફ વળે તેવી શક્યતા નકારી શકાય નહીં. હાલમાં ઓઈલ કંપનીઓને ડીઝલ પર પ્રતિ લિટર આશરે ૩૨ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે, અને આ ૨૨ રૂપિયાનો વધારો તે નુકસાનની માત્ર આંશિક ભરપાઈ જ કરશે. જો સંરક્ષણ અને રેલવે જેવા મોટા ખરીદદારો બજાર કિંમત ચૂકવે તો ઓઈલ કંપનીઓ અને અંતે સરકાર પર પડતો આર્થિક બોજ ઘટાડી શકાય છે.

આ ભાવવધારાની સીધી અસર દેશની અર્થવ્યવસ્થા અને મોંઘવારી પર પડી શકે છે. મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે ઈંધણનો ખર્ચ વધવાથી તેઓ આ વધારાનો બોજ ગ્રાહકો પર નાખશે, જેના કારણે મોંઘવારીમાં વધુ ઉછાળો આવવાની સંભાવના છે. જોકે, છૂટક પંપ પર ઈંધણ ભરાવતી ખાનગી ટ્રકોને કોઈ અસર થશે નહીં, પરંતુ પોતાના ડેપો પર ઈંધણ ભરતા બલ્ક ગ્રાહકોને આ આર્થિક ફટકો સહન કરવો પડશે.

ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે. ક્રૂડના વધતા ભાવને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓની કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ)ની જરૂરિયાતો વધી ગઈ છે. બલ્ક ડીઝલના ભાવમાં વધારો કરવાથી રિફાઈનરીઓને વૈશ્વિક કિંમતોમાં થયેલા વધારાને કારણે વધેલા ખર્ચને અમુક અંશે સરભર કરવામાં મદદ મળશે અને તેઓ તેમની કાર્યકારી મૂડીનું વધુ અસરકારક રીતે સંચાલન કરી શકશે.

(૧૨માં પાનાનું ચાલું)

### આરસીબી...

મોટો ચાવીરૂપ ખેલાડી વિરાટ કોહલી છે,જેણે આઈપીએલમાં ૮૦૦૦ થી વધુ રન બનાવ્યા છે.પાવરપ્લેમાં ફિલ સોલ્ટનો ઊંચો સ્ટ્રાઈક રેટ કોઈપણ ટીમ માટે નોંધપાત્ર ખતરો છે.વધુમાં જોશ હેઝલવુડનું ફોર્મ ટીમ માટે મહત્વપૂર્ણ છે.કારણ કે તે એક મુખ્ય બોલર છે.દબાણ હેઠળ વિકેટ લેવાની તેની ક્ષમતા છે.ટિમ ડેવિડ ડેથ ઓવરોમાં ગેમ-ચેન્જર સાબિત થાય છે.

### શ્રેયર અય્યર...

વજન પાછું મેળવવા માટે ઘણી મહેનત કરવી પડી. મને પડકારો ગમે છે અને આ એક એવો પડકાર હતો જેને મારે પાર કરવો પડ્યો. હું ખુશ છું કે મેં આ તબક્કાને પાર કરી લીધો અને હવે પોતાની ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું, તેમજ પાછલી સિરીઝમાં ભારત માટે રમ્યો છું. મને પોતાના પર ગર્વ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વરસાદ...

કેસર કેરી, કેળા અને ચીકુ વિગેરે ને પણ ભારે પવન અને વરસાદ થી મોટું નુકશાન ગયા નું જાણવા મળેલ છે. તેમજ ઊના તાલુકાના નવાબંદર, સિમર અને સૈયદ રાજપરા બંદર ઉપર પણ કમોસમી વરસાદ થી સુકવેલ મચ્છી બગડી જતા મોટું નુકશાન ની ભીતિ સેવાઈ રહી છે. ઊના અને ગીર ગઢડા પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. અને વીજળીના કડાકા ભડાકા સાથે બે ગામો માં વીજળી પડ્યાના અહેવાલ આવેલ છે. પ્રથમ ગીર ગઢડા તાલુકાના સનવાવ ગામની સીમમાં ચરતી મનુભાઈ સાર્દુલભાઈ ચૌહાણની ભેંસ ઉપર વીજળી પડતાં સ્થળ ઉપર મોત થયું હતું. જ્યારે બીજા બનાવમાં ગીર ગઢડા તાલુકાના વેળાકોટ ગામની સીમમાં જોરૂભાઈ કરશનભાઈ મોરાસિયાના ખેતરમાં કામ કરતી ત્રણ મહિલાઓને ખેતર પાસે વીજળી પડતાં કડવીબેન ધીરુભાઈ મોરસીયા , જીગ્નાબેન રામજીભાઈ પરમાર, જલ્પાબેન રામસિંગભાઈ ખસિયાને ઝટકો લાગેલ શરીરમાં ઝણઝણાટી થતા ઈજાગ્રસ્ત થતા ગીર ગઢડા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે.

### નાયબ મામલતદારોની બદલી...

દેવભૂમિ દ્વારકાના સુરેશભાઈ ચાવડાની અરવલ્લી ખાતે ગીર સોમનાથના શકિતસિંહ પરમારની અમદાવાદ ખાતે, ડી.એમ. ગામીતની અમદાવાદ ખાતે, પોરબંદરના ધિરેન્દ્રકુમાર સાલ્વીની અમદાવાદ ખાતે, ભાવનગરના ડી.એ. લીંબડની સુરેન્દ્રનગર ખાતે, પોરબંદરના મુકેશભાઈ જાદવની સુરેન્દ્રનગર ખાતે, ગીર સોમનાથના ડી.એ. પટેલની ગાંધીનગર ખાતે, પોરબંદરના વનરાજસિંહ સોલંકીની સુરેન્દ્રનગર ખાતે, મોરબીના એમ.જે. પટેલની ગાંધીનગર ખાતે ભાવનગરના સાજનબેન રાધવાણીની બોટાદ ખાતે, દેવભૂમિ દ્વારકાના ધર્મેશભાઈ દેસાઈની અમદાવાદ ખાતે, દેવભૂમિ દ્વારકાના એચ.પી. નાલવાયાની પંચમહાલ ખાતે, ભાવનગરના જી.એ. જાડેજાની અમદાવાદ ખાતે, દેવભૂમિ દ્વારકાના જી.સી. બારિયાની છોટા ઉદેપુર ખાતે, દેવભૂમિ દ્વારકાના નરેન્દ્ર ચૌધરીની ખેડા ખાતે, કાજલબેન પાટોલીયાની મહેસાણા ખાતે નીતીન ધોળકીયાની અમદાવાદ ખાતે અને પોરબંદરના નાયબ મામલતદાર દિવ્યાબેન લુવાની જુનાગઢ ખાતે બદલી કરાય છે. આ ઉપરાંત મહેસુલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મહેસુલી કારકુન અને મહેસુલ તલાટી તરીકે ફરજ બજાવતા ૮૦૦ કર્મચારીઓને નાયબ મામલતદાર વર્ગ-૩ તાબાની મહેસુલી સેવા સંવર્ગમાં બઢતી આપવામાં આવી છે.

### એલપીજીનો પૂરતો જથ્થો...

ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ દ્વારા ગેસની બુકિંગ કરી શકાય છે. રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો હોવાથી નાગરિકોને સરળતાથી ઘર બેઠા જ ડિલીવરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એન્જસીઓમાં ચુસ્ત દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. તેમના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સમયસર એલપીજી પુરવઠો મળે અને ગેરરીતિને અટકાવી શકાય. રાજ્યમાં એલપીજી અંગેના કોઈ પ્રશ્ન માટે નાગરિકોને રાજ્ય હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨નો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સત્તાવાર રીતે સચોટ માહિતી મળતી રહે.

## દુઃખદ અવસાન

**સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ :** દાઉદી વ્હોરા ફખરૂદ્દીનભાઈ અસગરઅલી ગાંધી (ઉ.વ.૮૪) તે આરીફભાઈ ગાંધી અને સમીરભાઈ ગાંધીના પિતાજી તથા ઈદ્રીશભાઈ, શોકતભાઈ તથા મરહુમ અસ્માબેન (ગોંડલ) તથા રસીદાબેનના ભાઈ અને હોજફાભાઈ તથા અલીઅસગરભાઈના દાદા તા.૨૦/૩/૨૬ના શુક્રવારે વફાત થયેલછે. મરહુમના જીયારતના સિપારા તા.૨૩/૩/૨૦૨૬ના સોમવાર જોહર અસરની નમાઝ બાદ જામનગર રોડ ગાંધી સોસાયટીના હોલમાં રાખલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કોટડાસાંગાણી બસ સ્ટેશનના મહત્વના સાત રૂટ એકા એક બંધ કરી દેવાતા રોષ

## કોટડાસાંગાણીમાં ૧ કરોડના ખર્ચે બનેલા બસ સ્ટેશનની સુવિધા વધવાને બદલે ઘટતી જતી હોવાનો મુસાફરોને વસવસો

**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**



કોટડાસાંગાણી તાલુકા મથકે એસટી બસની કથળતી જતી સુવિધાઓને કારણે જનતામાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા અહીં અંદાજે ૧ કરોડ રૂપિયાના ખર્ચે ભવ્ય બસ સ્ટેન્ડનું નિર્માણ કરવામાં આવ્યું છે, પરંતુ પૂરતી બસોના અભાવે આ સુવિધાનો લાભ લોકોને મળી રહ્યો નથી. આ ગંભીર મુદ્દે રિપોર્ટર સલીમ પતાણી દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું છે કે, લાંબા સમયથી અનેક મહત્વના રૂટો બંધ કરી દેવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

એકા એક બંધ દેવાયેલ રૂટ નવી ખોખરી-રાજકોટ (વાયા કોટડાસાંગાણી) - સમય સવારે ૦૬:૧૫, વાસાવડ-રાજકોટ (વાયા કોટડાસાંગાણી) - સમય સવારે ૦૭:૪૫, અરડોઈ-ગોંડલ (વાયા કોટડાસાંગાણી) - સમય સવારે ૦૭:૪૫, ગોંડલ-આણંદપર (વાયા કોટડાસાંગાણી) - સમય સવારે ૦૮:૩૦, ગોંડલ-જુની ખોખરી (વાયા કોટડાસાંગાણી) - સમય સવારે ૦૯:૦૦, રાજકોટ-માણેકવાડા (વાયા કોટડાસાંગાણી) - સમય બપોરે ૧૨:૦૦, રાજકોટ-સતાપર (વાયા કોટડાસાંગાણી) - સમય બપોરે ૦૨:૩૦ અને ગોંડલ-નવી ખોખરી (વાયા કોટડાસાંગાણી) - સમય રાત્રે ૨૧:૩૦ બંધ કરી દેવામાં લોકોમાં હાલાકી થવા પામી છે.

ગ્રામ્ય વિસ્તાર સંપર્કવિહોણોઃ રાજપરા, માણેકવાડા, નવી-જૂની ખોખરી, નારણકા, રામોદ, સતાપર, શીશક, વાદીપરા, નવા-જુના રાજપીપળા, નાના-મોટા માંડવા, હરમતાળા અને ભાડુઈ જેવા અનેક ગામોમાં કોટડાસાંગાણીથી એક પણ એસટી બસ જતી નથી. ઔદ્યોગિક ક્ષેત્રને અસરઃ ઈન્ડસ્ટ્રીઝ ઝોનમા લોકો જતાં હોય છે જેમાં એસટી બસની સુવિધા પૂરતી મળતી નથી અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# તમાકુ-બીડી સહિત શારીરિક નુકસાન પહોંચાડતી ટેવથી દૂર રહેવું હિતાવહઃ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ

## વેરાવળમાં ટી.બી.મુક્ત પંચાયત અંતર્ગત ૧૭૬ ગ્રામ પંચાયતોના સરપંચોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

**અબતક, અતુલ કોટેચા, ગીર સોમનાથ**



કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શનમાં ગીર સોમનાથ જિલ્લો વ્યસનમુક્ત બને એ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ સતત પ્રયત્નશીલ છે. જેના ઉપક્રમે વેરાવળના કોમ્યુનિટી હોલમાં જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અંતર્ગત ટીબી મુક્ત પંચાયત અંતર્ગત સર્ટિફિકેટ વિતરણ સમારોહ અને પંચાયતી રાજ સંસ્થાના સભ્યોની કાર્ય શિબિર યોજાઈ હતી.

આ તકે, ધારાસભ્ય ભગવાનભાઈ બારડે વ્યસનમુક્તિનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, ટી.બી થવાના પાયામાં મુખ્યત્વે વ્યસન રહેલું છે. તમાકુ-બીડી સહિત શારીરિક નુકસાન પહોંચાડતી ટેવથી દૂર રહેવું હિતાવહ છે.

ધારાસભ્યએ ઉપસ્થિત સર્વે સરપંચઓને તેઓના ગામમાં વ્યસનમુક્તિનો ઠરાવ કરે તેવો અનુરોધ કરી ભવિષ્યની પેઢી પણ તંદુરસ્ત બને તે માટે વ્યસનમુક્ત થવાની દિશામાં કાર્ય કરવા અપીલ કરી હતી.

મહાનુભાવોના હસ્તે ટી.બી. મુક્ત ૧૭૬ પંચાયતોના સરપંચોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સાથે જ મહાનુભાવોએ તમાકુમુક્ત ગામ (સ્મોક ફ્રી વિલેજ) અભિયાન અંતર્ગત જિલ્લાની ૧૧૭ ગ્રામ પંચાયતોને સ્મોક ફ્રી વિલેજ બનવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, તમાકુમુક્ત ગામ (સ્મોક ફ્રી વિલેજ) અભિયાનમાં ગ્રામ્ય સમુદાયોને તમાકુમુક્ત બનાવીને સ્વસ્થ ભવિષ્ય નિર્માણ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે.


આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અરૂણ રોય, એપિડેમિક મેડિકલ ઓફિસર ડો.ગૌસ્વામી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના પેથોલોજીસ્ટ ડો.ખેવના સહિત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ વિવિધ ગામમાંથી પધારેલા સરપંચઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સેટેલાઈટ બનાવવું હવે બનશે 'સરળ'

# જૂનાગઢઃ ડો.સુભાષ યુનિ.ના ક્યુબ-સેટ જેનેસીસ વર્કશોપમાં વિદ્યાર્થીઓને સેટેલાઈટ નિર્માણની અપાઈ તાલીમ

## ધી સ્પેસ કલબના નિષ્ણાંતોના રૂબરૂ માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં આભને આંબવાની હામ જાગી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢની ડો. સુભાષ યુનિવર્સિટીના ધ સ્પેસ ક્લબ દ્વારા વિદ્યાર્થીઓ માટે અનોખી હેન્ડ્સ-ઓન વર્કશોપ ક્યુબ સેટ જેનેસીસનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપ ડો. સુભાષ યુનિવર્સિટી તથા ધ સ્પેસ એસોસિએશન (ટીએસએ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વિદ્યાનગર) અને હેક્સ્ટાર યુનિવર્સના સંયુક્ત ઉપક્રમે સંપૂર્ણપણે વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. આ વર્કશોપમાં ડો. સુભાષ યુનિવર્સિટી તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

વર્કશોપ દરમિયાન ટીએસએના કાર્યકર્તાઓ પાવન શાહ અને મીત દેવાણી દ્વારા આર્ડુઈનો પ્રોસેસર, વિવિધ સેન્સર્સ, એન્ટેના, રિસીવર જેવા ઘટકોની એસેમ્બલી તેમજ પ્રયોગાત્મક ક્યુબસેટ કેવી રીતે બનાવવો તેની વિસ્તૃત સમજ આપવામાં આવી. આ ઉપરાંત, ક્યુબસેટના ઉપયોગ, લોન્ચિંગ પછીના ઓપરેશન અને તેની સાથે જોડાયેલી ટેકનિકલ તથા કાયદાકીય બાબતો અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

ક્યુબ સેટ જેનેસીસ વર્કશોપની સફળતા સાથે ડો. સુભાષ યુનિવર્સિટીના ધ સ્પેસ કલબએ જુનાગઢમાં વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ખગોળીય પ્રવૃત્તિઓમાં પોતાનું અનોખું સ્થાન મજબૂત બનાવ્યું છે અને ભવિષ્યમાં સ્પેસ સાયન્સ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા અવસર સર્જાશે.

આ વર્કશોપના સફળ આયોજન બદલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. દિપક પટેલ અને પ્રેસિડન્ટ રાજ ચાવડાએ બધા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધોરાજી બીએપીએસ સ્વામીનારાયણ મંદિરે કાલે વાલી સંમેલન યોજાશે

## મોબાઈલના ઉપયોગથી બાળકો પર થતી અસરો ઉપાયો વિશે અપાશે માર્ગદર્શન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ૨૨-૩ને રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યે બાલ સંસ્કાર ઘડતર ના ભાગરૂપે વાલી સંમેલન નું આયોજન કરવામાં આવેલ છે.

આ વાલી સંમેલનમાં બાળકોને મોબાઈલની આદતથી કઈ રીતે દૂર રાખવા, બાળકોના માનસ પર મોબાઈલ સ્ક્રીનની શું અસર થાય ?, બાળકોનું સારું ઘડતર કેવી રીતે કરી શકાય જેવા આ બધાજ મહત્વના પ્રશ્નોના સરળ અને અસરકારક સમાધાન માટે એક વાલી સંમેલન નું આયોજન કરવામાં આવેલ છે

આ વાલી સંમેલનમાં વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા બાળકો પર સ્ક્રીનની થતી અસર અને તેના ઉપાયો લગત વિડિઓ, પ્રવચન વગેરે વગેરે કાર્યક્રમોનો લાભ મળશે

આ વાલી સંમેલનમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ધોરાજી તા. ૨૨-૩ સમય સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

આ વાલી સંમેલનને સફળ બનાવવા માટે સંત નિર્દેશક કલ્યાણમુર્તિ સ્વામી, અક્ષરમંગલ સ્વામી, ધોરાજી સમગ્ર સત્સંગ મંડળના ભાઈઓ બહેનો યુવકો યુવતીઓ બાળકો બાલિકાઓ ખુબજ જહેમત ઉઠાવી રહ્યા છે

આ પાટોત્સવમાં જાલણસર, ઉપલેટા, ભાયાવદર, મોટીપાનેલી, મોટીમારાડ , જમનાવડ, મજેવડી મંડળ ના વાલીઓ અને બાળકો મોટી સંખ્યામાં લાભ લેશે.

# બગસરામાં આંગણવાડીની બહેનોએ ડમરૂ વગાડી રાસ-ગરબા રમી વિરોધ વ્યક્ત કર્યો

## પડતર પ્રશ્નોના નિવારણ માટે બહેનોનું આંદોલન, ત્રણ દિવસ માસ સીએલ પર ઉતર્યા



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં આંગણવાડીની બહેનોએ સીડીપીઓને આવેદન આપ્યા બાદ ત્રીજા દિવસે પણ મહિલાઓએ ડમરુ વગાડી રાસ ગરબા લઈ વિરોધ વ્યક્ત કર્યો હતો. હું તો ભાઈને કાગળિયા લખી લખી થાકી ભાઈ કાંઈ જવાબ દેતા નથી તેવા ગરબા ગાઈ વિરોધ વ્યક્ત કર્યો હતો ત્રણ દીવસ માટે માસ સિવિલ પર ઉતરીને વિરોધ વ્યકત કરેલ હતો. સુત્રોચાર કરી હમારી માંગે પૂરી કરોના નારા લગાવ્યા હતા. ગૂજરાત સરકાર દ્વારા આંગણવાડી વર્કર ફેસિલિયેટરએ પોતાની માંગણી રજૂ કરેલ હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા આ પ્રશ્નોનું નિરાકરણ માટે કોઈપણ પ્રકારની બેઠક યોજી નથી. તેમ મહિલાઓએ વિરોધ વ્યકત કર્યો હતો. આ તમામ માંગણીઓને સુખદ અંત આપો તેવી માંગણી સાથે મહિલાઓ દ્વારા હમ સબ એક હે હમારી માંગણી પુરી કરો તેવા નારા સાથે આવેદન આપવામાં આવ્યું હતું. અને જો અમારી માંગણી પુરી નહિ કરવામાં આવે તો અમારા યુનિયન દ્વારા હવે પછી જે મિટિંગમાં નિર્ણય કરવામાં આવશે તે મુજબ આંદોલન કરવામાં આવશે અમો આ આંદોલનને વધુ જલદ રૂપ આપીશું તેવી ચીમકી ભાવનાબેન ભટ્ટી જિલ્લા આંગણવાડી પ્રમુખએ આપવામાં આવી હતી.

# સોમનાથમાં ગૌલોકધામ ખાતે શ્રીકૃષ્ણના નિજધામ ગમન તિથીએ ગીતાજીના પાઠ, યજ્ઞ અને પાદુકા પુજન કરાયું

## કલાકારો વિદ્યાર્થીઓએ મંત્રોચ્ચાર કરી સૂર્યને અર્ધ્ય અપર્ણ કર્યુ, ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેદી સંગમ રચાયો



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ઈ.સ. પૂર્વે ૩૧૦૨ માં ચૈત્ર શુક્લ પ્રતિપદાના પાવન દિવસે ભગવાન શ્રીકૃષ્ણે પોતાની માનવલીલાને વિરામ આપી સોમનાથના પવિત્ર ગોલોકધામથી સ્વધામ ગમન કર્યું હતું. આ ઐતિહાસિક અને આધ્યાત્મિક તિથિને અવસર બનાવી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગીતાજીના પાઠ અને પાદુકા પુજન કરાયું હતું.

પ્રભાસ ક્ષેત્ર - જ્યાં ભગવાન સોમનાથ જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજે છે - એ તપ, જપ અને મુક્તિની પવિત્ર ભૂમિ છે. આ ભૂમિ પર જ જગતગુરુ શ્રીકૃષ્ણે પોતાની દિવ્ય જીવનલીલાને વિરામ આપવા પસંદગી કરી હતી. ગોલોકધામ એ તે દિવ્ય સ્થાન છે જ્યાંથી ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી લોકમાંથી વૈકુંઠ તરફ પ્રસ્થાન કર્યું હતું. આ પવિત્ર ભૂમિમાં શ્રીકૃષ્ણની ચરણરજ સમાયેલી છે, જેના કારણે પ્રભાસ 'હરિ-હર ભૂમિ' તરીકે પણ પ્રચલિત છે જ્યાં શિવ અને કૃષ્ણ બંનેની દિવ્ય ઉપસ્થિતિનો સંગમ છે.

ઉત્સવની શરૂઆત સૂર્યોદય સમયે નવા વર્ષની પ્રથમ કિરણોના વધામણા સાથે થઈ. સંસ્કાર ભારતી ગુજરાતના કલાકારો તથા શ્રી સોમનાથ સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓએ મંત્રોચ્ચાર સાથે સૂર્યને અર્ધ્ય અર્પણ કરીને પવિત્ર વાતાવરણ સર્જ્યું.

આ અવસરે ટ્રસ્ટી જે.ડી. પરમાર અને ટ્રસ્ટ પરિવાર દ્વારા ગોલોકધામ ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું. ભગવાન શ્રીકૃષ્ણને અતિપ્રિય ગૌમાતાનું પૂજન કરવામાં આવ્યું તેમજ પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું. શાસ્ત્રોક્ત સમય બપોરે ૦૨:૨૭:૩૦ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના સ્વધામ ગમનની પવિત્ર ક્ષણે ચરણપાદુકાનું વિશેષ પૂજન કરવામાં આવ્યું. શંખનાદ અને જયઘોષ વચ્ચે સમગ્ર વાતાવરણ 'હરિ નામ'ના ગુંજનથી ગુંજી ઉઠ્યું અને ભક્તિની ગંગા વહેતી થઈ. ગીતા મંદિર ખાતે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટની સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા ગીતા પાઠ કરવામાં આવ્યા હતા. યજમાન વેજાણંદભાઈ વાળા પરિવાર દ્વારા વિષ્ણુયાગ યજ્ઞ સંપન્ન થયો. સાંજે સંસ્કાર ભારતી દ્વારા ગોલોકધામ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો અને અંતે શ્રીકૃષ્ણની પાદુકાજીની મહાઆરતી સાથે દિવસના ધાર્મિક કાર્યક્રમો પૂર્ણ થયા.



સૌરાષ્ટ્રની પરંપરા મુજબ ભજન, ભોજન અને ભક્તિના સુમેળ સાથે કાર્યક્રમને ભાવપૂર્ણ વિરામ અપાયો.સમાપન સમયે વરસેલા હળવા વરસાદે જાણે ભગવાન શ્રીકૃષ્ણના વૈકુંઠ આગમન પર પ્રકૃતિ દ્વારા અમીવર્ષા કરી સ્વાગતની અભિવ્યક્તિ આપી હોય તેવી અનુભૂતિ કરાવી હતી.

# કોટડાસાંગાણી તાલુકા પંચાયતની મુદત પૂર્ણઃ વહીવટદારને ચાર્જ સોંપાયો

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**



કોટડાસાંગાણી તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યોની બનેલી ચૂંટાયેલી બોડીની ૫ વર્ષની મુદત તારીખ ૧૬/૦૩ ના રોજ પૂર્ણ થઈ છે. હવે પંચાયતનો વહીવટ સરકારી વહીવટદાર હસ્તક સોંપવામાં આવ્યો છે.

નિયમ મુજબ મુદત પૂર્ણ થતા, કોટડાસાંગાણી તાલુકા પંચાયતનો વહીવટી ચાર્જ પ્રાંત અધિકારી (રાજકોટ શહેર-૨) ને સોંપવામાં આવ્યો છે. રાજકોટ ગ્રામ્યના અધિકારી હસ્તકથી હવે આ વહીવટી જવાબદારી રાજકોટ શહેર-૨ ના પ્રાંત અધિકારી સંભાળશે.

હવે પછીની નવી ચૂંટણી ન યોજાય અથવા આગામી સૂચના ન મળે ત્યાં સુધી તાલુકા પંચાયતના તમામ નીતિવિષયક અને વહીવટી કાર્યો આ અધિકારીના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવશે.

# સાબરકાંઠાની ચિઠોડા પંચાયતના રક્તદાન કેમ્પમાં ગ્રામજનોનું ઉત્સાહભેર મહાદાન



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠાના ચિઠોડા પંચાયત ખાતે વિજયનગર ભાજપ અને વેપારી એશો.ના સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં ગ્રામજનોએ ઉત્સાહ પૂર્વક મહાદાન કર્યું હતુ. આ રકતદાન કેમ્પમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો ડો.પરેશ પટેલ (પ્રમુખ ભાજપ વિજયનગર), આર.ડી.પટેલ અને વેપારી એસોસિએશનના સભ્યઓએ રકતદાન કર્યું હતુ. તેમજ દિનેશભાઈ ધોબી, કિરીટભાઈ સડાટ તેમજ અન્ય કાર્યકર્તાઓ આ રકતદાનને મહાદાન સમજીને સૌ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અમરેલીઃ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ચૈત્રિ નુતન વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી હિન્દુ પંચાંગ મુજબ હિન્દુ નૂતન વર્ષના પાવન પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ અમરેલી દ્વારા સરકારવાળા વિસ્તારમાં આવેલ રામજી મંદિર ખાતે આરતી તેમજ નૂતન વર્ષની શુભેચ્છા પાઠવવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યકર્તાઓએ ભગવાન શ્રીરામની આરતી કરી અને પરસ્પર હિન્દુ નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ દ્વારા હિન્દુ નૂતન વર્ષના વૈજ્ઞાનિક મહત્વ તેમજ ચૈત્ર સુદ એકમના ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા, વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી, બજરંગ દળના જિલ્લા સંયોજક વિદુરભાઈ ડાબસરા, જિલ્લા સહ સંયોજક કરણભાઈ વાજા, નગર અધ્યક્ષ ભાવેશભાઈ કાબરીયા, સહિત મંદિરના વ્યવસ્થાપક ભરતભાઈ પૂજારી સહિત અનેક કાર્યકર્તાઓ અને ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ કાયદો-વ્યવસ્થા જાળવવા અપીલ

## પોલીસ સ્ટાફ, સામાજિક આગેવાનો બેઠકમાં હાજર રહ્યાં



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

લીલીયા તહેવારોને ધ્યાનમાં રાખીને લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. લીલીયામોટા પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી. સાળુંકેના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ શાંતિ સમિતિ બેઠકમાં પી.એસ.આઈ વાય.એમ. જાડેજા સહિત પોલીસ સ્ટાફ તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ આવનારા તહેવારો દરમિયાન વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે અને કોમી એકતા મજબૂત બને તે હતો. બેઠક દરમિયાન બંને સમાજના આગેવાનો સાથે ચર્ચા કરી તહેવારોને શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવા પર ભાર મુકાયો હતો.

આ પ્રસંગે પી.આઈ. એમ.ડી. સાળુંકે દ્વારા ઉપસ્થિત આગેવાનોને વિસ્તારમાં કોઈપણ પ્રકારની અફવાઓને પ્રોત્સાહન ન આપવા અને તહેવારો અને સામાજિક કાર્યક્રમો દરમિયાન પરસ્પર સહકાર અને સમજણ જાળવવી તથા કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તરત પોલીસને જાણ કરવા અપીલ કરી હતી.

બેઠકમાં સરપંચ વિજયભાઈ શેખલિયા, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદી, આપ પ્રમુખ વિજયભાઈ વિરાણી, ખોડાભાઈ માળવિયા, બાબુભાઈ ધામત, પૂર્વ સરપંચ જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, મુસ્તાક બેલીમ, મુકેશભાઈ શીરમાન, ઘનશ્યામ મેઘાણી, કેપ્ટન ધામત, રમેશભાઈ પરમાર, શાંતિભાઈ વાઘેલા સહિત વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે

# ધારીમાં આજે 'વિરાટ હિન્દુ સંમેલન' : વેપારીઓ ધંધા- રોજગાર સ્વયંભૂ બંધ પાળી જોડાશે

## સંગઠન મજબૂતી, રાષ્ટ્રહિત અને પર્યાવરણ જતનના સંકલ્પ સાથે હજારોની મેદની ઉમટશે

**અબતક, મેહુલ ત્રિવેદી**
**ધારી**

અમરેલી જિલ્લાના ધારી તાલુકા મથકે આજે એક ઐતિહાસિક અને સામાજિક ચેતનાનો સંગમ થવા જઈ રહ્યો છે. જાણીતા નર્મદેશ્વર મંદિરના પટાંગણમાં આજે 'વિરાટ હિન્દુ સંમેલન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન માત્ર એક મેળાવડો નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય, તે શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આયોજિત એક મહત્વપૂર્ણ કડી છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ તાલુકા સ્તરે સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવાનો છે, જેથી રાષ્ટ્રહિતની ભાવનાઓ છેવાડાના માણસ સુધી પહોંચી શકે.

આ વિરાટ હિન્દુ સંમેલનમાં સંઘની વિચારધારા મુજબ સમાજમાં રાષ્ટ્રભક્તિના સંસ્કારોનું સિંચન કરવા સાથે વર્તમાન સમયની મોટી જરૂરિયાત એવા પર્યાવરણ બચાવવાના કાર્યો પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે. પર્યાવરણ સુરક્ષા અને જળ સંચય જેવા વિષયો પર સામાજિક જાગૃતિ લાવવા માટે આ મંચ પરથી આહવાન કરવામાં આવશે. ધારી વિશ્વ હિન્દુ સંમેલનના પ્રમુખ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. લોકોમાં આ આયોજનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી જનમેદની ઉમટી પડશે.

આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લા લેવલના મંત્રીઓ, વિવિધ પાંખના પ્રમુખો અને સંગઠનના સભ્યો ખાસ હાજરી આપશે. સંગઠનાત્મક માર્ગદર્શનની સાથે સાથે આધ્યાત્મિક ઉર્જા પૂરી પાડવા માટે અનેક નામી-અનામી સાધુ-સંતો પણ આ વિરાટ હિન્દુ સંમેલનમાં પધારશે. સંતોના આશીર્વચન અને સંઘના પદાધિકારીઓના પ્રેરક ઉદબોધન દ્વારા હિન્દુ સમાજમાં એકતા અને સમરસતાનો સંદેશ વહેતો કરવામાં આવશે. રાષ્ટ્રહિત અને હિન્દુત્વના આ કાર્યમાં ધારીનો સમસ્ત જૈન વણિક સમાજ પણ ખભેખભા મિલાવીને જોડાયો છે. સમસ્ત જૈન સમાજ - ધારીના પ્રમુખ ભરતભાઈ શેઠ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે કે, રાષ્ટ્રહિતના કાર્યોમાં જૈન સમાજ હંમેશા અગ્રેસર રહ્યો છે, તેથી આજે શનિવારે બપોરના ૧:૦૦ વાગ્યાથી તમામ જૈન ભાઈઓએ પોતાની દુકાનો અને વેપાર-ધંધા સ્વૈચ્છિક બંધ રાખી, સાંજે ૫:૦૦ કલાકે સહપરિવાર નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે ઉપસ્થિત રહેવું. કાર્યક્રમના અંતે તમામ ભાવિકો માટે ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.નર્મદેશ્વર મંદિર ખાતે આ આયોજનને સફળ બનાવવા માટે સ્વયંસેવકો દ્વારા રાત-દિવસ જહેમત ઉઠાવવામાં આવી રહી છે. શતાબ્દી વર્ષ નિમિત્તે યોજનારું આ સંમેલન ધારી પંથકમાં રાષ્ટ્રીય અને સામાજિક ઉત્થાન માટે એક નવો પાયો નાખશે તેવું માનવામાં આવી રહ્યું છે. સ્થાનિક આગેવાનો અને ધર્મપ્રેમી જનતામાં આ કાર્યક્રમને લઈને અનેરો ઉત્સાહ વ્યાપ્યો છે અને સુરક્ષા તેમજ વ્યવસ્થાના તમામ પાસાઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે

# માઁ ખોડલ રથ પશ્ચિમ ઝોનના ૨૨ ગામોમાં કરશે પરિભ્રમણ

**માઁ ખોડલ રથ યાત્રા સેવા કાજે ઝોળી ફરશે**



**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ તેમજ શ્રી ખોડલધામ સમિતિ કાલાવડના સંયુક્ત ઉપક્રમે કાલાવડ તાલુકાના પશ્ચિમ ઝોનના કુલ ૨૨ ગામોમાં માં ખોડલ રથયાત્રાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર રથયાત્રા તારીખ ૨૧ માર્ચ ૨૦૨૬ થી ૨૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાશે. આ યાત્રા માત્ર ધાર્મિક શ્રદ્ધાનું પ્રતિક જ નહીં પરંતુ માનવસેવા અને સમાજ કલ્યાણના ઉદ્દેશ સાથે પણ જોડાયેલી છે, કારણ કે આ સમગ્ર આયોજન શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના લાભાર્થે કરવામાં આવી રહ્યું છે.

આ રથયાત્રાનું પ્રસ્થાન નાની વાવડી ગામથી કરવામાં આવશે. પાંચ દિવસ સુધી ચાલનારી આ યાત્રા દરમિયાન માં ખોડલનો પવિત્ર રથ વિવિધ ગામોમાં ફરી ભક્તોને દર્શન અને આશીર્વાદ આપશે. યાત્રાના પ્રથમ દિવસે, ૨૧ માર્ચ શનિવારે સાંજે ૫:૦૦ વાગ્યે ભવ્ય પ્રારંભ કરવામાં આવશે અને પ્રથમ રાત્રિ રોકાણ નાની વાવડી ખાતે રહેશે.બીજા દિવસે, ૨૨ માર્ચ રવિવારે રથયાત્રા નાની વાવડીથી આગળ વધી લક્ષ્મીપુર, મોટી ભગેડી, નાની ભગેડી, દાવલી અને મોરવાડી થઈને લાલોઈ ખાતે રાત્રિ રોકાણ કરશે. ત્રીજા દિવસે, ૨૩ માર્ચ સોમવારે યાત્રા લાલોઈથી ચેલાબેડી, રામપર, રવેશિયા, ડું દેવળિયા અને નાની ભલસાણ થઈને બેરાજા પહોંચશે. જ્યાં રાત્રિ રોકાણ કરવામાં આવશે.ચોથા દિવસે, ૨૪ માર્ચ મંગળવારે રથયાત્રા બેરાજાથી આગળ વધી સરાપાદર, બાંગા, કૃષ્ણપુર, ગોલણીયા અને નાગપુર થઈને ખાનકોટડા ખાતે રોકાશે. અંતિમ દિવસે, ૨૫ માર્ચ બુધવારે રથયાત્રા ખાનકોટડાથી મોટી માટલી, ખંઢેરા થઈને બાદનપર ખાતે પૂર્ણ થશે.સમગ્ર યાત્રા દરમિયાન શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડ તરફથી મોકલાયેલ માં ખોડલનો પવિત્ર રથ મુખ્ય આકર્ષણ રહેશે. જે ભક્તોમાં અખંડ શ્રદ્ધા અને ભક્તિભાવનું કેન્દ્ર બનશે. દરેક ગામમાં ભક્તો દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. જેમાં આરતી, રાસ-ગરબા, પ્રસાદ વિતરણ તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેના કારણે સમગ્ર વાતાવરણ ભકિતમય બની રહેશે.આ યાત્રામાં અનેક રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો જોડાઈને માં ખોડલના આશીર્વાદ પ્રાપ્ત કરશે.આ ભવ્ય રથયાત્રા સમાજમાં એકતા, શ્રદ્ધા અને સેવા ભાવનાને વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પુરવઠા તંત્રનો સપાટો

# સુત્રાપાડાના લાટી ગામે શંકાસ્પદ અનાજના જથ્થા સાથે રીક્ષા ચાલકની અટકાયત

**અબતક, રામસિંહ મોરી**
**સુત્રાપાડા**



કલેકટર એન.વી. ઉપાધ્યાયની સુચના હેઠળ પુરવઠા તંત્ર દ્વારા લાટી ગામમાં આકસ્મીક તપાસણી કરતા શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો મળી આવતા રિક્ષા સહિત રૂ. ૫૫,૨૩૦/- નો મુદામાલ સીઝ કરવામાં આવ્યો હતો. ગીર સોમનાથ, જીલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયની સુચના તથા જિલ્લા પુરવઠા અધિકારી પી.ડી. વાંદાના માર્ગદર્શન હેઠળ ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના લાટી ગામમાંથી શંકાસ્પદ સરકારી અનાજની લે વેચ કરતા રિક્ષા ચાલકની અટકાયત કરી બાતમીના આધારે પુરવઠા તંત્રની ટીમ દ્વારા તપાસ સુત્રાપાડા તાલુકાના લાટી ગામ વિસ્તારમાંથી ઘઉં-૧૦૦ કિ.ગ્રા., ચોખા-૯૦ કિ.ગ્રા. રિક્ષા એમ કુલ મળી રૂ.૫૫૨૩૦/- નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

# થાનમાં મિનિ વાવાઝોડાને કારણે સિરામિક એકમોના શેડના પતરા ઉડ્યાં

## સિરામિક ઉદ્યોગને લાખોનું નુકસાન, રાહત પેકેજ જાહેર કરવા માંગ

**અબતક, ધનશ્યામ ભટ્ટી**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં પણ. હવામાન વિભાગની આગાહીને પગલે વાતાવરણમાં પલટો આવ્યો છે ત્યારે થાન તાલુકામાં પણ તાજેતરમાં પડેલ કમોસમી વરસાદ અને મીની વાવાઝોડાના કારણે સિરામિક ઉદ્યોગને મોટાપાયે નુકશાન થતા ઉદ્યોગકારોમાં ચિંતા જોવા મળી છે.


આ અંગે મળતી માહિતી મુજબ થાન શહેરી વિસ્તારના સહિત આસપાસના ગામોમાં તાજેતરમાં પડેલ કમોસમી વરસાદ તેમજ મીની વાવાઝોડાના કારણે થાન ખાતે આવેલ અંદાજે ૨૦ થી વધુ સિરામિક એકમોના શેડના પતરા ઉડી જતા લાખોની કિંમતનું નુકશાન પહોંચ્યું છે તેમજ અમુક કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતા ઉત્પાદનને પણ અસર પડી હતી. એક તરફ હાલની યુદ્ધની પરિસ્થિતિને લીધે થાનનો સિરામિક ઉદ્યોગ હાલ પહેલે થી જ બંધ થવાને આરે છે તેમજ નુકશાની ભોગવી રહ્યો છે ત્યારે હવે કુદરતનો પણ માર પડતા સિરામિક ઉદ્યોગકારોની હાલત પડ્યા પર પાટુ મારવા જેવી થઈ છે. આથી આ અંગે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લઈ સિરામિક ઉદ્યોગકારો માટે સ્પે.પેકેજ જાહેર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



# ચોટીલા: પ્લાસ્ટિક મુક્ત રૂટ સાથે કાલે ડુંગર પરિક્રમા

## સેવાભાવી સંસ્થાઓ દ્વારા સ્ટોલ ઉભા કરાશે, ધર્મ-જાગરણ સમન્વય દ્વારા ૨૧૦૦ વૃક્ષો થકી વરૂણ વનનું નિર્માણ

**અબતક, રણજીત ધાંધલ**
**ચોટીલા**



મૂળ વતન ટંકારા હાલ દિલ્હી સ્થાહી બ્રિજભાઈ મનુભાઈ ઠક્કરનું વિશેષ સન્માન માત્ર ૨૫ વર્ષની યુવા વયે અણધારી વિદાય લેનાર પોતાના પુત્ર સ્વ.વરૂણભાઈ બ્રિજભાઈ ઠક્કરની પુણ્ય સ્મૃતિમાં બ્રિજભાઈ ઠક્કર દ્વારા ચોટીલા ડુંગર પરિક્રમા પંથ પર વિવિધ પ્રકારના ૨૧૦૦ જેટલા વૃક્ષોનું વરૂણ વનનું નિર્માણ કાર્ય ધર્મ-જાગરણ સમન્વય દ્વારા કરવામાં આવ્યુ છે.

ચોટીલા ડુંગર પરિક્રમા રૂટ પર આવેલી મેઘસ્વામી હાઈસ્કૂલમાં ભારતીય જનતા પાર્ટી સેલ્ફ-ફાઈનાન્સ શાળા-પરિવાર. આર.એસ.એસ થાન -ચોટીલા વિશ્વ હિન્દુ પરિષદ થાન ચોટીલા દ્વારા મહા-રક્ત દાન કેમ્પનુ ભવ્ય અયોજન કરેલ છે.એન.એન.શાહ હાઈસ્કુલ તથા જે.વી.એચ.દોશી પ્રાથમિક શાળાના બાળકો અંગદાનનો પ્રચાર પ્રસાર સાથે ભક્તોને સમજાવશે કે માણસના મૃત્યુ બાદ તેના વિવિધ ૧૩ પ્રકારના અંગો-જીવીત બીમાર(પીડિત)વ્યક્તિને આ અંગો દાન કરીને તેમને નવુ જીવન આપી શકે છે

આ પરિક્રમામાં હરેશબાપુ શ્રવણ ગુરૂ ધીરૂભાઈ શ્રવણ શ્રીરામકૃપા અન્નક્ષેત્ર મુકામ દુદાપુર તાલુકો ધાંગધ્રા. જિલ્લો:સુરેન્દ્રનગરના સહયોગથી ભક્તોને મહા પ્રસાદ પીરસવામાં આવશે.

# કાલાવડ: મંજુ-નારાયણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાલે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ શહેરમાં સેવાભાવના એક ઉત્તમ ઉદાહરણરૂપ શ્રી મંજુ-નારાયણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાલાવડ માં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સાવલિયા આઈ હોસ્પિટલ એન્ડ લેસર સેન્ટર કાલાવડ શહેર ખાતે યોજાશે, જ્યાં નિષ્ણાત તબીબો દ્વારા આંખોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે.

આ કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં રહેતા લોકોમાં આંખોના રોગો અંગે જાગૃતિ લાવવી અને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે. ખાસ કરીને મોતીયાના દર્દીઓ માટે આ કેમ્પ ખૂબ લાભદાયી સાબિત થશે, કારણ કે મોતીયાના ઓપરેશન સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે.

કેમ્પની તારીખ ૨૨ માર્ચ ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે અને સમય સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી રહેશે. તમામ વયના લોકો આ કેમ્પનો લાભ લઈ શકે છે. આયોજકો દ્વારા વધુમાં વધુ લોકો આ સુવિધાનો લાભ લે તેવી અપીલ કરવામાં આવી છે.

કેમ્પનું સ્થળ સાવલિયા આઈ હોસ્પિટલ, એસ.ટી. રોડ, કાલાવડ રાખવામાં આવ્યું છે. વધુ માહિતી માટે +૯૧ ૯૮૨૫૮ ૨૩૪૧૯ અથવા ૦૨૮૯૪-૨૨૨૨૧૦ પર સંપર્ક કરી શકાય છે.

આવા સેવાકીય કાર્યક્રમો સમાજ માટે આશીર્વાદ સમાન છે, જે લોકોના આરોગ્ય સુધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

# કાલાવડના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારી લલીત ધમ્મરનો આજે જન્મદિવસ



છેલ્લા ૧૩ વર્ષ થી આરોગ્ય ક્ષેત્રે અવિરત સેવા આપતા કાલાવડ તાલુકા ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હર હંમેશ કાર્યશીલ કર્મચારી એવા એકાઉન્ટન્ટ લલિતભાઈ ધમ્મર નો આજે જન્મદિવસ છે.લલિત ધમ્મર ના જન્મ દિવસ નિમિતે તેમના પરિવારજનો , સગા વ્હાલા સ્નેહીજનો , આરોગ્ય પરિવાર નો સ્ટાફ ગણ , સામાજિક અગ્રણીઓ સહિત મિત્ર મંડળ જન્મ દિવસ ની હાર્દિક શુભકામના ઓ પાઠવી રહ્યા છે.

# ગોંડલ માનવ સેવા ચેરી. ટ્રસ્ટ દ્વારા વિશ્વ "ચકલી દિવસ"ની ઉજવણી

## લુપ્ત થતી ચકલીને બચાવવાના સંકલ્પ સાથે પાણીના કુંડા તથા માળાનું વિતરણ



**અબતક,જીતેન્દ્ર આચાર્ય**
**ગોંડલ**

વિશ્વ "ચકલી દિવસ" નિમિત્તે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ ચકલી ના માળા ,પાણી ના કુંડા નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.આ પ્રસંગે જીવદયા પ્રેમી જનતા એ સારો પ્રતિસાદ આપીને ઉત્સાહ ને વધાવ્યો અને લુપ્તતાના આરે રહેલ "ચકલી" ને બચાવવાના સોગંદ લીધા હતા. સેવાકીય કાર્યમાં માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ બંટીભાઈ ભુવા તેમજ ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટી જયેન્દ્રસિંહ ડાભી , નરેન્દ્રભાઈ ભેસાણીયા, રવીભાઈ પરસાણા તેમજ મહીલા ટ્રસ્ટી કૈલાશબા પરમાર, જાગૃતિબેન માલવીય, એકતાબેન ઘરજીયા ઉપરાંત ચંદ્રકાન્તભાઈ હાંસલપરા, કીશોરભાઈ ધડુક સહિતે જહેમત ઉઠાવી હતી. સાંત્વન મનો દિવ્યાંગ આશ્રમના પ્રમુખ રેખાબેન પરમાર તથા સેવાસાથી ટ્રસ્ટ, હડમડીયાના પ્રમુખ જલ્પાબેન પટેલ, સોનલબેન ડાંગરીયા ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

# ભાયંદર - વરસોવા કોસ્ટર રોડ માટે ૪૬ હજાર વૃક્ષોનું નિકંદન કાઢી નાખવા સુપ્રીમની મંજૂરી

## આગામી ૧૦ વર્ષ સુધી રિપોર્ટ દ્વારા જણાવવું પડશે કે કાપેલા ઝાડના બદલામાં જે નવા ઝાડ વાવવામાં આવ્યા છે તેની સ્થિતિ કેવી છે

**અબતક , દિલ્હી**

સુપ્રીમ કોર્ટે મુંબઈના વરસોવા-ભાયંદર કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે લીલી ઝંડી આપી દીધી છે. આ પ્રોજેક્ટ આશરે રૂ. ૧૮,૨૬૩ કરોડનો છે. આ પ્રોજેક્ટના કારણે પર્યાવરણને નુકસાન થશે કારણ કે લગભગ ૪૬,૦૦૦ તીવરના ઝાડ કાપવા પડશે, પરંતુ કોર્ટે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા પર ભાર મૂક્યો છે.

ચીફ જસ્ટિસ સૂર્યા કાંતની બેન્ચે જણાવ્યું કે મુંબઈના ટ્રાફિકને ઘટાડવા માટે આ રોડ ખૂબ જરૂરી છે. લોકોની સુવિધા માટે આ પ્રોજેક્ટ અટકાવી શકાય નહીં. મુંબઈ મહાનગરપાલિકા એ દર વર્ષે ઓડિટ રિપોર્ટ જમા કરાવવો પડશે. આગામી ૧૦ વર્ષ સુધી આ રિપોર્ટ દ્વારા જણાવવું પડશે કે કાપેલા ઝાડના બદલામાં જે નવા ઝાડ (વનીકરણ) વાવવામાં આવ્યા છે તેની સ્થિતિ કેવી છે. સરકારે ખાતરી આપી છે કે તડોબા રિઝર્વ ફોરેસ્ટ પાસે અને પ્રોજેક્ટ સાઈટથી ૧૦ કિમી દૂર નવા મેન્ગ્રોવ્સ ઉગાડવામાં આવશે. અત્યાર સુધીમાં ૩૧ હેક્ટર જમીન પર કામ શરૂ પણ થઈ ગયું છે. 'વનશક્તિ' નામની સંસ્થાએ ચિંતા વ્યક્ત કરી હતી કે આટલી મોટી સંખ્યામાં મેન્ગ્રોવ્સ કાપવાથી પર્યાવરણને મોટું નુકસાન થશે અને પ્રદૂષણ વધશે.

# ગોંડલના સામાજિક આગેવાન જયસુખ વઘાશીયાનો જન્મદિવસ



ગોંડલ નાં સામાજિક આગેવાન અને શહેર ની અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા જયસુખભાઈ વઘાશીયા નો આજે જન્મદિવસ છે. નગરપાલિકા પૂર્વ સભ્ય પ્રવિણાબેન વઘાસિયાના પતિ અને દરેક સામાજિક તથા ધાર્મિક કાર્યો માં આગળ રહેનાર, કીડિયારું, પક્ષીઓને ચણ, કીડીને કણ ને હાથી ને મણની ભાવનાને ઉજાગર કરનાર જીવદયા ને માનનારા જયસુખભાઈનો આજે ૫૫ વર્ષ પૂર્ણ કરી ૫૬ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.ભાણાભાઈ નાં હુલામણાં નામથી જાણીતા જયસુખભાઈ ને જન્મદિવસની શુભેચ્છાઓ મળી રહી છે.

# ગોંડલ યુવા ભાજપ દ્વારા પાણીનાં કુંડા તથા ચકલીનાં માળાનું વિતરણ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય**
**ગોંડલ**



ગોંડલ શહેર યુવા ભાજપ દ્વારા સેવા પરમો ધર્મ નું સૂત્ર સાર્થક કરતા ભર ઉનાળામાં ચકલીઓને પીવાનું પાણી તેમજ ખોરાક મળી રહે એ હતું સર ચકલીઓ માટે પાણીના કુંડ તેમજ માળાનું વિતરણ ભગવતસિંહજી ગાર્ડન કોલેજ ચોક ખાતે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ગોંડલ પૂર્વ નગરપતિ અશોકભાઈ પીપળીયા. ગુજરાત પ્રદેશ યુવા ભાજપ મંત્રી કુલદીપસિંહ જાડેજા. રાજકોટ જિલ્લા યુવા ભાજપ પ્રમુખ દેવભાઈ કરોડિયા. મહામંત્રી કિશનભાઈ ઠુંમર.ગોંડલ શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા. ગોંડલ શહેર ભાજપ મહામંત્રી જેકીભાઈ પરમાર. બીપીનભાઈ નિમાવત. રાજકોટ જિલ્લા યુવા ઉપપ્રમુખ લખનભાઈ કોટડીયા.ઉપેન્દ્રસિંહ ચુડાસમા તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો નગરપાલિકા સદસ્ય સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ગોંડલ શહેર યુવા ભાજપ પ્રમુખ સચિનભાઈ વ્યાસ. મહામંત્રી કાર્તિકભાઈ સાવલિયા. વિશ્વરાજસિંહ જાડેજા તથા સમગ્ર યુવા મોરચાની ટીમે જહેમત ઉઠાવી હતી.

### ધારાસભ્ય દિવ્યેશ અકબરીની રજૂઆત રંગ લાવી

# સાધના કોલોનીમાં હાઉસિંગ બોર્ડના જર્જરિત ૩૭૨ આવાસનું કરાશે નવ નિર્માણ

## નવા આવાસ બને ત્યાં સુધી દર મહિને રૂ .૫૦૦૦ ભાડા સહાય મળશેઃગુજરાતમાં પ્રથમ વખત પીપીપી ધોરણે નહિ પરંતુ સરકાર જ સંપૂર્ણ રી-ડેવલપમેન્ટ કરશે

જામનગરના રણજીત સાગર રોડ પર સાધના કોલોની વિસ્તારમાં આવેલી હાઉસિંગ બોર્ડ ની કોલોની ના જર્જરીત મકાનો, કે જેનું રાજ્ય સરકાર દ્વારાજ પૂનઃ નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે. જામનગરના દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ આ બાબતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી, જેને સફળતા સાંપડી છે, અને રાજ્ય સરકાર દ્વારા આ નવા મકાનો તૈયાર કરી આપવા નક્કી કરાયું છે. જેની મુખ્યમંત્રી દ્વારા જાહેરાત પણ કરાશે.



જામનગર ના રણજીતસાગર માર્ગ પરના ત્રણ દાયકાથી વધુ જૂની એવી સાધના કોલોનીનું હાઉસિંગ બોર્ડ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું હતું. અને લોકોને આ આવાસોની ફાળવણી કરવામાં આવી હતી, પણ સમય જતાં આ કોલોની જર્જરિત થવા લાગી અને કેટલાક બિલ્ડીંગોનો કેટલોક ભાગ તુટ્યો તો કેટલાક સંપૂર્ણ ધરાશાયી થયા હતા. થોડા સમય પૂર્વે આખોય બ્લોક જર્જરિત થઈ જતાં ત્રણ લોકોના મૃત્યુ પણ થયા હતા .જે બાદ એક ભાગ તૂટી જવાથી વધુ એક વ્યક્તિનું મોત થયું હતું .ત્યારે વધુ લોકો અહી મોતને ના ભેટે કે ઈજાગ્રસ્ત ના બને, તે માટે આ સોસાયટીને રી ડેવલોપમેન્ટ કરવાની વિચારણાઓ ચાલતી હતી, હાઉસિંગ બોર્ડ પણ આ બાબતે નોટીસ આપવા સિવાય કોઈ રસ દાખવતું નહોતું, ત્યારે જામનગર દક્ષિણ વિધાનસભા બેઠક ના ધારાસભ્ય દિવ્યેશ અકબરી એ મુખ્યમંત્રી સાથે આ બાબતે પરામર્શ કર્યો, અને આ વિસ્તારના લોકોને નવા આવાસો સરકારી ખર્ચે બનાવી આપવા વિસ્તૃત રજૂઆત કરી હતી. જેનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્વીકાર કર્યો છે.

આ અંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં વસવાટ કરતા લોકોનું હિત ધ્યાને લઈને મુખ્યમંત્રી સમક્ષ મુકવામાં આવેલી બાબતો નો કમિટી એ અભ્યાસ કર્યો છે, અને આ અંગે મંજુરી આપી છે. અને ગુજરાતમાં પ્રથમ વખત પીપીપી ધોરણે નહિ પરંતુ સંપૂર્ણ સરકાર જ રી-ડેવલપમેન્ટ કરશે, અને જે હયાત મકાનો છે તેનાથી ૪૦ ટકા મોટા મકાનો મળશે. તેમ પણ ધારસભ્ય દિવ્યેશ અકબરીએ જણાવ્યું

વધુમાં તેમણે કહ્યું કે જ્યાં સુધી ફ્લેટધારકોને નવા ફ્લેટ ના મળે ત્યાં સુધી માસિક ૫૦૦૦ મકાન ભાડું પણ આપવામાં આવશે. અને આવતીકાલે મુખ્યમંત્રી આ કામનું પણ ખાતમુહૂર્ત કરશે. રીડેવલપમેન્ટ નીતિ-૨૦૧૬ અંતર્ગત ગુજરાત હાઉસિંગ બોર્ડની સાધના કોલોની ખાતે આવેલ ૩૭૨ જર્જરિત મકાનોના પુનઃ નિર્માણ ની કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

# રમજાન ઈદપૂર્વે પોલીસનું સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ

શહેરમાં રમઝાન ઈદના પવિત્ર તહેવારની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ તંત્ર દ્વારા પૂર્વરાત્રીએ સઘન ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.



જામનગરના એસ.પી. ડો. રવિ મોહન સૈની અને શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી સી. ડિવિઝનના પી.આઈ. એન.બી. ડાભી અને તેમની ટીમે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજી હતી. ખાસ કરીને શંકર ટેકરી વિસ્તાર, દિગ્વિજય પ્લોટ ૪૯ નો છેડો અને ઈદગાહ મસ્જિદ જેવા આસપાસના વિસ્તારોમાં પોલીસ ટુકડીઓએ પગપાળા ભ્રમણ કરી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને નાગરિકો સુરક્ષિત રીતે ઈદની ઉજવણી કરી શકે તે માટે પોલીસ દ્વારા આ સતર્કતા દાખવવામાં આવી છે. પોલીસના આ પેટ્રોલિંગથી સ્થાનિકોમાં પણ સુરક્ષાનો ભાવ જોવા મળ્યો હતો.

# દ્વારકા જિલ્લામાં રેવન્યુ અને વસ્તી ગણતરીની કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટર તન્ના

## ખંભાળીયા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરની રેવન્યુ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ



**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડામથક ખંભાળીયાના જિલ્લા સેવા સદન ખાતેના સભાખંડમાં જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં જિલ્લાના રેવન્યુ અધિકારીઓની આર.ઓ. મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં તમામ રેવન્યુ અધિકારીઓ સાથે કલેકટર તન્નાએ રેવન્યુને સ્પર્શતા તમામ મુદ્દાઓ તેમજ ડી.આઈ.એલ.આર., સીટી સર્વે તેમજ પૂરવઠાને લગત કામગીરીનો રીવ્યુ પણ કરવામાં આવ્યો હતો. આ સાથે આગામી વસ્તી ગણતરી સબંધી કામગીરીનો પણ રીવ્યુ લેવામાં આવ્યો હતો. આ મીટીંગમાં કલેકટર રાજેશ તન્ના, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા તેમજ જિલ્લાભરના રેવન્યુ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામજોધપુરના નારીયેરા નેશના આંગણે ભક્તિનો મહાકુંભઃ મંગળવારથી 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નો પ્રારંભ

**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

હાલારની પવિત્ર ધરા પર જ્યારે ભક્તિ અને શક્તિનો સંગમ થાય છે ત્યારે આધ્યાત્મિકતાનો એક અનોખો માહોલ સર્જાય છે. જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ નારીયેરા નેશ ખાતે આગામી ચૈત્ર માસમાં આવો જ એક દિવ્ય અવસર આકાર લેવા જઈ રહ્યો છે. ચારણ જગદંબા આઈશ્રી વાલબાઈ માતાજીના પાવન ધામમાં, સર્વ સેવકગણના પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ મંગલકારી ભાગવત કથાના તપોમય વ્યાસાસન પર પ્રખર યુવા આચાર્ય શાસ્ત્રી ધર્મેન્દ્ર પ્રસાદ (રસરાજ) બિરાજશે. તેઓ પોતાની આગવી અને સુમધુર સંગીતમય શૈલીમાં શ્રોતાઓને ભાગવતજીના ગૂઢ રહસ્યો અને ભગવાનની લીલાઓનું રસપાન કરાવશે. કથાનો સમય દરરોજ સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૦૩:૩૦ થી ૦૬:૦૦ સુધી રાખવામાં આવ્યો છે.



વિક્રમ સંવત ૨૦૮૨, ચૈત્ર માસના પવિત્ર દિવસોમાં કથાના વિવિધ પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે. જેમાં ૨૪ માર્ચના રોજ પોથી યાત્રા સાથે કથાનો પ્રારંભ થશે. ૨૬ માર્ચે નૃહસિંહ પ્રાગટ્ય, ૨૭ માર્ચે શ્રી રામ પ્રાગટ્ય અને સાંજે શ્રી કૃષ્ણ જન્મોત્સવ (નંદ મહોત્સવ) ઉજવાશે. ૨૯ માર્ચે શ્રી રૂકમણી વિવાહ અને ૩૦ માર્ચના રોજ સુદામા ચરિત્ર સાથે કથાનું વિરામ થશે.આ મહોત્સવમાં અનેક દિવ્ય વિભૂતિઓ પધારીને આશીર્વચન પાઠવશે. ગાયત્રી આશ્રમ - ગધેથડના પૂજ્ય લાલદાસ બાપુએ આ પ્રસંગે વિશેષ આશીર્વાદ આપતા જણાવ્યું છે કે, આઈશ્રી વાલબાઈ માતાજીના સાનિધ્યમાં થઈ રહેલું આ કાર્ય અનેક જીવાત્માઓના મોક્ષનું કારણ બનશે. આ ઉપરાંત સોનલધામ-મઢડાથી કંચન માં, રામપરાથી રૂપલ માં, જામ ખંભાળીયાથી હિરલ માં, ગાંગેચાથી સોનલ માં અને જુનાગઢથી આઇ દેવલ માં સહિતના શક્તિસ્વરૂપો પધારીને ભક્તોને દર્શનનો લાભ આપશે. સાથે જ શ્રી જેન્તીરામ બાપા (ધુનડા), દિગંબર જિનોદગીરી બાપુ (સતાપર), રવિ ભારતી બાપુ (નારીયેરા નેશ) અને અન્ય અનેક સંતો-મહંતો તેમજ ભુવા આતાશ્રીઓ આ પ્રસંગની શોભા વધારશે.કથા શ્રવણની સાથે સાથે રાત્રિના સમયે લોકસાહિત્ય અને ભક્તિ સંગીતની મહેફિલ જામશે. જેમાં ભુપત આતા, આલયબેન ગઢવી, ભીમાભાઈ ગઢવી, વેજલબેન ગઢવી, કે.ડી. ગઢવી અને જય ઓડેદરા જેવા કલાકારો પોતાની કલા પીરસશે. ૨૭ માર્ચે સતાપરની જગવિખ્યાત ભવ્ય કાનગોપીનો ઉત્સવ યોજાશે, જ્યારે ૨૯ માર્ચે લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને દેવરાજ ગઢવી સહિતના કલાકારો દ્વારા ભવ્ય ડાયરો યોજાશે.આ ધાર્મિક મહોત્સવમાં ગુજરાતના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, જામનગરના સાંસદ પુનમબેન માડમ, પૂર્વ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, પૂર્વ મંત્રી હકુભા, દિવ્યેશભાઈ અકબરી ધારાસભ્ય, હેમંતભાઈ ખવા ધારાસભ્ય સહિતના અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આયોજકો દ્વારા કથા શ્રવણ માટે આવતા તમામ ભક્તો માટે ભોજન પ્રસાદની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. વાલબાઈ ધામના સેવક સમુદાય દ્વારા આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# હર્ષદ ગરબી મંડળ દ્વારા કાલે જામજોધપુરથી હર્ષદ પદયાત્રા

**અબતક, ભરત ગોહિલ**
**જામજોપુર**

હર્ષદ ગરબી મંડળ દ્વારા દર વર્ષે પગપાળા હર્ષદ સુધીની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.જામજોધપુરથી આપગપાળા યાત્રા સંઘ ૨૨-૩ રવિવારના રોજ પ્રસ્થાન કરશે. આ પગપાળા યાત્રા જામજોધપુરના હરસિધ્ધી માતાજીના મંદિરેથી પ્રસ્થાન કરશે અને ૨૬-૩ના રોજ પૂર્ણ થશે. પગપાળા યાત્રા સંઘમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.



# જામનગર - દ્વારકામાં પીજીવીસીએલની ટીમે ગણતરીના કલાકોમાં વિજ પુરવઠો પૂર્વવત શરૂ કર્યો

## કર્મચારીઓએ જીવના જોખમે કામગીરી કરી, ૪૫૨ ગામડાઓ પ્રભાવિત થયા હતા

**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

કુદરતી આફત અને ભારે પવનના કારણે ખોરવાયેલા જનજીવનને બેઠું કરવા માટે જામનગર - દ્વારકાના પીજીવીસીએલની ટીમે યુધ્ધના ધોરણે કામગીરી કરી સાચા અર્થમાં રંગ રાખ્યો છે. ભારે પવનને કારણે વીજ લાઈનો પર ઉડીને આવેલા ઝાડ, હોર્ડિંગ્સ અને કાપડ જેવી વસ્તુઓના અવરોધ છતાં, વીજ કર્મચારીઓએ જીવના જોખમે કામ કરી ગણતરીના કલાકોમાં અંધકાર દૂર કર્યો હતો.શહેરના અંદાજે ૧૦૦ જેટલા ૧૧,૦૦૦ વોલ્ટના ફીડરો અસરગ્રસ્ત થયા હતા. આ ફીડરોની લાઈન પર મોટા પાયે ઝાડની ડાળીઓ, લોખંડના બોર્ડ અને અન્ય કચરો આવી પડ્યો હતો. પીજીવીસીએલની ટીમોએ સતત ૬ કલાકની ભારે જહેમત અને જોખમ ઉઠાવીને થાંભલાઓ પર ચડીને આ તમામ અવરોધો દૂર કર્યા હતા. પરિણામે,



૧૦૦ માંથી ૯૫ ફીડરોને તાત્કાલિક કાર્યરત કરી વીજ પુરવઠો પૂર્વવત્ કરી દેવામાં આવ્યો હતો. જ્યારે બાકી રહેલા ૫ ફીડરોમાં પણ પાવર ચાલુ કરવા માટે કર્મચારીઓ મોડી રાત સુધી ફિલ્ડમાં ડ્યુટી બજાવતા જોવા મળ્યા હતા.માત્ર શહેરી જ નહીં, પણ ગ્રામીણ વિસ્તારોમાં પણ વીજ તંત્ર દ્વારા યુદ્ધસ્તરે કામગીરી કરવામાં આવી છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ ૭૨૬ ગામોમાંથી ૪૫૨ ગામડાઓ અસરગ્રસ્ત થયા હતા. પીજીવીસીએલની ટીમોએ ત્વરિત કાર્યવાહી કરીને આ ૪૫૨ માંથી ૩૮૭ ગામડાઓમાં વીજ પુરવઠો ફરી શરૂ કરી દીધો છે. કુદરતી આફત સામે વીજ તંત્રની આ ત્વરિત અને અસરકારક કામગીરીને સ્થાનિક રહીશો દ્વારા બિરદાવવામાં આવી રહી છે.

# રમજાન માસમાં પોલીસના સહકાર બદલ મુસ્લિમ સમાજના આગેવાનોએ સિટી-એ ડિવિઝન સ્ટાફનું સન્માન કર્યું

પવિત્ર રમઝાન માસ દરમિયાન જામનગર પોલીસની મિલનસાર અને પ્રજાભિમુખ કામગીરીના ચોમેર વખાણ થઈ રહ્યા છે. શહેરના વ્યસ્ત ગણાતા પાંચ હાટડી વિસ્તારમાં રમઝાન માસ દરમિયાન મોડી રાત સુધી ખાદ્ય-ખોરાકી અને અન્ય ચીજવસ્તુઓના વેપાર-ધંધા ધમધમતા હોય છે. આ સમયગાળા દરમિયાન નાના વેપારીઓ અને ધંધાર્થીઓને કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે તે માટે જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ખૂબ જ સકારાત્મક અભિગમ દાખવી પૂરતો સહયોગ આપવામાં આવ્યો હતો. પોલીસના આ સહકાર અને ઉમદા કાર્યને



બિરદાવવા માટે મુસ્લિમ સમાજના અગ્રણીઓએ 'ઈદ-ઉલ-ફિત્ર' ના પવિત્ર અવસરે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે પીઆઈ નિકુંજસિંહ ચાવડા સાહેબ તથા સમગ્ર પોલીસ સ્ટાફનો દિલથી આભાર માન્યો હતો. સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, પોલીસના સાથ-સહકારને કારણે જ વેપારીઓ નિર્ભય બનીને પોતાનો વ્યવસાય કરી શક્યા હતા.આ પ્રસંગે જુમ્મા મસ્જીદ ટ્રસ્ટ બોર્ડના પ્રમુખ હાજી અબ્દુલરશીદભાઈ લુશવાલા, મુસ્લિમ મહિલા અગ્રણી સહારાબેન મકવાણા, બુલંદી ગ્રુપના પ્રમુખ અસલમભાઈ સોરા, મોશીનભાઈ ખફી, કસાઈ સમાજના અગ્રણી નૂરમામદભાઈ સમા, બાબરભાઈ લાખા, ટ્રસ્ટી મુસ્તાકભાઈ ખફી, કાસમભાઈ ટીચુક તથા રિયાઝભાઈ મકરાણી સહિત પાંચહાટડી વિસ્તારના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પોલીસ વિભાગની કામગીરીને વધાવી હતી.

# મહેસૂલ વિભાગમાં બઢતી અને બદલી ૨૯ કર્મચારીઓ બન્યાં નાયબ મામલતદાર

રાજ્ય સરકાર દ્વારા મહેસૂલ વિભાગમાં મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં સમગ્ર રાજ્યના ૮૦ નાયબ મામલતદારોની આંતર જિલ્લા બદલીઓ અને ૮૦૦ જેટલા કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે. આ પ્રક્રિયામાં જામનગર જિલ્લાના મહેસૂલી તંત્રમાં પણ મહત્વના ફેરફારો થયા છે.

રાજ્ય સરકારના આદેશ મુજબ, જામનગરમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર રશ્મિકાંત કાંતિલાલ ચૌહાણની અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે, જ્યારે તેમના સ્થાને ડાંગ જિલ્લામાંથી જયપાલસિંહ જે. ચુડાસમાની જામનગર ખાતે નિમણૂક કરવામાં આવી છે.

બીજી તરફ, રાજ્યના વર્ગ-૩ ના કર્મચારીઓ માટે આ ચૈત્ર માસ ખુશીઓ લઈને આવ્યો છે. રાજ્યભરના ૮૦૦ જેટલા કારકુન અને તલાટી મંત્રીઓને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે, જેમાં જામનગર જિલ્લાના ૨૯ કર્મચારીઓનો સમાવેશ થાય છે. લાંબા સમય બાદ મળેલા આ પ્રમોશનને કારણે કર્મચારી આલમમાં જાણે દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

# જામનગરમાં મકાનમાંથી ઘોડીપાસાની કલબ ઝડપાઈ

જામનગરમાં કડિયાવાડ વિસ્તારમાં એક રહેણાંક મકાનની અંદર ઘોડીપાષાની મીની કલબ ચાલી રહી છે, તેવી ચોક્કસ બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ દરોડો પાડયો હતો, અને ૧૦ આરોપીઓને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી રૂપિયા ૨,૪૬,૫૦૦ ની માલમતા કબજે કરી છે.



જામનગરના કડીયાવાડ વિસ્તારમાં લાડવા શેરીમાં રહેતા રાજેન્દ્ર ચમનલાલ નામના શખ્સ દ્વારા બહારથી માણસોને એકત્ર કરીને પોતાના ઘરમાં ઘોડિપાસા અલગ ચલાવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે એલસીબી ની ટીમે ગઈકાલે મોડી રાત્રે દરોડો પાડયો હતો.

જે દરોડા દરમિયાન મકાન માલિક સહિત ૧૦ શખ્સ ઘોડી પાષાનો જુગાર રમી રહેલા નજરે પડ્યા હતા.

આથી પોલીસે મકાન માલિક રાજેન્દ્ર ચમનલાલ લાલાણી પ્રશાંતસિંહ પ્રદ્યુમનસિંહ ગોહિલ, કૌશિક જયંતીલાલ ચાવડા, અજય હરજીભાઈ વાઢેર ભરત રમેશભાઈ વસાણી, ઘનશ્યામભાઈ હીરાભાઈ લાખાણી, ધર્મેન્દ્ર જગદીશભાઈ સોલંકી, સરફરાજ ઓસમાણભાઈ વાઘેર, નરેન્દ્ર જમનાલાલ લાખાણી અને કેતન રાજેશભાઈ ખેતાણી સહિત ૧૦ આરોપીયરની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૫૦,૫૦૦ ની રોકડ રકમ નંગ મોબાઈલ ફોન, તેમજ બે વાહનો સહિત કુલ રૂપિયા ૨,૪૬,૫૦૦ ની માલમતા કબજે કરી લીધી છે.

# ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબી આઈપીએલ-૨૦૨૬નું ટાઈટલ જીતી ઈતિહાસ રચશે?

## વિરાટ કોહલો-ફિલ સોલ્ટ ઓપનિંગ કરશેઃ પડીકલ, અય્યર અને ડેવિડ મિડલ ઓર્ડરને સ્ટ્રોંગ બનાવશેઃ જોશ હેઝલવુડ અને કૃણાલ પંડ્યા એક્સ ફેક્ટર સાબિત થશે?



**અબતક, રાજકોટ**

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આરસીબી આઈપીએલ ૨૦૨૬ માં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે. ૨૦૨૫ માં પોતાનું પહેલું ટાઈટલ જીત્યા બાદ ટીમે પોતાનો મુખ્ય ભાગ જાળવી રાખ્યો છે અને હવે એક મજબૂત,સંતુલિત ટીમ ઉતારવાની તૈયારી કરી રહી છે.આ વખતે બેટિંગ અને બોલિંગ બંનેને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે,જે આરસીબી માટે લાંબા સમયથી ચાલતી નબળાઈ હતી.આ સિઝનમાં આરસીબી પાસે પણ કંઈક નોંધપાત્ર હાંસલ કરવાની તક છે.જો તેઓ સારું પ્રદર્શન કરે છે.તો તેઓ મુંબઈ ઈન્ડિયન્સ અને સીએસકેના ચુનંદા ક્લબમાં જોડાઈ શકે છે.

ટીમનો સૌથી અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી ૧૯મી સિઝનમાં ટીમ માટે રમશે.રજત પાટીદારની કેપ્ટનશીપ હેઠળ,ટીમ ફરી એકવાર ઈતિહાસ રચવા માંગશે.ફિલ સોલ્ટ,ટિમ ડેવિડ,દેવદત્ત પડિકલ,જીતેશ શર્મા,જોશ હેઝલવુડ અને કૃણાલ પંડ્યા જેવા ખેલાડીઓ ફરી એકવાર આરસીબીની જર્સીમાં જોવા મળશે.હરાજીમાં,ટીમે ભારતીય પિચો પર વધુ સારું પ્રદર્શન કરવા માટે તેની બોલિંગ,ખાસ કરીને તેના સીમ આક્રમણને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ગયા સિઝનની સફળતાએ ટીમમાં આત્મવિશ્વાસ અને રસાયણશાસ્ત્રનો સંચાર કર્યો છે.

આરસીબીનો સૌથી

(અનુ. આઠમા પાને)

### આરસીબીની પ્લેઈંગ ઈલેવનની તાકાત શું છે?

વિરાટ કોહલી અને ફિલ સોલ્ટની મજબૂત ઓપનિંગ જોડી ટીમની સૌથી મોટી તાકાત છે. ડેથ બોલિંગમાં જોશ હેઝલવુડની ચોકસાઈ અને ભુવનેશ્વરના યોર્કર પણ અન્ય ટીમો માટે એક મોટો પડકાર બની શકે છે. બીજી બાજુ, વેંકટેશ ઐયર અને કૃણાલ પંડ્યા જેવા ઓલરાઉન્ડર ટીમમાં લવચીકતા લાવે છે. વધુમાં, ચેમ્પિયન કોરની માનસિક શક્તિ અને જીતનો અનુભવ અન્ય ખેલાડીઓ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે.

## આઈપીએલના પહેલા પ્રેક્ટિસ મેચમાં રઘુવંશીએ ૫૫ બોલમાં ૧૦૩ રન ફટકાર્યા



આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત અગાઉ, કોલકાતા નાઈટ રાઈડર્સ પ્રેક્ટિસ મેચ દરમિયાન જબરદસ્ત એક્શન જોવા મળ્યું, જ્યાં 'પર્પલ નાઈટ્સ'એ 'ગોલ્ડન નાઈટ્સ'ને રોમાંચક મેચમાં હરાવી. આ જીતનો હીરો અંગક્રિશ રઘુવંશી રહ્યો. તેણે માત્ર ૫૫ બોલમાં શાનદાર સદી ફટકારીને મેચનું પાસું સંપૂર્ણપણે પલટી નાખ્યું. તેની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૫ છગ્ગાનો સમાવેશ થાય છે.

૨૦૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા પર્પલ નાઈટ્સની શરૂઆત ખરાબ રહી. અજિંક્ય રહાણે બીજી જ ઓવરમાં આઉટ થઈ ગયો. જોકે, પછી ક્રીઝ પર આવેલા અંગક્રિશ રઘુવંશીએ મેચ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું.

આક્રમક રીતે બેટિંગ કરતા રઘુવંશીએ ૫૫ બોલમાં અણનમ ૧૦૩ રન બનાવ્યા, જેમાં ૯ ચોગ્ગા અને ૫ છગ્ગાનો સમાવેશ થતો હતો. તેને ફિન એલન ૨૩ રન અને અનુકુલ રોય અણનમ ૨૮ રનનો ઉત્તમ સહયોગ મળ્યો. પર્પલ નાઈટ્સે લક્ષ્યનો પીછો કરતા ૧૯.૨ ઓવરમાં ૪ વિકેટે ૨૦૩ રન બનાવીને જીત હાંસલ કરી લીધી અને પ્રેક્ટિસ મેચને હાઈ-સ્કોરિંગ થ્રીલર બની ગઈ. આ મેચ આગામી આઈપીએલ પહેલા ટીમની તૈયારી અને ફોર્મનો મોટો સંકેત આપે છે.

## ઈજા બાદ શ્રેયસ અય્યરનું કમબેક, પંજાબને વિજય અપાવવા ફરી સજ્જ



પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યરએ આઈપીએલ ૨૦૨૬ પહેલાં પોતાના કરિયરના એક મુશ્કેલ તબક્કા વિશે ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે ઑસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન થયેલી ગંભીર ઈજાને કારણે તેઓએ આશરે ૭ કિલો વજન ગુમાવ્યું હતું.

આ ઘટના ઑક્ટોબર ૨૦૨૫માં ભારત વિ. ઑસ્ટ્રેલિયા વચ્ચેની સિરીઝ દરમિયાન બની હતી. શ્રેયસ અય્યર એક કેચ લેવાના પ્રયાસમાં ડાઈવ લગાવી હતી, જેના કારણે તેમને સ્પ્લીન (આંતરડાની નજીકના અંગ)માં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજા એટલી ગંભીર હતી કે તેમને સિડનીની હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ઓપરેશન પણ કરાવવું પડ્યું હતું. આ સમયગાળા દરમિયાન તેઓ લગભગ બે મહિના મેદાનથી દૂર રહ્યા હતા.

મોહાલીમાં પંજાબ કિંગ્સના જર્સી અનવેલિંગ ઈવેન્ટ અને પ્રી-સીઝન પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શ્રેયસ અય્યરે આ અનુભવ વિશે વાત કરી હતી અને જણાવ્યું હતું કે, ઈજા પછી પરત આવવું હંમેશા પડકારજનક હોય છે. આ ઈજા ખૂબ જ ગંભીર હતી, જેના કારણે મેં આશરે ૭ કિલો વજન ગુમાવ્યું હતું.

ભાગ્યથી, બે મહિના પછી હું ફરીથી સારી સ્થિતિમાં આવી ગયો. પરંતુ તે ૭ કિલો

(અનુ. આઠમા પાને)

## ત્રીજી ટી-૨૦માં સાઉથ આફ્રિકાને હરાવી કિવિ ફરીથી સરસાઈ પર

### સાઉથ આફ્રિકા ૧૩૬ રન કરી શક્યું, ન્યૂઝીલેન્ડનો આઠ વિકેટે વિજય, સિરીઝમાં ૨-૧થી આગળ



ટોમ લાથમે અણનમ ૬૩ રન ફટકારવા ઉપરાંત ડેવોન કોનવે સાથે પહેલી વિકેટ માટે ૯૬ રન ઉમેરતા ન્યૂઝીલેન્ડે શુક્રવારે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી સાઉથ આફ્રિકાને આઠ વિકેટે હરાવીને પાંચ મેચની વર્તમાન સિરીઝમાં ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરી હતી અને ૨૦ ઓવરમાં નવ વિકેટે માત્ર ૧૩૬ રન કર્યા હતા જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૨૨ બોલ બાકી રાખીને બે વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. સાઉથ આફ્રિકન ઈનિંગ્સમાં લોકી ફર્ગ્યુસને ચાર ઓવરમાં માત્ર નવ રન આપીને એક વિકેટ લીધી હતી. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.સિરીઝમાં અત્યાર સુધી બેટિંગ કરવી પડકારજનક રહી છે અને મેચો લો-સ્કોરિંગ જોવા મળી છે. પ્રથમ મેચમાં સાઉથ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડના ૯૧ રનના લક્ષ્યાંકનો પીછો કરીને સાત વિકેટે જીત મેળવી હતી, જયારે બીજી મેચમાં ન્યૂઝીલેન્ડે હરીફ ટીમને ૧૦૭ રનમાં આઉટ કરી ૬૮ રનથી વિજય મેળવ્યો હતો.મેચમાં સાઉથ આફ્રિકાએ આ સિરીઝમાં પ્રથમ વખત પૂરી ૨૦ ઓવર બેટિંગ કરી હતી. જેમાં નકોબાની મોકોએનાએ તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં ૨૦ બોલમાં ત્રણ સિક્સર સાથે અણનમ ૨૬ રનનું યોગદાન આપ્યું હતું.લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની જોડી ટોમ લાથમ અને કોનવેએ શાંત શરૂઆત કરી હતી. પ્રથમ બે ઓવરમાં માત્ર પાંચ રન અને ત્રણ ઓવરના અંતે ૧૨ રન કર્યા હતા. જોકે, ત્યારબાદ તેમણે આક્રમક વલણ અપનાવ્યું હતું. ચોથી ઓવરમાં ૧૪ રન અને પાંચમી ઓવરમાં ૨૧ રન ફટકાર્યા હતા. કોનવે ૧૧મી ઓવરમાં કેશવ મહારાજની બોલિંગમાં રૂબિન હર્મન દ્વારા કેચ આઉટ થયો હતો. ત્યારબાદ ટીમ રોબિન્સન ૧૭મી ઓવરમાં આઉટ થયો ત્યારે સ્કોર બરાબર થઈ ગયો હતો. નિક કેલીએ મેદાનમાં આવીને પછીના જ બોલે સિંગલ રન લઈને ટીમને જીત અપાવી હતી.પાંચ મેચની વર્તમાન ટી૨૦ સિરીઝની ચોથી મેચ કાલે વેલિંગ્ટનમાં રમાશે.






# જૂનાગઢ: પત્નીના ભરણપોષણ કેસના ચુકાદાના ડરથી યુવાનનો આપઘાત

## છ વર્ષથી ચાલતા કૌટુંબિક વિવાદ અને કોર્ટ કેસના ચુકાદાના માનસિક તણાવમાં યુવાને ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને પત્ની સાથેના કૌટુંબિક વિખવાદ અને ભરણપોષણના કેસના સંભવિત ચુકાદાના ડરે એસિડ પી લેતા, સારવાર દરમિયાન રાજકોટની હોસ્પિટલમાં તેમનું મોત નિપજ્યું છે. છ વર્ષ જૂના કેસમાં ભરણપોષણની રકમ ચૂકવવી પડશે અથવા જેલ જવું પડશે તેવી ચિંતામાં આ આત્યંતિક પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢના દોલતપરાની સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા રમેશભાઈ મનસુખભાઈ જાદવ (ઉ. ૪૦) નામના યુવાને ગઈકાલે સાંજે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. હાલત ગંભીર જણાતા તેમને તાત્કાલિક જૂનાગઢ અને ત્યારબાદ વધુ સારવાર માટે બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજે ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રમેશભાઈ હીરા ઘસવાનું કામ કરી પોતાના માતા-પિતાનો ગુજરાન ચલાવતા હતા. રમેશભાઈના લગ્ન બાદ પત્ની હીનાબેન સાથે મનદુઃખ થતાં, તેઓ છેલ્લા છ વર્ષથી જેતપુર ખાતે પોતાના પિયરમાં રિસામણે હતા. પત્નીએ પતિ સહિત સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ તેમજ ભરણપોષણ (ખાધાખોરાકી)નો કેસ કર્યો હતો.આ કેસનો ચુકાદો આગામી દિવસોમાં ગમે ત્યારે આવે તેમ હતો. પરિવારજનોના જણાવ્યા અનુસાર, રમેશભાઈ લાંબા સમયથી આ કેસને લઈને માનસિક તણાવમાં હતા. તેમને સતત એ વાતનો ડર સતાવતો હતો કે જો ચુકાદો વિરુદ્ધમાં આવશે તો મોટી રકમ ચૂકવવી પડશે અથવા તો જેલના સળિયા પાછળ જવું પડશે. આ આર્થિક અને સામાજિક ચિંતામાં તેમણે અંતિમ પગલું ભરી લીધું હતું. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે જૂનાગઢ એ-ડિવિઝન પોલીસને જાણ કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ફિલ્મી ઢબે બુટલેગરનો પીછો કર્યો કાર પલટી મારી જતા રૂ.૨.૧૪ લાખનો દારૂ પકડાયો

## કારમાં સવાર બે આરોપીઓ નાસી છૂટ્યા: ત્રણ ઘવાતા સારવાર માટે દવાખાને ખસેડાયા



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચે દારૂની હેરાફેરી કરતી એક કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો, જો કે, કાર ચાલકે કાર પરનું નિયંત્રણ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી, અને કારમાં બેસેલા બે શખ્સો અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. જ્યારે અન્ય ત્રણ શખસ કારની અંદર ફસાઈ ગયા હતા, આ ઘટનામાં પોલીસને રૂ. ૨,૧૪,૮૬૦ ની કિંમતની ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવતા પોલીસે દારૂનો જથ્થો, કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂા. ૧૨,૩૪,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.જૂનાગઢ એલસીબી. એ બુટલેગરો સામે કડક કાર્યવાહી કરી છે. આ અંગે પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, એલસીબીને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, એક સિલ્વર કલરની ઈનોવા કાર મંગલપુર ફાટકથી મઢડા ગામ તરફ જવાની છે, જેમાં બુટલેગરો વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને જવાના છે, આ માહિતી મળતા જ પોલીસે બાતમી વાળા રોડ પર વોચ ગોઠવી હતી. જે બુટલેગરોએ જોઈ જતા જ પોતાની ઈનોવા કાર નં. જીજે ૧૧ બીઆર ૯૮૭૩ પૂરપાટ ઝડપે હંકારી મૂકી હતી. ત્યારે પોલીસે તરત જ પોતાના વાહનો સાથે આ કારનો પીછો શરૂ કર્યો હતો. પરંતુ કાર ચાલકે રસ્તા પર પકડાઈ જવાના ડરથી કાર પરનું નિયંત્રણ ગુમાવ્યું હતું અને ઈનોવા કાર પલટી ખાઈ ગઈ હતી. આ દરમિયાન પોલીસ પહોંચી જતા, અંધારાનો લાભ લઈ, કારમાં સવાર બે શખ્સો નાસી ગયા હતા. જ્યારે અન્ય ત્રણ આરોપીઓ દુદા દેવરાજ કોડીયાતર, નયન ટપુ વંશ અને બાલુ દાના કોડીયાતર કારની અંદર જ ફસાઈ ગયા હતા, જેને પોલીસે બહાર કાઢ્યા હતા તેમને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેથી તેમને કેશોદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા.

બીજી બાજુ પોલીસે પલટી ખાઈ ગયેલ ઈનોવા કારની તલાશી લેતા તેમાંથી રૂા. ૨,૧૪,૮૬૦ ની કિંમતની નાની-મોટી કુલ ૯૭૫ નંગ ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવી હતી. જેથી પોલીસે દારૂ ઉપરાંત ઈનોવા કાર અને બુટલેગરોના મોબાઈલ ફોન સહિત કુલ રૂા. ૧૨,૩૪,૮૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને કેશોદ પોલીસ સ્ટેશનમાં ૫ શખ્સો વિરુદ્ધ ગુન્હો દાખલ કરાવ્યો હતો, તે સાથે નાસી છૂટેલા આરોપીઓ પરેશ દાના કોડીયાતર અને કરસન કાના કોડીયાતરની શોધખોળ માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.

# જાફરાબાદ: શેરબજારમાં ઊંચા નફાની લાલચ આપી રૂ.૧.૨૨ કરોડની ઠગાઈ

## ખાનગી કંપનીના કર્મચારીને એપ્લિકેશનમાં નફો બતાવી રૂપિયા ઉપાડવા માટે ફી ભરવાના બ્હાને ઓનલાઈન ફ્રોડ કર્યું

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં ફરી એકવાર સાયબર ઠગાઈનો મોટો બનાવ સામે આવ્યો છે. શેર માર્કેટમાં રોકાણ કરીને ઊંચું વળતર આપવાની લાલચ આપીને ઠગબાજોએ વ્યકિત પાસેથી રૂ.૧.૨૨ કરોડથી વધુની રકમ પડાવી લીધી હોવાનું બહાર આવ્યું છે. જાફરાબાદમાં રહી ખાનગી કંપનીમાં નોકરી કરતા અને મૂળ હરિયાણાના વિકાસ રામસ્વરૂપ યાદવ (ઉંમર ૪૪)ને ફેસબુક પર એડ જોવા મળી હતી. આ એડમાં શેર બજારમાં રોકાણ કરીને ઊંચો નફો આપવાની લાલચ આપવામાં આવી હતી.રામસ્વરૂપ યાદવને આપેલા વોટ્સએપ નંબર પર સંપર્ક કરતા શાલીની કુલકર્ણી નામથી ઓળખ આપનાર વ્યકિતએ વોટ્સએપ ગ્રુપમાં જોડ્યા હતા. ત્યારબાદ લાભદાયી શેરની માહિતી આપી પોતાના ચક્રવ્યૂહમાં ફસાવવા ખાસ લિંક મોકલી અને એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી ત્યાર બાદ કસ્ટમર સેન્ટર નામના અન્ય વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. આ આરોપીઓએ જુદી જુદી બેંકોના ખાતાની વિગતો આપી ફરિયાદી પાસેથી અલગ અલગ હપ્તામાં કુલ રૂ.૧ કરોડ ૨૨ લાખ ૮૫ હજાર જેટલી રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી.

બાદમાં એપ્લિકેશનમાં તેઓ નફો કરતા હોવાનું દર્શાવી વિશ્વાસ જીત્યા બાદ જ્યારે ફરિયાદીએ રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે વધુ રૂ.૫૦ લાખ ફી ભર્યા પછી જ પૈસા મળશે તેવી ધમકી આપી હતી. અને ત્યારે રામસ્વરૂપ યાદવ પોતે ફ્રોડનો શિકાર થયાનું અનુમાન આવતા અજાણ્યા લોકો વિરુદ્ધ જાફરાબાદ પોલીસને ફરિયાદ આપી છે.

# જૂનાગઢના સજા વોરંટના કામે ૬ માસથી નાસતા-ફરતો આરોપી આદીપુરથી ઝડપાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ સજા વોરંટના કામે ૬ માસથી નાસતા-ફરતા આરોપીને આદીપુરથી પકડી પાડી, કોર્ટમાં રજૂ કરી, જેલ હવાલે કર્યો હતો.

જૂનાગઢના પો.ઈન્સ. કૃણાલ એમ.પટેલના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા કાઈમ બ્રાનૂચનો પોલીસ સ્ટાફ સતત પ્રયત્નશીલ હોય દરમ્યાન કાઈમ બ્રાન્ચના પો.સ.ઈ. પી.કે. ગઢવી તથા એ.એસ.આઈ. સરમણભાઈ સોલંકીને ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સથી ચોક્સ માહીતી મળેલ કે, એડી. ચીફ યુડી. મેજીસ્ટ્રેટની કોર્ટ દ્વારા રાજા થયેલ આરોપી મનીષભાઈ પ્રહલાદભાઈ ભટ્ટી (રહે. વડોદરા) કચ્છ જીલ્લાના આદીપુર ખાતે છે, જે હકીકતના આધારે ક્રાઈમ બ્રાન્ચ એ બાતમી વાળી જગ્યા એ પહોંચી જઈ આરોપીની તપાસ કરતા આરોપી મનીષભાઈ પ્રહલાદભાઈ ભટ્ટી મળી આવતા, આરોપીને પકડી પાડી, કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવતા કોર્ટ દ્વારા આરોપીને જેલ હવાલે કરવામા આવેલ હતો.

# ધ્રાંગધ્રામાં ઘોડીપાસાની કલબ પર દરોડો: પાંચ ફરાર

## બે શખ્સોની ધરપકડ: રૂ.૧૨૩૫૦નો મુદ્દામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ગુડદી પાસાનો જુગાર રમતા બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા, જ્યારે પાંચ અન્ય શખ્સો પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા મળતી માહિતી મુજબ, તાલુકા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન પરોઢિયા સીમ નજીક કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન પોલીસે સંજયભાઈ પ્રભુભાઈ નાકિયા અને નાત્રભાઈ નાનુભાઈ ભરવાડ નામના બે શખ્સોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. કુલ રૂપિયા ૧૨,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો જ્યારે હર્ષદભાઈ સિંધવ, ધમો કિશોરભાઈ ખારબ, ગૌતમભાઈ મેવાડા, જીતુભાઈ તથા પ્રિન્સભાઈ જીતુભાઈ સહિતના પાંચ શખ્સો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.



# ચોટીલા હાઈવે પર સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં વધુ પ્રૌઢનું મોત, મૃત્યુ આંક ત્રણ

## મિત્ર સાથે ચામુંડા માતાના દર્શન કરીને પરત ફરતી વેળાએ સર્જાયેલા અકસ્માત, પિતા-પુત્ર સારવારમાં

**અબતક, રાજકોટ**

ચોટીલાના મઘરીખડા ગામના વૃદ્ધાશ્રમ પાસે અમદાવાદ નેશનલ હાઈવે પર ગઈકાલે સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં વધુ એક વ્યક્તિનું મોત નીપજતા ચકચાર મચી જવા પામી છે. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત હર્ષદભાઈ સૂર્યવંશીનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર બાદ મોત નીપજ્યું હતું, જેને પગલે પરિવારમાં ભારે શોક છવાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદના રામલ વિસ્તારમાં રહેતા અને હર્ષદભાઈ ભરતભાઈ સૂર્યવંશી (ઉં.વ. ૩૪) ગઈકાલે સવારે પોતાના મિત્ર કલ્પેશભાઈ ઠાકોર અને તેમના પરિવાર સાથે સ્વિફ્ટ કારમાં ચોટીલા દર્શન કરવા આવ્યા હતા. દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે હાઈવે પર ઉભેલા ટ્રક પાછળ પ્રથમ એક પીકઅપ વાન અથડાઈ હતી અને ત્યારબાદ પાછળથી પૂરઝડપે આવતી હર્ષદભાઈની સ્વિફ્ટ કાર પણ ધડાકાભેર ટ્રક સાથે અથડાતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના સ્થળે જ સોનાલીબેન અને તેમના ભત્રીજા આશિષનું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હર્ષદભાઈને ૧૦૮ મારફત પ્રથમ ચોટીલા અને ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં રાત્રે ૧:૪૫ વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. હાલ કલ્પેશભાઈ અને દિવ્યાંશભાઈ નામના બે વ્યક્તિઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.પ્રાથમિક મૃતક હર્ષદભાઈ બે ભાઈ અને એક બહેનના પરિવારમાં બીજા નંબરના સંતાન હતા અને ડીજેના વ્યવસાય દ્વારા પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આ કરુણ ઘટનાથી રામલ વિસ્તારમાં અને મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# વેરાવળમાં દરિયાઈ જૈવિક કચરાનું ગેરકાયદે પરિવહન કરનારા રિક્ષાચાલકો સામે કાર્યવાહી

## રોડ પર પ્રવાહી ઢોળાતા અકસ્માતનું જોખમ વધતા ૪ શખ્સો સામે ગુનો નોંધ્યો

**અબતક, જયેશ પરમાર, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ બંદર રોડ પર માછલી અને દરિયાઈ જૈવિક કચરાનું અયોગ્ય રીતે પરિવહન કરનારા તત્વો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. એસ.ઓ.જી. શાખાએ ૪ રિક્ષાચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. બંદર વિસ્તારમાંથી પસાર થતી માછલી ભરેલી ખુલ્લી રિક્ષામાંથી ચીકણું પ્રવાહી રોડ પર ઢોળાતું હોવાને કારણે વાહનો સ્લીપ થવાના અને અકસ્માતના બનાવો વધ્યા છે. આ ઉપરાંત, ખુલ્લામાં કચરો લઈ જવાથી ફેલાતી અસહ્ય દુર્ગંધને કારણે રાહદારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આ ગંભીર બાબતે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાની અમલવારી માટે પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજાએ ખાસ સૂચના આપી હતી.જેને પગલે એસ.ઓ.જી. ઈન્ચાર્જ પી.આઈ. ડી.એમ. કાગડા અને પી.એસ.આઈ. આર.એચ. સુવા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન ૪ રિક્ષાચાલકોને ઝડપી પાડ્યા હતા. જેમાં તોશીફ અબ્દુલભાઈ મુગલ, સાગર નારણભાઈ રાજગોર, પ્રવીણ છગનભાઈ દરી અને શૈલેષ ઈશ્વરભાઈ પરમાર સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે.પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, દરિયાઈ જીવો કે જૈવિક કચરાનું પરિવહન કરતી વખતે યોગ્ય પેકિંગ કરવું અને રોડ પર પ્રવાહી ન ઢોળાય તેની કાળજી રાખવી અનિવાર્ય છે.

# મોટા આંકડિયાની પરિણીતાને સાસરીયાના ત્રાસની રાવ

## ઘરકામના મુદ્દે મેણાટોણા, મારપીટ અને મારી નાખવાની ધમકી આપતા સાત સામે ફરીયાદ

**અબતક હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીના મોટા આંકડિયા ગામે પરિણીતાએ સાસરીયા પક્ષ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવાના આક્ષેપ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવતા સાત વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો છે. અમરેલીના મોટા આંકડિયા ગામના કૃષ્ણાબેન રેનીશભાઈ ગોહિલના લગ્ન ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અરવલ્લીના બાયડ ગામે થયા બાદ તા. ૮ જૂન ૨૦૨૫ સુધી બાયડ મુકામે સાસરીયા માં રહેતા હતા, તે દરમિયાન પતિ સહિત સાસરીયા પક્ષના સભ્યો દ્વારા અવારનવાર શંકા-કુશંકા રાખી ઘરકામ બાબતે મેણાટોણા મારવામાં આવતા હતા, તેમજ પતિએ અપશબ્દો બોલી ઢીકાપાટુનો મુઠ માર મારી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે પતિ રેનીશભાઈ ગોહિલ, સાસુ નેહાબેન ગોહિલ, સસરા પ્રકાશભાઈ ગોહિલ, દિયર આર્યનભાઈ ગોહિલ તેમજ દીપાલીબેન જેઠવા, રાજેશભાઈ જેઠવા અને ચિરાગભાઈ ગોહિલ વિરુદ્ધ ગઈ કાલે અમરેલી ખાતે ફરિયાદ નોંધાતાં મહિલા પોલીસે સાતેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અમરેલી: જેલમાં કેદીએ સિપાઈ પર કર્યો હુમલો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી ઓપન જેલના પાકા કેદી વાલજીભાઈ વેલજીભાઈ સાંગા દ્વારા દૂધ વિતરણનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. તે સમયે અમરેલીના કાર્તિક રાઠોડ નામના વ્યક્તિએ દૂધ આપવા બાબતે બોલાચાલી અને માથાકૂટ શરૂ કરી હતી. અને દૂધ પૂર્ણ થઈ ગયું હોવાથી બરણી ભરી શકાય તેમ ન હોવાનું જેલ સ્ટાફ દ્વારા સમજવામાં આવવા છતાં શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો, અને જેલના કલાર્ક રણજીતભાઈ તેમજ અન્ય સ્ટાફ સાથે ગેરવર્તન કર્યું હતું. આ દરમિયાન કેદીએ જેલ સિપાઈ ચંદ્રેશભાઈ એમ. વાળા સાથે ઝપાઝપી કરી અપશબ્દો બોલી પોતાના હાથમાં રહેલી સ્ટીલની બરણી વડે તેમના માથાના ભાગે મારતા તેમને ઈજા પહોંચાડી એટ્રોસિટી તથા મારામારીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી ઓપન જેલના કાર્યકારી અધિક્ષક એ.એન. પરમારે ફરિયાદ આપી છે તો સામે કાર્તિક રાઠોડે પણ ચંદ્રેશભાઈ વાળા ઉપર જ્ઞાતિ પ્રત્યે હરધુત કરી મારમારી ઈજા પહોંચાડયાની ફરિયાદ આપી છે. આ અંગે બંને પક્ષની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

# લખતરના ઓલક ગામે ભાઈના ઝઘડાની પરિવાર જાણ કરવા ગયેલા પ્રોઢ પર હુમલો

## ભાઈ સાથે માથાકૂટ કરી રહેલા શખ્સોના દાદાને રજૂઆત કરવા ગયેલા મુન્નાભાઈને હથિયાર વડે માર માર્યો

**અબતક, રાજકોટ**

લખતર તાલુકાના ઓલક ગામમાં ભાઈના ઝઘડાની ફરિયાદ કરવા ગયેલા પ્રોઢ પર બે શખ્સોએ હથિયાર વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. પ્રોઢને માથે શરીરે ઈજાઓ થતા તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, ઓલક ગામમાં રહેતા મુન્નાભાઈ ભીખાભાઈ કુમરાણીયા (ઉ.વ. ૪૨)ના મોટાભાઈ વિક્રમભાઈ સાથે ગામના જ મેહુલભાઈ અને કરણભાઈ નામના શખ્સો ગઈકાલે રાત્રે ૯:૦૦ વાગ્યાની આસપાસ કોઈ કારણોસર ઝઘડો કરી રહ્યા હતા. આ બાબતની શાંતિપૂર્વક પતાવટ કરવાના હેતુથી મુન્નાભાઈ કરણના ઘરે તેના દાદા રેવાભાઈ પાસે ફરિયાદ કરવા ગયા હતા. મુન્નાભાઈએ દાદાને વિનંતી કરી હતી કે, "તમારા પૌત્રોને સમજાવો કે તેઓ ખોટો ઝઘડો ન કરે." પોતાના દાદાને ફરિયાદ કરવા આવતા ઉશ્કેરાયેલા કરણ અને મેહુલે મુન્નાભાઈ પર પાછળથી હથિયાર વડે ત્રાટકી હુમલો કરી દીધો હતો. આ ઘટનામાં મુન્નાભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

લોહીલુહાણ હાલતમાં મુન્નાભાઈને તાત્કાલિક સારવાર માટે સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મુન્નાભાઈ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો દોડી ગયો હતો. મુન્નાભાઈના નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# ગોંડલના વૃદ્ધ સાથે સોલાર પેનલ ફિટ કરવાના નામે રૂ.૧.૬૬ લાખની ઠગાઈ

## ફેસબુક પર જાહેરાત જોઈ સોલાર ફિટ કરાવવા જતાં વૃદ્ધ ફસાયા : મહિલા એજન્ટે એડવાન્સ પૈસા ભરાવી મહિનાઓ સુધી બહાના બતાવ્યા

**અબતક, રાજકોટ**

ગોંડલમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ સાથે સોલાર પેનલ ફિટ કરાવવાના નામે રૂ. ૧.૬૬ લાખની છેતરપિંડી આચરી લેવાઈ હતી. ઘરે સોલાર પેનલ ફિટ કરાવવા લોન મેળવી વૃદ્ધે આપેલા નાણાં ઓળવી જનાર મહિલા સહીત આઠ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

ગોંડલના જેતપુર રોડ પર માલવિયાનગરમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ હસમુખભાઈ નારણભાઈ કોટડીયાએ આરોપી તરીકે મુસ્કાન પટેલ, ફઝલ દોશાણી, કાના બૈયડીયાવદરા, હિરેન લાઠીયા, ચેતન પાણખાણીયા, રાહુલ ભટ્ટ, રામજી લોધી અને અભય પરમારનું નામ આપતાં ગોંડલ સીટી બી ડિવિઝન પોલિસે બીએનએસની કલમ ૩૧૬(૫), ૬૧(૨) અને આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વૃદ્ધએ જણાવ્યું હતું કે, હું બિલીયાળા જી.આઈ.ડી.સી. મા વરદાઈ ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામા નોકરી કરૂ છુ. ગત તા.૨૦/૦૧/૨૦૨૫ ના થોડા દીવસ પહેલા હું ફેસબુક જોતો હતો. ત્યારે ઈન્ટીફાય સોલાર પ્રા.લીમીટેડ કંપનીની જાહેરાત જોયેલ હતી. તેમા એજન્ટનો કોન્ટેક નંબર ૯૬૬૪૫ ૦૨૩૮૮ લખેલ હોય જેથી મારે મારા ઘર ઉપર સોલાર પેનલ લગાવવી હોય મે એજન્ટના ફોન નંબર ઉપર કોલ કરેલ હતો. ત્યારે સામેથી એક મહિલાએ પોતાની ઓળખ મુસ્કાન પટેલ તરીકે આપી હતી. મહિલા સાથે મે સોલાર નખાવવા બાબતે અને ઈન્ટીફાય સોલાર કંપની વીશે જાણવા બાબતે વાત કરેલ હતી. તેમણે મને ઈન્ટીફાઈ સોલાર કંપની સોલાર પેનલ લગાવવા માટે ખુબજ જાણીતી અને વીશ્વાસપાત્ર કંપની છે, અમારૂ સોલારનુ મટીરીયલ ખુબ જ સારી ગુણવત્તાવાળુ અને વધુ વીજ ઉત્પન્ન કરવા વાળુ છે અને વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવુ જણાવેલ હતું. જેથી મે મારા ઘર ઉપર ત્રણ કે.વી. નુ સોલાર લગાવવુ છે તેવુ કહેતા તેમણે મારી પાસે મારા ઘરનું એડ્રેસ લઈ કહેલ કે અમારી કંપનીનો માણસ એક બે દીવસમા સર્વે કરવા આવશે.

બે દીવસ પછી ઈન્ટીફાય કંપનીનો કોઈ માણસ અમારે ત્યાં સર્વે કરવા આવેલ અને સર્વે કરી મને કહેલ કે, આગળની કાર્યવાહી માટે તમે ઈન્ટીફાય કંપનીના માણસો સાથે વાત કરી લેજો. બાદ મે ફરી વખત મો. નં. ૯૬૬૪૫ ૦૨૩૮૮ ઉપર ફોન કરતા મુસ્કાન પટેલે કહેલ કે તમારે ૩.૫ કે.વી.ના સોલાર માટે રૂ. ૧,૬૬,૪૬૫ નો ખર્ચ થશે અને તમારે એડવાન્સ પૈસા ભરવા પડશે. વધુમાં તેણે કહેલ કે, તમારે પૈસા બાબતે કોઈ ચિંતા કરવાની રહેશે નહી કારણ કે અમારી કંપની ખુબ જ પ્રતીશ્ઠીત છે અને અમે અત્યારે હજારો ગ્રાહકોના સોલાર પેનલ ફીટ કરાવીએ છીએ, બધા પાસેથી એડવાન્સ રકમ જમા કરાવીએ છીએ, તમે એડવાન્સ ભરશો એટલે ૪૫ દીવસમા તમારા ઘરે સોલાર ફીટ થઈ જશે. બાદ મે એસ.બી.આઈ. બેંક- ગોંડલ શાખામા સોલાર માટે લોન મુકતા રૂ.૧.૪૯ લાખની લોન પાસ થતા તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ પ્રથમ રૂ. ૧.૪૯ લાખ બાદ રૂ.૧૭,૪૬૫ મુસ્કાન પટેલે આપેલ ઈન્ટીફાય કંપનીના બેંક એકાઉન્ટમા ટ્રાન્સફર કરેલ હતા.

બાદ ૪૫ દિવસ સુધી સોલાર ફીટ કરવા કોઈ નહિ આવતા મે ફરી વખત મુસ્કાન પટેલ સાથે વાત કરતા તેણે જણાવેલ કે, અમારી પાસે ઘણા ઓર્ડર પેન્ડીંગ છે એટલે થોડી વાર લાગશે, આવતા મહીને સોલાર પેનલ ફિટ થઈ જશે. બાદ બે-ત્રણ મહિના પસાર થઈ જતાં ફરી મુસ્કાન પટેલ સાથે વાત કરતા તેણે કહેલ કે, અત્યારે અમારી પાસે સોલાર પેનલ હાજરમાં નથી, કંપનીમાથી આવતી નથી એટલે થોડો સમય લાગશે. પાંચેક મહીના બાદ મેં મુસ્કાન પટેલને કહેલ કે, તમારા શેઠનુ નામ તથા નંબર આપો મારે વાત કરવી છે. ત્યારે તેણે કહેલ કે અમારા શેઠનુ નામ કાનાભાઈ બૈયડીયાવદરા તથા હીરેનભાઈ લાઠીયા છે અને તેઓ ગાંધીનગર હોય છે, અહીં મીટીંગ હોય તો જ આવે છે અને તેમનો નંબર મારી પાસે નથી પરંતુ અમારા મેનેજરનો નંબર આપુ છુ તેમની સાથે વાત કરો તેમ કહી મને ફજલ દોશાણીનો મોબાઈલ નંબર આપેલ હતો. જેથી મે ફજલ દોશાણી સાથે ફોનમા વાત કરતા તેણે પણ મને જુદાજુદા બહાના બતાવવાનુ ચાલુ કરેલ હતું. જેથી મારી સાથે વિશ્વાસઘાત થયાનુ મને જણાતા મે કંપની વીશે વધુ માહીતી એકઠી કરવાનુ શરૂ કરતા મને જાણવા મળેલ કે, ઈન્ટીફાય કંપનીના માલીક કાનાભાઈ બૈયડીયાવદરા તથા હીરેનભાઈ લાઠીયા છે અને તેમની સાથે કંપનીમા જોડાયેલા અને મારી સાથે ફોનમાં વાત કરતા મુસ્કાન પટેલ, ફજલ દોશાણી, ચેતનભાઈ પાણખાણીયા, રાહુલભાઈ ભટ્ટ, રામજી લોધી તથા અભયભાઈ પરમાર ભેગા મળી ઈન્ટીફાય સોલાર કંપનીના નામે મારી સાથે વિશ્વાસઘાત કરી મારી પાસે થી રૂ.૧,૬૬,૪૬૫ એડવાન્સ પેમેન્ટ જમા કરાવી ઓળવી ગયેલ છે.

## લોન મેળવી નાણાં ભરનાર વૃદ્ધની ફરિયાદ પરથી મહિલા સહીત આઠ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાયો

# થાન: સસલાનો શિકાર કરતા બે શિકારી સીસીટીવીમાં કેદ

## વન વિભાગે બેલડીને ઝડપી લીધા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન ખાતે વન વિસ્તારમાં આવેલ કંડોળીયા હનુમાનજી મંદિર સહિત આસપાસના ખારો વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે શિકારીઓ દ્વારા પશુઓનો શિકાર કરવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેને ધ્યાને લઈને તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં મંદિરના સીસીટીવીમાં શિકારીઓ દ્વારા સસલાનો શિકાર કરતા હોવાનું માલૂમ પડયું હતું આથી મંદિરના સેવાભાવી લોકો દ્વારા આ અંગે થાન વન વિભાગને જાણ કરતા શિકાર કરનાર બન્ને શખ્સો ગોપાલ ભૂપતભાઈ ઝાલા અને વિશાલભાઈ જગદીશભાઈ મકવાણા ઝડપી પાડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ગીર ગઢડામાં અઢી, ઉનામાં અર્ધો ઈંચઃ આજથી વાતાવરણ ચોખ્ખુ થશે

## સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં આજથી ગરમીનું જોર વધશેઃ સવારના સમયે વાતાવરણમાં ઠંડકઃ વિજળી પડતા ભેંસનું મોત ત્રણ મહિલાઓ દાઝી

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે રાજયમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગુરુવારે ૧૨૧ તાલુકાઓમાં વરસાદ ડયા બાદ શુક્રવારે માવઠાનું જોર ઘટયું હતું. ગઈકાલે માત્ર બે તાલુકામાં કમોસમી વરસાદ પડયો હતો. ગીર ગઢડામાં જાણે ચોમાસુ બેઠુ હોય તેમ અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો જયારે ઉનાના અર્ધા ઈંચ પાણી પડયું હતું. આજથી માવઠાનું જોર ઘટી જશે. વાતાવરણ ચોખ્ખુ થઈ જશે ગરમીનું જોર વધશે.

ગીર વિસ્તારમાં અચાનક વાતાવરણ પલટો, ખેડૂતો ચિંતામાં ગીર ગઢડાના ખીલાવડ ધોકડવા બેડીયા સહિત ગીર વિસ્તારમાં કમોસમી વરસાદ પડયો હતો.

ખેડૂતોમાં દોડધામ મચી ગઈ હતી.

બાગાયતી પાકને લઈને ખેડૂતોમાં ચિંતા વધી ગઈ છે. આ વર્ષે કેસર કેરીમાં પણ ભારે નુકસાની થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ભારે પવનના કારણે ઘણી જગ્યાએ કેરી જમીન પર પડી ગઈ છે.

જેના કારણે કેરીની ગુણવત્તા પર અસર પડશે અને કેરી ખાટી થવાની શકયતા પણ વધી ગઈ છે.હજુ સુધી શિયાળાની અસર અને અગાઉના નુકસાનમાંથી ખેડૂત બહાર આવી શક્યા નથી, ત્યારે ઉનાળામાં પણ વરસાદની દહેશત ખેડૂતોને ચિંતામાં મૂકી રહી છે.



કમોસમી વરસાદ અને વાવાઝોડાએ કેરીની મીઠાશ બગાડી

ખેડૂતોના મુખ્ય પાક જેમ કે ચણા, ઘઉં, બાજરી, તલ, જુવાર અને મકાઈ પર પણ આ બદલાયેલા વાતાવરણની અસર થવાની શક્યતા છે.

કમોસમી વરસાદ સાથે ભારે પવનથી ભડેશ્વર મંદિરના પતરા ઉડ્યા હતા.

ભારે પવનના ઝોકામાં મંદિરના પતરા ઉડી ગયા હતા, જેના કારણે મંદિર પરિસરમાં નુકસાન થયું છે. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

ઉના અડધો ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે ગ્રામ્ય વિસ્તારોમાં સામતેર , સનખડા , ભાચા , કંસારી, અંજાર, દેલવાડા, નવાબંદર, સિમર, સૈયદ રાજપરા, કેસરિયા, વાસોજ , વિગેરે ગામો માં એક થી દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે પવન સાથે વરસાદ વરસતા આંબાના ના ઝાડ ઉપર રહેલ કેસર કેરી ખરી ગઈ છે. કેરી ના પાક ને મોટું નુકશાન થયું છે. તેમજ ખેતર માં વાવેલ ઘઉં, ડુંગળી, ઉનાળુ બાજરી, તલ, અડદ, કેળા ના પાક ને પણ ભારે નુકશાન થયું છે. ખેડૂત ના મોઢે આવેલ કોળિયો ઝૂંટવાઈ ગયો છે. ખેડૂત ચિંતા માં મુકાઈ ગયો છે.

ગીર ગઢડા શહેર અને તાલુકા ના ગામો ઝાંખિયા, બાબરીયા, ભાખા , થોરડી, જામવાળા, કોદીયા , ફાટસર, ઈટવાયા, દ્રોણ, જુડ વડલી, વડવિયાળા, ખાપટ, જરગલી, સનવાવ, ઉમેદ પરા, હરમડીયા, વિગેરે ગામો પણ ભારે પવન સાથે વરસાદ એક થી અઢી ઈંચ વરસાદ વરસ્યો ના અહેવાલ મળ્યા છે. તેમજ ખેતર માં ખેતીના પાક અને બાગાયત પાક

(અનુ. આઠમા પાને)

હાશ... ટાટા પાવરનો છૂટકારો કરતી ‘‘સરકાર’’

# મુંદ્રા સ્થિત ૫ રાજ્યોને વીજળી પૂરી પાડતો ટાટા પ્લાન્ટ કાર્યરત થશે

## ઉનાળામાં વીજળી મોંઘા ભાવે બહારથી ખરીદવી પડતી હતી, તેના બદલે હવે રાજ્યમાં જ સસ્તી વીજળી ઉત્પન્ન થશે

**અબતક, દિલ્હી**

છેલ્લા ૨૭૦ દિવસથી જે પાવર પ્લાન્ટના યુનિટો બંધ પડ્યા હતા, જેના કારણે કંપનીને દરરોજ કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવું પડતું હતું, તે મડાગાંઠનો હવે અંત આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા પૂરક કરારને મંજૂરી મળતા જ ટાટા પાવરને માત્ર આર્થિક નુકસાનીમાંથી જ નહીં, પણ વર્ષો જૂની કાનૂની અને વહીવટી ગૂંચવણોમાંથી પણ મોટો ’છૂટકારો’ મળ્યો છે.

૯ મહિના સુધી પ્લાન્ટ બંધ રહેવાને કારણે કંપનીને જાળવણી ખર્ચ અને વ્યાજના કારણે અબજો રૂપિયાનું ભારણ હતું. સરકારે મધ્યસ્થી કરીને વીજ દર નક્કી કરવાની નવી ફોર્મ્યુલા આપી, જેનાથી કંપનીને હવે ઘરના ખર્ચે વીજળી વેચવી નહીં પડે. ઉનાળામાં વીજળી મોંઘા ભાવે બહારથી ખરીદવી પડતી હતી, તેના બદલે હવે રાજ્યમાં જ સસ્તી વીજળી ઉત્પન્ન થશે.

છેલ્લા ઘણા સમયથી જે પ્રોજેક્ટ પર સૌની નજર હતી, તે ગુજરાત સરકારે ટાટા પાવર સાથે પૂરક પાવર પરચેઝ એગ્રીમેન્ટને લીલી ઝંડી આપી દીધી છે. આ નિર્ણયને કારણે કચ્છના મુંદ્રામાં આવેલો ૪,૦૦૦ મેગાવોટનો વિશાળ પાવર પ્લાન્ટ આવતા અઠવાડિયાથી ફરી શરૂ થઈ શકે છે. ટાટા પાવર અને ગુજરાત સરકાર વચ્ચે જૂના કરારમાં સુધારા કરવામાં આવ્યા છે.



હવે નવા નિયમો મુજબ વીજળીના ભાવ નક્કી થશે.

ટાટા પાવરને પણ હવે કોલસાના બદલાતા ભાવ સામે રક્ષણ મળશે. ટાટા પાવર જેવી મોટી કંપનીનો પ્લાન્ટ ફરી શરૂ થવો એ રાજ્યના ઉદ્યોગો અને સ્ટોક માર્કેટ માટે પોઝિટિવ સમાચાર છે. આ કરારથી વીજળીનો પૂરવઠો સતત જળવાઈ રહેશે, જે સામાન્ય જનતા અને ખેડૂતો માટે જરૂરી છે.

### શા માટે અત્યાર સુધી મંજૂરી નહોતી મળતી?

મુંદ્રા પ્લાન્ટ સંપૂર્ણપણે ઈન્ડોનેશિયાથી આવતા આયાતી કોલસા પર નિર્ભર છે. ૨૦૧૧માં ઈન્ડોનેશિયા સરકારે તેના કોલસાના ભાવ આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડી દીધા, જેના કારણે કોલસો ઘણો મોંઘો થઈ ગયો. ટાટા પાવરે ૨૦૦૭માં જે કરાર કર્યો હતો તેમાં વીજળીના ભાવ ફિક્સ હતા. કોલસાના ભાવ વધ્યા છતાં કંપની ગ્રાહક રાજ્યો પાસેથી વધુ પૈસા વસૂલી શકતી નહોતી. પરિણામે ટાટા પાવરને દરેક યુનિટ દીઠ મોટું નુકસાન થવા લાગ્યું. ટાટા પાવરે નુકસાન ભરપાઈ કરવા માટે વધારાના ભાવની માંગ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનમાં આ મામલો લાંબો સમય ચાલ્યો. રાજ્યો વધારાના ભાવ આપવા તૈયાર નહોતા કારણ કે તેનાથી જનતા પર બોજ વધે તેમ હતો. હાલમાં ઉનાળાની સિઝન નજીક હોવાથી વીજળીની ભારે અછત સર્જાય તેવી શક્યતા છે. આથી, ગુજરાત સરકારે મધ્યસ્થી કરી અને પૂરક કરાર મંજૂરી આપી.

# સૌરાષ્ટ્રના ૩૧ સહિત રાજયના ૮૦ નાયબ મામલતદારોની બદલી

## રાજકોટના દિગ્વીજયસિંહ પી. ડોડીયા અને બલવંતકુમાર જે ડાભીની બોટાદમાં બદલી

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના ૩૧ સહિત ૮૦ નાયબ મામલતદારોની જિલ્લા ફેર બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત મહેસુલ કારકુન અને મહેસુલી તલાટીને નાયબ મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.

પોરબંદરના નાયબ મામલતદાર કે.બી. રાવલની છોટા ઉદેપુરમાં, જામનગરના રશ્મીકાંત ચૌહાણની અમદાવાદમાં, દેવભૂમિ દ્વારકાના વી.સી. મોલાડીયાની બોટાદમાં દેવભૂમિ દ્વારકાના પુજાબેન બેલાણીની અમદાવાદમાં, પોરબંદરના નિકુંજ હાડીયાની ડાંગ ખાતે, દેવભૂમિ દ્વારકાના નરેશભાઈ વંકરની નર્મદા જિલ્લામાં, દેવભૂમિ દ્વારકામાં વિક્રમસિંહ ગોહિલની ગાંધીનગર ખાતે પોરબંદરના નાયબ મામલતદાર એ.આર. કુમારની ભરુચ જિલ્લા ખાતે બદલી કરવામાં આવી છે.

રાજકોટના નાયબ મામલતદાર દિગ્વીજયસિંહ પી. ડોડીયાની બોટાદ ખાતે, જુનાગઢના કિંજલ વી. મકવાણાની અમદાવાદ ખાતે, રાજકોટના બલવંતકુમાર જે. ડાભીની બોટાદ ખાતે, બોટાદના કે.સી. ચૌહાણની અમદાવાદ ખાતે,

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાંધણગેસ માટે લાઈન લગાવવાની જરૂર નથી

## મોબાઈલના એક ક્લિકથી ઘરે આવશે સિલિન્ડર, વોટ્સએપ, મિસ્ડકોલ, એસએમએસ, ઓનલાઈન બુકિંગ અને સ્માર્ટફોન એપથી બુકિંગ થશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના દિશાનિર્દેશનમાં રાજ્યમાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર દ્વારા તે અંગે કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી છે. ગેસ એન્જસીઓ તરફથી એલપીજી સિલિન્ડરની યોગ્ય આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ દેખરેખ રાખવામાં આવી રહી છે અને નાગરિકોએ તેમના સિલિન્ડર માટે એજન્સીએ જઈને લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા નાગરિકોને તેમના ઘરે જ સરળતાથી સિલિન્ડર મળી રહે તે માટે ટેક્નોલોજીના ઉપયોગથી પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

નાગરિકોને મોબાઈલના એક ક્લિકથી જ સિલિન્ડર મળી રહે તે માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે. બુકિંગ અને રિફીલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કોલ, એસએમએસ બુકિંગ, સ્માર્ટફોન એપ્લિકેશન અને કંપનીના સત્તાવાર પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે. તે સિવાય પાર્ટનર વોલેટ અને બેન્કિંગ એપની મદદથી

(અનુ. આઠમા પાને)

# યુસીસીનો અમદાવાદમાં વિરોધ

## ઈદની નમાજ અદા કર્યા બાદ જામા મસ્જીદની બહાર એઆઈએમઆઈએમના કાર્યકરોએ પ્લે કાર્ડ બતાવી વિરોધ કર્યો

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં હવે ટુંક સમયમાં યુનિફોર્મ સિવીલ કોર્ડ લાગુ કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે. આવતા સપ્તાહે વિધાનસભા ગૃહમાં યુસીસી બીલ મૂકવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. જેની સામે વિરોધ શરુ થઈ ગયો છે.આજે રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં જામા મસ્જીદ ખાતે આજે સવારે ઈદની વિશેષ નમાજ અદા કર્યા બાદ મસ્જીદની બહાર એઆઈએમઆઈએમના કાર્યકરો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. હાથમાં યુસીસીનો વિરોધ કરતા પ્લે બોર્ડ દેખાડવા હતા. મસ્જીદની બહાર બંદોબસ્ત માટે હાજર રહેલા પોલીસ કર્મચારીઓ દ્વારા એઆઈએમઆઈએમના કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી. યુસીસી બીલનો વિરોધ રાજયના અન્ય કોઈ શહેર સુધી ન પહોચે તે માટે સરકાર સજજ બની ગઈ છે. યુસીસી માટે રચાયેલી કમિટીએ રાજય સરકારને આખરી અહેવાલ રિપોર્ટ સુપરત કર્યા બાદ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગત બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં યુસીસી બીલને બહાલી આપી દેવામાં આવી હતી. દરમિયાન આગામી ૨૪મી માર્ચના રોજ આ બીલ ગૃહમાં રજુ કરી દેવામાં આવશે.

